सुविचार

**સુવિચાર**

જીવન તમને હંમેશા બીજો મોકો જરૂર આપે છે,જેને આપણે ઉગતી સવાર તરીકે ઓળખીયે છીએ!


# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-194 ■ DATE : 25-5-2025 ■ SUNDAY ■ Page-10 ■ વૈશાખ વદ ૧૩, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001


સાપ્તાહિક પૂર્તિ સપ્તરંગ

જિંદગીના ઘૂઘવતા દરિયાની આરપાર

# ટ્રમ્પની 25 ટકા ટેરિફની ધમકી છતાં એપલ ભારતમાં આઈફોન બનાવશે

## કર્ણાટકમાં 23,139 કરોડના પ્લાન્ટનું વિસ્તરણ એપલે તેજ કર્યુ

**સમય મિરર । નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓ છતાં, એપલ ભારતમાં આઇફોનનું ઉત્પાદન ચાલુ રાખશે. CNNના અહેવાલો અનુસાર, કંપનીને ભારતમાં આઇફોન ઉત્પાદનોથી ઘણો ફાયદો થશે. એટલા માટે કંપની કોઈપણ રાજકીય દબાણ હેઠળ કોઈ નિર્ણય લેશે નહીં.

આ બાબતથી વાકેફ એક ટોચના સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે તેમને વિશ્વાસ છે કે ટ્રમ્પ વહીવટીતંત્રના કોઈપણ દબાણ છતાં એપલ નફાને પ્રાથમિકતા આપશે. અહેવાલો અનુસાર, કંપની ભારતમાં ઉપલબ્ધ પ્રતિભા અને અહીં વ્યવસાય માટે ઉપલબ્ધ સુવિધાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.



ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે, અમેરિકામાં વેચાતા આઇફોનનું ઉત્પાદન ભારત કે અન્ય કોઈ દેશમાં નહીં પણ અમેરિકામાં થવું જોઈએ. તેમણે એપલના CEO ટિમ કૂકને કહ્યું છે કે જો એપલ અમેરિકામાં આઈફોનનું ઉત્પાદન નહીં કરે તો કંપની પર ઓછામાં ઓછા ૨૫% ટેરિફ લાદવામાં આવશે.

હાલમાં, એપલ અમેરિકામાં સ્માર્ટફોનનું ઉત્પાદન કરતું નથી. જ્યારે મોટાભાગના iPhones ચીનમાં બને છે, ત્યારે ભારત હવે એપલના કુલ ઉત્પાદનમાં લગભગ ૧૫% હિસ્સો ધરાવે છે, જે વાર્ષિક આશરે ૪૦ મિલિયન યુનિટ છે.

તે જ સમયે, એપલના CEO ટિમ કૂકે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે યુએસ માર્કેટમાં વેચાતા ૫૦% આઇફોન ભારતમાં બનાવવામાં આવી રહ્યા છે. કુકે જણાવ્યું હતું કે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ભારત અમેરિકામાં વેચાતા આઇફોનનો મૂળ દેશ બનશે. તેમણે કહ્યું કે એરપોડ્સ, એપલ વોચ જેવા અન્ય ઉત્પાદનો પણ મોટાભાગે વિયેતનામમાં બનાવવામાં આવી રહ્યા છે.

એપલ ચીન પરની તેની નિર્ભરતા ઘટાડવા માગે છે. ભૂ-રાજકીય તણાવ, વેપાર વિવાદ અને કોવિડ-૧૯ લોકડાઉન જેવી સમસ્યાઓને કારણે, કંપનીને લાગ્યું કે એક ક્ષેત્ર પર વધુ પડતું નિર્ભર રહેવું યોગ્ય નથી. આ સંદર્ભમાં, ભારત એપલ માટે ઓછા જોખમવાળો વિકલ્પ સાબિત થઈ રહ્યું છે.

સરકારી પ્રોત્સાહનોઃ ભારતની મેક ઇન ઇન્ડિયા પહેલ અને પ્રોડક્શન લિંક્ડ ઇનિશિયેટિવ (PLI) યોજનાઓ સ્થાનિક ઉત્પાદન વધારવા માટે કંપનીઓને નાણાકીય સહાય પૂરી પાડે છે. આ નીતિઓએ ફોક્સકોન અને ટાટા જેવા એપલના ભાગીદારોને ભારતમાં વધુ રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે.

ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા સ્માર્ટફોન બજારોમાંનું એક છે. સ્થાનિક ઉત્પાદન એપલને આ માગને વધુ સારી રીતે પૂર્ણ કરવામાં મદદ કરે છે, તેમજ તેનો બજાર હિસ્સો વધારવામાં પણ મદદ કરે છે, જે હાલમાં લગભગ ૬-૭% છે.

એપલ ભારતમાં બનેલા તેના ૭૦% આઇફોનની નિકાસ કરે છે, જે ચીનની તુલનામાં ભારતના ઓછા આયાત ટેરિફનો લાભ આપે છે. ૨૦૨૪માં ભારતમાંથી આઇફોન નિકાસ ૧૨.૮ બિલિયન (લગભગ ₹૧,૦૯,૬૫૫ કરોડ) સુધી પહોંચી ગઈ. આવનારા સમયમાં તેમાં વધુ વધારો થવાની ધારણા છે.

ભારતનું શ્રમબળ અનુભવની દૃષ્ટિએ ચીન કરતા પાછળ છે, પરંતુ આમાં નોંધપાત્ર સુધારો થઈ રહ્યો છે. ફોક્સકોન જેવા એપલના ભાગીદારો ઉત્પાદન જરૂરિયાતોને પહોંચી વળવા માટે કામદારોને તાલીમ આપી રહ્યા છે અને કર્ણાટકમાં ૨.૭ બિલિયન (₹૨૩,૧૩૯ કરોડ)ના પ્લાન્ટનું વિસ્તરણ કરી રહ્યા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નથી ઈચ્છતા કે એપલના ઉત્પાદનો ભારતમાં બનાવવામાં આવે. ગયા અઠવાડિયે ટ્રમ્પે કંપનીના CEO ટિમ કૂકને કહ્યું હતું કે ભારતમાં ફેક્ટરીઓ સ્થાપવાની કોઈ જરૂર નથી. ભારત પોતાનું ધ્યાન રાખી શકે છે.

ટ્રમ્પે ગુરુવારે (૧૫ મે) કતારની રાજધાની દોહામાં બિઝનેસ લીડર્સ સાથેના એક કાર્યક્રમ દરમિયાન એપલના CEO સાથેની આ વાતચીત વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે એપલે હવે અમેરિકામાં ઉત્પાદન વધારવું પડશે.

આમ છતાં, એપલની સૌથી મોટી કોન્ટ્રાક્ટ ઉત્પાદક ફોક્સકોને ભારતમાં ૧.૪૯ બિલિયન (લગભગ ₹૧૨,૭૦૦ કરોડ)નું રોકાણ કર્યું છે. ફોક્સકોને તેના સિંગાપોર યુનિટ દ્વારા છેલ્લા ૫ દિવસમાં તમિલનાડુની યુઝાન ટેકનોલોજી (ઇન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડમાં આ રોકાણ કર્યું છે.

## ટોક્યોમાં TMC સાંસદ બેનર્જીનું તડને ફડ

# આતંકવાદ પાગલ કૂતરા જેવો-જેને પાકિસ્તાન પાળે છે

## ઓપરેશન સિંદૂર હુમલાનો બદલો નહીં સ્વાભિમાનની લડાઈ છે

**સમય મિરર । નવી દિલ્હી**

ભારત આતંકવાદને પોષનાર પાકિસ્તાનનો ચહેરો દુનિયાને બતાવવા કવાયત હાથ ધરી છે. પાકિસ્તાન આતંકવાદનો જન્મ દાતા છે તે ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ સાબિત કર્યું છે. ભારતના ઓપરેશન સિંદૂર અને આતંકવાદના આકા પાકિસ્તાનની વાસ્તવિકતા બતાવવા ભારતનું સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ જુદા-જુદા દેશોના પ્રવાસ પર છે. ટોક્યો પહોંચેલા ટીએમસી સાંસદ અભિષેક બેનર્જીએ આતંકવાદની તુલના પાગલ કૂતરા સાથે કરીને પાકિસ્તાનના તેની ઓકાત બતાવી .

ટીએમસી સાંસદ અભિષેક બેનર્જીએ ટોકયોમાં કહ્યું કે હું ભારતની રાજનીતિમાં વિરોધ પક્ષનો નેતા છું. મારી હાજરી બતાવે છે કે આતંકવાદ અને રાષ્ટ્રહિતમાં તમામ પક્ષો એકસાથે છે. વધુમાં તેમણે કહ્યું કે અમે અહીં સંદેશ આપવા આવ્યા છીએ કે ભારત આતંકવાદ સામે ઝૂકશે નહીં. અમે કહીએ છીએ કે પાકિસ્તાનને તે ભાષામાં સમજાવવું જોઈએ જે તે સમજે છે. ભારત એક જવાબદાર દેશ છે. અમે જે પણ પગલાં લીધાં છે, તે એક જવાબદાર દેશ તરીકે લીધાં છે. અમે કોઈ ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી નથી પરંતુ ફક્ત આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો છે.

વધુમાં તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂરે ભારતની તાકત જોઈએ છે. ઓપરેશ સિંદૂર એ પહલગામ આતંકી હુમલાનો બદલો નહી પરંતુ સ્વાભિમાનની લડાઈ છે. આજે દુનિયામાં ખતરનાક શસ્ત્રો કરતાં પણ આંતકવાદ સૌથી મોટો ખતરો છે. માસૂમ નાગરિકોની નિર્દપણે હત્યા કરનાર આતંકવાદીઓને જડબાતોડ જવાબ મળવો જોઈએ અને ફરી આવા આતંકીઓ લોકો પર હુમલો કરવાની હિમંત ના કરે તે જરૂરી છે. જેડીયુ નેતાએ કહ્યું કે, સરકારે નક્કી કર્યું કે અલગથી જઈને કહેવું જરૂરી છે કે ત્યાંની સરકાર અને સેના આ બધા કામમાં સામેલ છે. આપણે અને દુનિયા તટસ્થ રહી શકતા નથી. અમે સંદેશ આપ્યો છે કે જો તે અમારા પર હુમલો કરશે, તો અમે અમારા ઘરમાં ઘૂસીને તેને મારી નાખીશું. આપણે શાંતિથી નહીં બેસીએ. પાકિસ્તાને સમજવું જોઈએ કે ભારત વિશે પણ કંઈ કહી શકાય નહીં. જો તે કંઈ કરશે, તો અમે અંદર ઘૂસીને તેને મારી નાખીશું.

સંજય કુમાર ઝાએ કહ્યું, અમે એવા ફોટોગ્રાફ્સ બતાવ્યા કે પાકિસ્તાની સૈન્ય અધિકારીઓ આતંકવાદીઓના અંતિમ સંસ્કારમાં હાજરી આપી રહ્યા હતા. તમે પાકિસ્તાનની હાલત જાણો છો. તે દેશમાં કંઈ બચ્યું નથી. તમારે તેમના આર્મી ચીફનું નિવેદન સાંભળવું જોઈએ. પહેલગામ હુમલાના એક અઠવાડિયા પહેલા તે કેવા પ્રકારની વાતો કરે છે? તે ભારત વિરુદ્ધ નફરતભર્યું ભાષણ આપી રહ્યો હતો. સરકાર અને લોકો ઇચ્છે છે કે હવે બસ, બસ. હવે દરેક ક્રિયાનો સીધો જવાબ આપવામાં આવશે.

## ટ્રમ્પનો પુત્ર એરિક અને પાકિસ્તાનના ટોચના લશ્કરી કોન્ટ્રાક્ટરોની પણ કંપનીમાં ભાગીદારી

# પાકિસ્તાનના PM શરીફના પુત્ર શાહબાઝ સાથે ટ્રમ્પ ક્રિપ્ટો બિઝનેસમાં ઝંપલાવશે

**સમય મિરર । નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ક્રિપ્ટો બિઝનેસનો પડઘો હવે પાકિસ્તાન સુધી પહોંચ્યો છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાન હવે ટ્રમ્પ અને તેમના પરિવાર દ્વારા સમર્થિત ક્રિપ્ટો વ્યવસાયનું નવું સ્થળ બનવા જઈ રહ્યું છે. આ કંપનીની કમાન પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના પુત્ર સલમાન શાહબાઝના હાથમાં રહેશે.

આ સમગ્ર નેટવર્ક દુબઈ સ્થિત એક શંકાસ્પદ બ્લોકચેન ફર્મ, હાઈલેન્ડ સિસ્ટમ્સ દ્વારા સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. હાઈલેન્ડ સિસ્ટમ્સની મદદથી પાકિસ્તાન સરકાર બ્લોકચેન અને ક્રિપ્ટો માઈનિંગ ટેકનોલોજી વિકસાવશે. ટ્રમ્પના પુત્ર એરિક ટ્રમ્પ અને પાકિસ્તાનના ટોચના લશ્કરી કોન્ટ્રાક્ટરો પણ કંપનીમાં ભાગીદાર છે.

હકીકતમાં, ટ્રમ્પની નજીકના રોકાણકારો અને ક્રિપ્ટો લોબી પહેલાથી જ અમેરિકામાં કડક નિયમનથી નારાજ છે. આવી સ્થિતિમાં, તેઓ એવા દેશો શોધી રહ્યા છે જ્યાં નિયમો ઢીલા હોય અને સત્તા સાથે સીધો સંકલન હોય. આ સમયે પાકિસ્તાન એક ગઢ તરીકે ઉભરી આવ્યું છે.

આર્થિક અસ્થિરતા અને અમેરિકા સાથે સંબંધો સુધારવાની સરકારની તૈયારી જેવા પરિબળો ટ્રમ્પ કુળ માટે ક્રિપ્ટો હબ બનાવવા માટે પાકિસ્તાનને એક આદર્શ દેશ બનાવે છે. તમને જણાવી દઈએ કે શાહબાઝ સરકાર ક્રિપ્ટોને કાયદેસર ચલણ તરીકે માન્યતા આપવાની પણ યોજના બનાવી રહી છે. વડાપ્રધાન શાહબાઝના પુત્ર સલમાનના નેતૃત્વ હેઠળની SSE ટેક્નોલોજીસ, પાકિસ્તાનની સૌથી મોટી સોલાર પેનલ આયાતકાર છે. હવે આ કંપની હાઈલેન્ડ સિસ્ટમ્સ સાથે મળીને પાકિસ્તાનમાં ક્રિપ્ટો માઈનિંગ નેટવર્ક બનાવશે. હકીકતમાં, ક્રિપ્ટો માઈનિંગમાં સૌથી મોટો ખર્ચ વીજળીનો છે. આ સમસ્યાના ઉકેલ માટે, SSE ટેક્નોલોજીસને આ નેટવર્કનો મહત્વપૂર્ણ ભાગીદાર બનાવવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કંપની પાકિસ્તાનના સિંધ અને બલૂચિસ્તાનમાં સૌર ઉર્જા ફાર્મ સ્થાપશે, જેની વીજળીનો ઉપયોગ ખાણકામ કામગીરી ચલાવવા માટે કરવામાં આવશે. ક્રિપ્ટો અપનાવવાની બાબતમાં પાકિસ્તાન હાલાં વિશ્વમાં નવમા ક્રમે છે. ક્રિપ્ટો બ્લોકચેન અને માઈનિંગ ટેકનોલોજી વિકસાવવા માટે અમેરિકા સાથેના સોદા પછી વધુ વૃદ્ધિની શક્યતા છે.વર્લ્ડ લિબર્ટી ફાઈનાન્શિયલ (WLF)એ શાહબાઝ સરકાર દ્વારા રચાયેલી પાકિસ્તાન ક્રિપ્ટો કાઉન્સિલ (PKK) સાથે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પ પરિવાર WLFમાં ૬૦% હિસ્સો ધરાવે છે. ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા તેના થોડા મહિના પહેલા જ આ કંપની શરૂ કરવામાં આવી હતી. WLFએ માર્ચમાં USD1 નામનો સ્ટેબલકોઈન લોન્ચ કર્યો હતો, જેનું માર્કેટ કેપ ૧૮ બિલિયન સુધી પહોંચી ગયું છે. ટ્રમ્પ પોતે ઠક્રઋખાતે મુખ્ય ક્રિપ્ટો હિમાયતી છે. તેમના પુત્ર એરિક પણ આ ઉચ્ચ પદ સંભાળે છે. આ ઉપરાંત, ટ્રમ્પ પરિવારની કંપનીઓ પણ ટ્રમ્પ મેમેકોઈનના ૮૦% હિસ્સો ધરાવે છે, જેની કિંમત ૧ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

# પરમાણુ ઉર્જાનું ઉત્પાદન વધારવા ટ્રમ્પનો આદેશ આગામી 25 વર્ષમાં 300 ટકા વધારાનું લક્ષ્ય

## બંધ થયેલા પરમાણુ પ્લાન્ટ પુનઃ શરૂ કરાશે

**સમય મિરર । નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં પરમાણુ ઉર્જાનું ઉત્પાદન વધારવાનો આદેશ આપ્યો છે. તેમનો ધ્યેય આગામી ૨૫ વર્ષમાં તેને ૩૦૦% સુધી વધારવાનો છે. ટ્રમ્પે વ્હાઇટ હાઉસના ઓવલ ઓફિસમાં સંબંધિત આદેશ પર હસ્તાક્ષર કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે હવે પરમાણુ ઉર્જાનો સમય છે અને અમે તેનું મોટા પાયે ઉત્પાદન કરવા જઈ રહ્યા છીએ. ટ્રમ્પે કુલ ચાર આદેશો પર હસ્તાક્ષર કર્યા. આમાં પરમાણુ રિએક્ટર માટે મંજૂરી પ્રક્રિયા ઝડપી બનાવવા, પરમાણુ નિયમનકારી આયોગમાં સુધારો કરવા, ૪ જુલાઈ ૨૦૨૬ સુધીમાં ત્રણ રિએક્ટર કાર્યરત કરવા અને આ ટેકનોલોજીના ઔદ્યોગિક આધારમાં રોકાણ વધારવાનો સમાવેશ થાય છે. એપીના અહેવાલ મુજબ, ટ્રમ્પે પોતાના આદેશમાં ઉર્જા અને સંરક્ષણ વિભાગોને બંધ પરમાણુ પ્લાન્ટ ફરી શરૂ કરવા જણાવ્યું છે.



ઉપરાંત, ફેડરલ સરકારની જમીન પર નવા રિએક્ટર બનાવવાની શક્યતાઓ શોધવા માટે કહેવામાં આવ્યું છે. આમાં અમેરિકન લશ્કરી થાણાઓનો પણ સમાવેશ થશે. વીજળીના વપરાશની બાબતમાં અમેરિકા ચીન પછી બીજા ક્રમે છે. ૨૦૨૩માં યુનાઈટેડ સ્ટેટ્સમાં કુલ ૪૨૦૦ ટેરાવોટ-કલાક (TWh) વીજળીનો વપરાશ થયો. તેનો અર્થ એ કે દરરોજ સરેરાશ ૧૧.૫ TWh વીજળીનો વપરાશ થતો હતો. હાલમાં અમેરિકાની કુલ વીજળીનો ૧૯% ભાગ પરમાણુ ઉર્જામાંથી આવે છે. ૨૦૨૩માં આ ૭૭૫ TWh હતું. જો ટ્રમ્પની યોજના સફળ થશે, તો દેશની વીજળીનો એક તૃતીયાંશ ભાગ પરમાણુ ઉર્જામાંથી ઉત્પન્ન થશે. યુનાઈટેડ સ્ટેટ્સમાં કુલ ૯૪ સક્રિય પરમાણુ પાવર પ્લાન્ટ છે, જેમાં ૯૪ રિએક્ટર કાર્યરત છે. આમાંથી, ઇલિનોઇસ રાજ્યમાં સૌથી વધુ રિએક્ટર છે. તેમની સંખ્યા ૧૧ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, કુદરતી ગેસ અને નવીનીકરણીય ઉર્જા જેવા સસ્તા વિકલ્પોને કારણે કેટલાક રિએક્ટર બંધ કરવામાં આવ્યા છે. ટ્રમ્પ પર પરમાણુ નિયમનકારી આયોગ (NRC)ને નબળું પાડવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. ટ્રમ્પે પોતાના આદેશમાં NRCની ભૂમિકા મર્યાદિત કરી છે અને ઉર્જા સચિવને નવા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવાનો અધિકાર આપ્યો છે. બરાક ઓબામાના કાર્યકાળ દરમિયાન NRC ના વડા ગ્રેગરી જેક્ઝકોએ કહ્યું, આ એવું લાગે છે કે કોઈએ અંઈને પૂછ્યું કે યુએસ પરમાણુ નીતિ કેવી રીતે બગાડવી. NRCની કડક દેખરેખ નબળી પાડવાથી અકસ્માતોનું જોખમ વધી શકે છે.

# આતંકવાદીઓ અને નાગરિકો વચ્ચે ભેદ ન પારખી શકતું પાકિસ્તાન સુરક્ષાની વાત ન કરે

## સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે પાકિસ્તાનને ખખડાવ્યું

**સમય મિરર । નવી દિલ્હી**

આતંકવાદ અંગે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને કડક શબ્દોમાં ઠપકો આપ્યો. ભારતે કહ્યું કે પડોશી દેશ આતંકવાદનો આશ્રયદાતા છે અને તેણે નાગરિકોની હત્યા કરી છે. ઉપરાંત, ધાર્મિક સ્થળોને જાણી જોઈને નિશાન બનાવવામાં આવ્યા હતા. ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) માં પાકિસ્તાનના ''ઘોર દંભ'' વર્તનની ટીકા કરી, કહ્યું કે જે દેશ આતંકવાદીઓ અને નાગરિકો વચ્ચે કોઈ ભેદ પાડતો નથી તેને નાગરિકોની સુરક્ષા વિશે વાત કરવાનો કોઈ અધિકાર નથી.



ભારત સમક્ષ, સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના રાજદૂત, આસીમ ઈફ્તિખાર અહેમદે પોતાના ભાષણમાં કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના સંઘર્ષ વિશે વાત કરી. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પર્વથાનેની હરીશે શુક્રવારે કહ્યું, ''પાકિસ્તાની પ્રતિનિધિ દ્વારા અનેક મુદ્દાઓ પર કરવામાં આવેલા પાયાવિહોણા આરોપોનો જવાબ આપવા માટે હું મજબૂર છું.'' આવા દેશ દ્વારા પોતાના નાગરિકોની સુરક્ષા અંગેની ચર્ચામાં પણ ભાગ લેવો એ આંતરરાષ્ટ્રીય સમુદાયનું અપમાન છે.

આકરી પ્રતિક્રિયા આપતા હરીશે કહ્યું કે 'ભારતે દાયકાઓથી તેની સરહદો પર પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદી હુમલાઓનો સામનો કર્યો છે. આમાં મુંબઈ શહેર પરના ૨૬/૧૧ ના ભયાનક હુમલાથી લઈને એપ્રિલ ૨૦૨૫ માં પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓની ક્રૂર સામૂહિક હત્યાનો સમાવેશ થાય છે. 'પાકિસ્તાની આતંકવાદનો ભોગ બનેલા લોકો મુખ્યત્વે નાગરિકો છે કારણ કે તેનો ઉદ્દેશ્ય આપણી સમૃદ્ધિ, પ્રગતિ અને મનોબળ પર હુમલો કરવાનો રહ્યો છે.

હરીશે કહ્યું, 'આપણે સ્પષ્ટ રહેવું જોઈએ.' નાગરિકોના રક્ષણનો ઉપયોગ યુએન દ્વારા નિયુક્ત આતંકવાદીઓના રક્ષણ માટે દલીલ તરીકે ન થવો જોઈએ. આંતરરાષ્ટ્રીય સમુદાયે આતંકવાદ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવવી જોઈએ અને તેને પ્રાયોજિત કરનારા અને બચાવ કરનારાઓને બોલાવવા જોઈએ. હરીશે કહ્યું કે, કાઉન્સિલ અને આંતરરાષ્ટ્રીય સમુદાયે નાગરિકોના જીવન, ગૌરવ અને અધિકારો સહિત અસરકારક અને સમયસર રક્ષણ સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેવા જોઈએ.

## હાલ દેશમાં જંગલરાજ ચાલે છે અને જંગલમાં એક જ રાજા હોય છે : ઈમરાન ખાન

# પાક.ના પૂર્વ પી.એમ. ઈમરાનખાને આર્મી ચીફને કટાક્ષમાં રાજાનું બિરૂદ આપ્યું

**સમય મિરર । નવી દિલ્હી**

પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને આર્મી ચીફ અસીમ મુનીરના ફિલ્ડ માર્શલ બનવા પર કટાક્ષ કર્યો છે. ઈમરાને કહ્યુ છે કે મુનીરે પોતાને જ રાજાનું બિરુદ આપવું જોઈએ. જેલમાં રહેલા ઈમરાનનું આ નિવેદન તેના X પર પોસ્ટ કરવામાં આવ્યું છે. આમાં ઈમરાને લખ્યું છે,

માશાઅલ્લાહ, જનરલ અસીમ મુનીરને ફિલ્ડ માર્શલ બનાવવામાં આવ્યા છે. જોકે, તેમને રાજાનું બિરુદ આપવું વધુ સારું હોત - કારણ કે હાલમાં દેશમાં જંગલનો કાયદો ચાલે છે અને જંગલમાં ફક્ત એક જ રાજા હોય છે. ભારત-પાકિસ્તાન સંઘર્ષ પછી ૨૦ મેના રોજ જનરલ મુનીરને ફિલ્ડ માર્શલના હોદ્દા પર બઢતી આપવામાં આવી હતી. દેશના ઈતિહાસમાં આ પદ પર પહોંચનારા તેઓ બીજા આર્મી ચીફ છે.પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ આજે ૨૫ થી ૩૦ મે દરમિયાન તુર્કી, ઈરાન, અઝરબૈજાન અને તાજિકિસ્તાનની મુલાકાત લેશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, શરીફ આ દરમિયાન આ દેશો સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરશે અને ભારત સાથેના હાલના સંઘર્ષ દરમિયાન તેમની મદદ બદલ આભાર વ્યક્ત કરશે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે શરીફ ૨૯-૩૦ મેના રોજ તાજિકિસ્તાનની રાજધાની દુશાંબેમાં ગ્લેશિયર્સ પરના આંતરરાષ્ટ્રીય પરિષદમાં પણ હાજરી આપશે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટોએ શુક્રવારે વડાપ્રધાન શાહબાઝ શરીફને મળ્યા હતા. બિલાવલે શરીફ પાસેથી પાકિસ્તાનનો પક્ષ દુનિયા સમક્ષ કેવી રીતે રજૂ કરવો તે અંગે સલાહ માંગી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ બેઠકમાં સેનેટર શેરી રહેમાન અને ભૂતપૂર્વ વિદેશ મંત્રી હિના રબ્બાની ખાર પણ હાજર હતા.

# ઝારખંડમાં 10 લાખનો ઈનામી JJMPનો સુપ્રીમો સહિત બે નક્સલી ઠાર

**સમય મિરર । રાંચી**

ઝારખંડના લાતેહાર જિલ્લામાં આતંકનો આકા બની ગયેલો JJMP સુપ્રીમો પપ્પુ લોહારા સહિત બે નક્સલીઓ પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયા છે. કહેવાય છે કે શનિવારે સવારે લાતેહાર પોલીસ સ્ટેશન વિસ્તારના ઈચાબાર જંગલમાં પોલીસ અને નક્સલીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું.

આ અથડામણમાં, ઝારખંડ જનસંઘર્ષ મુક્તિ મોરચા (JJMP)નો સુપ્રીમો પપ્પુ લોહારા અને ૫ લાખનો ઈનામી નક્સલી સબ-ઝોનલ કમાન્ડર પ્રભાત ગંઝુ માર્યો ગયો છે. જ્યારે એક નક્સલવાદી ઘાયલ થયો હતો. જેને સારવાર માટે સદર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. જ્યારે સેટ વનનો જવાન ઘાયલ થયા છે. તેનું નામ અવધ સિંહ છે. ઘાયલ જવાનને સારવાર માટે રાંચીની રાજ હોસ્પિટલમાં એરલિફ્ટ કરવામાં આવ્યો છે.



મળતી માહિતી મુજબ, આ ઓપરેશન લાતેહાર એસપી કુમાર ગૌરવના નેતૃત્વમાં ચલાવવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં CRPF અને ઝારખંડ પોલીસની ટીમો સામેલ હતી. પોલીસને માહિતી મળી હતી કે પપ્પુ લોહારા તેના સાથીઓ સાથે મળીને ઈચાબાર જંગલમાં કોઈ મોટો ગુનો કરવાનો પ્લાન ઘડી રહ્યો હતો.

માહિતીના આધારે, પોલીસ અને સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન શરૂ કર્યુ. ઈચાબર જંગલમાં આતંકવાદીઓએ સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કરી દીધો. સુરક્ષા દળોએ વળતો જવાબ આપ્યો. આ એન્કાઉન્ટરમાં, ૧૦ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતો પપ્પુ લોહારા અને તેનો સાથી પ્રભાત લોહારા માર્યા ગયા.

વર્ષ ૨૦૧૮માં JJMP સુપ્રીમો ઝોનલ કમાન્ડર પપ્પુ લોહારાનો પોલીસ સાથેનો ફોટો જોવા મળ્યો હતો. માહિતી અનુસાર, તે સમયે પપ્પુ લોહારા નક્સલવાદીઓ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાનમાં પોલીસ અને સુરક્ષા દળોની મદદ કરી રહ્યો હતો. આ ફોટો વાયરલ થયા બાદ સુરક્ષા દળો પર પણ સવાલો ઉભા થયા હતા.

આ ફોટો વાયરલ થયા પછી, પોલીસ અને સુરક્ષા દળો પર માઓવાદીઓ વિરુદ્ધ JJMP નામનું સંગઠન બનાવવાનો અને સ્થાનિક લડવૈયાઓને શસ્ત્રો પૂરા પાડવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. પાછળથી આ જ સંગઠન પોલીસ માટે માથાનો દુખાવો બની ગયું હતું.

## ધ વર્લ્ડ એરાઉન્ડ



# ભારતીયોનાં પ્રવાસન દેશોની યાદીમાંથી તુર્કીયે અને અઝરબૈજાન આઉટ

**નવી દિલ્હી :** આતંકવાદીઓને પનાહ આપતા દેશ પાકિસ્તાનના સમર્થક તુર્કીય અને અઝરબૈજાનને પણ 'Operation sindoor' ની વ્યાપક અસર પડી છે. ખાસ કરીને ભારતે આ બંને દેશોનો બહિસકાર કર્યા બાદ તેના પ્રવાસનને ફટકો પડ્યો છે. પર્યટકોએ તુર્કીય અને અઝરબૈજાનને બદલે જ્યાં વિઝાની મુશ્કેલી ન હોય તેવા મુસ્લિમ દેશોમાં જવાનું આયોજન કરતાં હોવાનું જાણવા મળે છે. મધ્યમોના અહેવાલ મુજબ તુર્કી અને અઝરબૈજાને પાકિસ્તાનને ટેકો આપ્યો છે, ત્યારથી આ દેશો માટે વિઝા અરજીઓમાં ભારે ઘટાડો થયો છે. છેલ્લા ૧૦ વર્ષમાં આ ઘટાડો ૪૨ ટકા સુધી જોવા મળ્યો હતો. હવે ભારતીય પ્રવાસીઓની પહેલી પસંદગી તુર્કીયને બદલે ઈસ્લામિક દેશ ઈજિપ્ત બની ગયું છે, જ્યારે અઝરબૈજાનને બદલે લોકો આર્મેનિયા અને જ્યોર્જિયા તરફ વળી રહ્યા છે. કેટલાક લોકો એવા પણ છે જે કઝાકિસ્તાન જઈ રહ્યા છે.ઓપરેશન સિંદૂર દરમિયાન, ભારત અને પાકિસ્તાન વચ્ચે ૪ દિવસ સુધી સંઘર્ષ થયો. તુર્કીય અને અઝરબૈજાનએ ખુલ્લેઆમ પાકિસ્તાનને ટેકો આપ્યો. આ કારણે, ભારતના લોકોએ આ બંને દેશોનો બહિષ્કાર કર્યો. પ્રવાસીઓએ તેમની ટિકિટો રદ કરી અને ઉદ્યોગપતિઓએ ઝીસિયુ અને Azerbaijan સાથે વેપાર કરવાનો ઈનકાર કર્યો. હવે ભારતીય પર્યટકો કઝાકિસ્તાન, ઈજિપ્ત, જોર્ડન, જ્યોર્જિયા અને આર્મેનિયા જેવા દેશો પહેલી પસંદગી બની રહ્યા છે. કેટલાક લોકો ઈન્ડોનેશિયા, વિયેતનામ અને કંબોડિયા જેવા દેશો વિશે પણ પોતાની પસંદ ધરાવે છે.

# ઈલોન મસ્કની X સર્વિસ ફરી ઠપ્પ, ડેટા સલામતીને લઈને યુઝર્સની ચિંતા વધી

**નવી દિલ્હી :** આજે ફરી એક વખત એલન મસ્કની એક્સ સર્વિસિસ ઠપ્પ થવાથી યુઝર્સને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. ગઈકાલ રાત્રિના સમયથી એક્સ યુઝર્સ દ્વારા ફરિયાદ કરવામાં આવી કે વેબસાઈટની સેવામાં વિક્ષેપ થઈ રહ્યો છે. ફરી એક વખત સોશિયલ મીડિયામાં એક્સ પ્લેટફોર્મની સાઈટ ડાઉન થઈ છે. અને શનિવાર સવારથી પણ એક્સની હાલત બહુ સારી નથી. આ મામલે કંપની તરફથી માહિતી આપવામાં આવી કે ડેટા સેન્ટરમાં ટેકનિકલ ખામીને કારણે અનેક સેવાઓને અસર થઈ રહી છે. તેના કારણે એક્સ સર્વિસિસ હજુ પણ યોગ્ય રીતે કામ કરી રહી નથી. ઘણા વપરાશકર્તાઓએ ફરિયાદ કરી છે કે એક્સ પરના તેમના મેસેજીંગ ગાયબ થઈ ગયા છે તો કેટલાકે કહ્યું કે તેમના ઉપકરણોમાં આ સુવિધા ખુલી રહી નથી. અમુક વપરાશકર્તાઓ લોગિન અને સાઈન અપ કરી શકતા નથી. વધુ આશ્ર્ચર્યની વાત એ છે કે એક્સ પરની પ્રીમિયમ સેવાઓ પણ યોગ્ય રીતે કામ કરી રહી નથી. એક્સની એન્જિનિયરિંગ ટીમે કહ્યું કે તેઓ આ સમસ્યાને ઠીક કરવા માટે ૨૪ કલાક કામ કરી રહ્યા છે. આ કામગીરીમાં પણ તેમને હજુ સુધી કોઈ સફળતા મળી નથી. ટીમે કહ્યું છે કે ગઈકાલના ડેટા સેન્ટર આઉટેજને કારણે હજુ પણ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. થોડા જ સમયમાં આ સમસ્યાનો ઉકેલ મળે તેવા અમારા પ્રયાસ છે. મસ્કની કંપનીએ હજુ સુધી આ ડેટા સેન્ટરની નિષ્ફળતા પાછળનું સાચું કારણ સ્પષ્ટ કર્યું નથી. આનાથી વપરાશકર્તાઓની ખાનગી વાતચીત અને ડેટાની સલામતી અંગે પણ ચિંતાઓ વધી છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ મજાક અને મીમ્સ બનાવી રહ્યા છે અને વધુ પારદર્શિતાની માંગ કરી રહ્યા છે. મહત્વનું છે કે એલન મસ્કે ટવીટર પ્લેટફોર્મ પર વધુ યુઝર્સ જોડાય માટે ખાસ સુવિધા આપી હતી. તમારી માહિતીની પ્રાઈવસી રહશે. તેઓ પોતાના નિશ્ચિત વર્તુળોમાં માહિતી શેર કરી શકશે. આ માટે પ્રીમિયમ સુવિધા પણ શરૂ કરાઈ હતી.

# પાકિસ્તાનના ગોળીબારમાં મૃત્યુ પામેલા નાગરિકોના પરિવારોને મળવા રાહુલ ગાંધી પૂંછ પહોંચ્યા

**શ્રીનગર :** રાહુલ ગાંધી જમ્મુ-કાશ્મીરના પૂંછ પહોંચ્યા હતાં. તેઓ અહીં પાકિસ્તાની ગોળીબારમાં માર્યા ગયેલા લોકોના પરિવારોને મળી રહ્યા છે. તેમણે શાળાનાં બાળકો સાથે મુલાકાત કરી અને તેમને કહ્યું હતું કે હું તને ખૂબ પ્રેમ કરું છું. રાહુલે કહ્યું હતું કે બધું જલદી સારું થઈ જશે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે તમારે ખૂબ ભણવું પડશે અને મિત્રો બનાવવા પડશે. ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી રાહુલની આ બીજી મુલાકાત છે. આ પહેલાં તેઓ ૨૫ એપ્રિલે શ્રીનગર પહોંચ્યા હતા. અહીં તેઓ CM ઓમર અબ્દુલ્લા, LG મનોજ સિંહા અને ઘાયલોને મળ્યા હતા. ૨૨ એપ્રિલના રોજ બપોરે પહેલગામની બૈસરન ઘાટીમાં આતંકવાદીઓએ પ્રવાસીઓ પર ગોળીબાર કર્યો. આ હુમલામાં ૨૬ પ્રવાસી માર્યા ગયા હતા, ૧૦થી વધુ ઘાયલ થયા હતા. પાકિસ્તાનના ગોળીબાર, મિસાઈલ અને ડ્રોન હુમલામાં ૨૭ લોકો માર્યા ગયા અને ૭૦થી વધુ ઘાયલ થયા. રાહુલ ગાંધી આજે આ લોકોના પરિવારો સાથે મુલાકાત કરી. રાહુલ ગાંધી પહેલાં તૃણમૂલ કોંગ્રેસના ૫ સાંસદ ડેરેક ઓ'બ્રાયન, સાગરિકા ઘોષ, મોહમ્મદ નદીમુલ હક, પશ્ચિમ બંગાળના મંત્રી માનસ ભૂનિયા અને પૂર્વ સાંસદ મમતા ઠાકુર ૩ દિવસ માટે પૂંછ-રાજૌરીના પ્રવાસે હતા. અહીં તેઓ પાકિસ્તાની ગોળીબારથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ગયા અને ઘાયલો અને મૃતકોના પરિવારોને મળ્યા હતા.

## ઉતાવળે

- પાકિસ્તાનમાં કોરોનાનો કોહરામ : દર્દીઓથી હોસ્પિટલ ઉભરાઈ
- અમેરિકનોના લાખો ડોલર સાયબર ફ્રોડથી હડપ કરનારા અંગદસિંહ ચંદૌકને ભારત લવાયો : મની લોન્ડરીંગ કેસમાં સીબીઆઈની પ્રત્યાપર્ણની કાર્યવાહી સફળ
- અરબી સમુદ્રમાં ઉથલપાથલની અસર આજે વર્તાશે : ગોવામાં રેડ એલર્ટ
- અમેરિકાની પરિસ્થિતિથી કંટાળીને ૧૯૩૦ અમેરિકનોએ નાગરિકતા છોડી બ્રિટનની નાગરિકતા માટે અરજી કરી
- કેન્સર ડિટેક્ટ થયા બાદ ડિપ્રેશનમાં આવી ગયેલા ઝારખંડમાં ટાટા સ્ટીલના સિનિયર મેનેજર પત્ની-બે પુત્રી સાથે ફાંસીએ લટકી ગયા
- કર્ણાટકમાં ગેંગરેપના આરોપીઓએ જામીન પર છૂટ્યા બાદ ફટાકડા ફોડી વિજય સરઘસ કાઢતા તમામને ફરીથી જેલમાં ધકેલાયા
- અનિલ અંબાણીની રિલાયન્સ ડિફેન્સ જર્મન કંપની સાથે મળીને મહારાષ્ટ્રમાં તોપના ગોળા બનાવવાની ફેક્ટરી સ્થાપશે : પાકિસ્તાનની ઉંઘ હરામ

# યુ-ટ્યુબર જ્યોતિ જાસુસની બાંગ્લાદેશ ટૂરની તપાસમાં કેન્દ્રીય એજન્સીઓની એન્ટ્રી

**સમય મિરર | નવી દિલ્હી**

પાકિસ્તાન માટે જાસૂસીના આરોપસર ધરપકડ કરાયેલી હરિયાણાની યુટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાના બાંગ્લાદેશ પ્રવાસની કેન્દ્રીય તપાસ એજન્સીઓએ તપાસ શરૂ કરી છે. તપાસ એજન્સીઓનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યોતિ પાકિસ્તાની દૂતાવાસના અધિકારી દાનિશના નિર્દેશ પર બાંગ્લાદેશ ગઈ હતી. આ સમય દરમિયાન તે દાનિશના સંપર્કમાં પણ હતી.

ખાસ વાત એ છે કે જે ઢાકા યુનિવર્સિટીની આસપાસ જ્યોતિએ વીડિયો બનાવ્યા હતા તેના વિદ્યાર્થીઓએ શેખ હસીનાનો તખતાપલટ કર્યો હતો. કેન્દ્રીય તપાસ એજન્સીઓ જ્યોતિ પાસેથી જાણવાનો પ્રયાસ કરી રહી છે કે બાંગ્લાદેશના બળવામાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIની ભૂમિકા શું હતી. શું જ્યોતિને આ વિશે કંઈ ખબર છે કે પછી દાનિશે તેને આવું કંઈ કહ્યું હતું?

જ્યોતિ હાલમાં ૪ દિવસના રિમાન્ડ પર હિસાર પોલીસની કસ્ટડીમાં છે, જ્યાં પોલીસ ઉપરાંત NIA, IB અને મિલિટરી ઈન્ટેલિજન્સ સહિત ઘણી કેન્દ્રીય એજન્સીઓ તેની પૂછપરછ કરી રહી છે.



જ્યોતિ ઢાકાના પ્રખ્યાત ઢાકેશ્વરી દેવી મંદિરમાં ગઈ હતી. જ્યોતિએ તેના ટ્રાવેલ બ્લોગમાં આ મંદિરનો વિગતવાર વીડિયો બનાવ્યો છે. તેણે મંદિરમાં આવેલા હિન્દુ પરિવારો સાથે પણ વાત કરી. એટલું જ નહીં, મંદિરમાં દર્શન કરવા આવેલા લોકોએ જણાવ્યું કે દુર્ગા પૂજા અહીંનો સૌથી મોટો તહેવાર છે.

સામાન્ય રીતે ટ્રાવેલ બ્લોગર્સ એ સ્થળોના વીડિયો બનાવે છે, જ્યાં તેઓ ખાવા-પીવા અને મુલાકાત લે છે, પરંતુ જ્યોતિએ બાંગ્લાદેશમાં એક લશ્કરી અધિકારીની ગાડીના અનેક ખૂણાઓથી વીડિયો પણ શૂટ કર્યા હતા. આ દરમિયાન કોઈએ જ્યોતિને અટકાવી નહીં.

તપાસ એજન્સીઓ એ પણ શોધી રહી છે કે જ્યોતિ બાંગ્લાદેશ ગઈ ત્યારે દાનિશની કઈ લિંકે તેને મદદ કરી હતી. જ્યોતિની બાંગ્લાદેશ મુલાકાતનો સમય પણ એજન્સીઓને વિચારવા માટે મજબૂર કરી રહ્યો છે. સામાન્ય રીતે ઉનાળા દરમિયાન ઓછા પ્રવાસીઓ બાંગ્લાદેશની મુલાકાત લે છે. જ્યોતિ ફેબ્રુઆરીમાં ત્યાં ગઈ હતી. સામાન્ય રીતે ભારતીય પ્રવાસીઓ દુર્ગા પૂજાની આસપાસ ત્યાં જવાનું પસંદ કરે છે. જ્યોતિ ફરીથી બાંગ્લાદેશ જવાની તૈયારી કરી રહી હતી. તપાસ દરમિયાન પોલીસને તેના ઘરેથી બાંગ્લાદેશ વિઝા માટે ભરેલું ફોર્મ મળી આવ્યું. જોકે એમાં કોઈ તારીખ લખેલી નહોતી. તપાસ એજન્સીઓ જાણવા માગે છે કે તે ફરીથી બાંગ્લાદેશ કેમ જવા માગતી હતી અને શું તેને ત્યાં કોઈ ચોક્કસ વ્યક્તિને મળવાનું હતું.

# આજે સાંજે ૪:૦૭ કલાકે ફૂટબોલના ત્રણ મેદાન જેવડી મોટા ઉલ્કા પૃથ્વી નજીકથી પસાર થશે

**સમય મિરર | નવી દિલ્હી**

ફૂટબોલનાં ત્રણ મેદાન જેવડુ ૧૧૦૦ ફુટનુ કદ ધરાવતો વિશાળ ઉલ્કા પૃથ્વી ભણી ધસમસી રહ્યો છે અને આજે ધરતીની નજીકથી પસાર થવાની ચેતવણી નાસાએ આવી છે. જોક, આ વિરાટ ઉલ્કાની પૃથ્વી સાથે ટકકર થાય તેમ નથી છતાં એજન્સી દ્વારા અત્યંત કાળજીપૂર્વક વોચ રાખવામાં આવી રહી છે.

વિરાટ કદને કારણે નાસા દ્વારા આ અવકાશી ઉલ્કાને 'ખતરનાક' ની કેટેગરીમાં રાખવામાં આવી છે. અવકાશમાં તે પ્રતિ કલાક ૩૦૦૬૦ કીલોમીટરની ઝડપી ઘસી રહી છે અને આજરવિવારે સાંજે ૪.૦૭ કલાકે પૃથ્વીથી ૬૬.૭ લાખ કિલોમીટરના અંતરેથી પસાર થશે.આ અંતરને ખગોળીય રીતે સાવ નજીકનું ગણવામાં આવે છે. નાસાના રીપોર્ટ



પ્રમાણે એસ્ટ્રોઈડ ૨૦૦૩ એમએચ-૪ તરીકે ઓળખાતી આ અવકાશી ઉલ્કા સામાન્ય નથી. ૧૧૦૦ ફૂટ (૩૩૫ મીટર)નો વિરાણ વ્યાપ ધરાવે છે અને પૃથ્વી સાથે ટકકર થવાના સંજોગોમાં ભારે વિનાશ વેરી શકે છે.

જોકે પૃથ્વી-ચંદ્રનાં અંતર કરતાં ૧૭ ગણા વધુ અર્થાત ૬૬.૭ લાખ કિલોમીટર દુરથી પસાર થનાર હોવાથી ખાસ જોખમ નથી છતાં ૪૬૦ ફૂટની પહોળાઈ તથા ધરતીનાં ૭૫ લાખ કિલોમીટરનાં ક્ષેત્રમાંથી પસાર થવાની હોવાથી ખતરનાક શ્રેણીમાં રાખવામાં આવી છે.

# જીવના જોખમે અસંખ્ય જીંદગી બચાવનારા જવાનોને રાષ્ટ્રપતિના હસ્તે શૌર્ય પુરસ્કાર એનાયત

## ચાર પોલીસકર્મીના મરણોત્તર મેડલ સ્વીકારતા પરિજનોની આંખો છલકાઈ

**સમય મિરર | નવી દિલ્હી**

સંરક્ષણ શપથ સમારોહ ૨૦૨૫નો પ્રથમ તબક્કો ૨૨ મેના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયો હતો. આ દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતીય સશસ્ત્ર દળો, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ પોલીસના કર્મચારીઓને ચાર મરણોત્તર મેડલ એનાયત કર્યા. શૌર્ય ચક્રથી સન્માનિત લશ્કરી કર્મચારીઓમાં, ચાર ભારતીય વાયુસેનાના પણ છે, જેમની વીરતાની વાર્તાઓ યુવાનો માટે પ્રેરણારૂપ છે. ઉડાન દરમિયાન ઓઈલ સિસ્ટમ અચાનક નિષ્ફળ ગયા અને બંને એન્જિન બંધ થઈ ગયા પછી, ફાઈટર એરક્રાફ્ટને સુરક્ષિત રીતે લેન્ડ કરવાના ઉત્કૃષ્ટ પ્રયાસો બદલ વિંગ કમાન્ડર વર્નોન ડેસમંડ કીનને પ્રતિષ્ઠિત 'એર ડિફેન્સ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

રાત્રિ ઉડાન દરમિયાન પક્ષી અથડાયા બાદ એન્જિનમાં આગ લાગી હોવા છતાં, ફાઈટર એરક્રાફ્ટને સુરક્ષિત રીતે ઉતરાણ કરવા બદલ સ્ક્વોડ્રન લીડર દીપક કુમારને શૌર્ય ચક્ર એનાયત કરવામાં આવ્યું હતું.ભારતીય વાયુસેના (IAF) ના બે અન્ય કર્મચારીઓ - કોર્પોરલ ડાભી સંજય હિફાબાઈ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ અમન સિંહ હંસ - ને પણ શૌર્ય ચક્ર એનાયત કરવામાં આવ્યા હતા. ગોળી વાગવા છતાં સંજય હિફાભાઈએ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવ્યો, અને ફ્લાઈટ લેફ્ટનન્ટ અમન સિંહ હંસ, જેમણે રાત્રિના ઓપરેશનનું નેતૃત્વ કર્યું. ભારતીય વાયુસેના (IAF) એ પણ તેના એક્સ હેન્ડલ પરથી એક પોસ્ટ કરી છે, જેમાં આ ચાર વાયુ યોદ્ધાઓની વીરતાપૂર્ણ ગાથાનું વર્ણન કરવામાં આવ્યું છે, જેના માટે તેમને પુરસ્કાર આપવામાં આવ્યો હતો. વાયુસેનાએ જણાવ્યું હતું કે વિંગ કમાન્ડર વર્નોન કીનને ફાઈટર એરક્રાફ્ટમાં ઉડાન દરમિયાન ઓઈલ સિસ્ટમમાં કટોકટીની નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે બંને એન્જીનો બંધ કરવા પડ્યા હતા.


બંને એન્જિન ખોવાઈ ગયા હોવા છતાં, તેમણે ઉત્તમ ઉડાન કૌશલ્ય દર્શાવ્યું, વિમાનને નિયંત્રિત કર્યું અને તેને રહેણાંક વિસ્તારોથી દૂર ખસેડ્યું. આ પ્રક્રિયામાં તેઓ વિમાનનું એક એન્જિન શરૂ કરવામાં સફળ થયા અને આમ મૂલ્યવાન રાષ્ટ્રીય સંપત્તિ બચાવી અને જાનમાલનું નુકસાન અટકાવી શક્યા.

# ભારતીય ટેસ્ટ ટીમના નવા કેપ્ટનની કેપ શુભમન ગીલના શિરે

## રોહિત-વિરાટનો યુગ પૂરો થયા બાદ ગીલ કેપ્ટન-ઉપકપ્તાન પદે રિષભ પંત

**સમય મિરર | મુંબઈ**

બેટ્સમેન શુભમન ગિલને ભારતીય ટેસ્ટ ટીમનો નવો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. રિષભ પંતને ઉપ-કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવ્યો છે. શનિવારે મુંબઈમાં યોજાયેલી બેઠકમાં બીસીસીઆઈએ આ જાહેરાત કરી. ઉપરાંત, ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ૧૮ સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ભારતે ૨૦ જૂનથી શરૂ થઈ રહેલા ઈંગ્લેન્ડ પ્રવાસમાં ૫ ટેસ્ટ રમવાની છે. વિરાટ કોહલી અને રોહિત શર્માના નિવૃત્તિ બાદ, સાઈ સુદર્શન અને કરુણ નાયરને ટીમમાં સ્થાન મળ્યું છે. આ દરમિયાન, શાર્દુલ ઠાકુર ટીમમાં પાછો ફર્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર ચેતેશ્વર પુજારા અને અજિંક્ય રહાણેના નામની ચર્ચા પણ કરવામાં આવી હતી પરંતુ બોર્ડ હવે તેમને સમાવેશ કરવા માંગતી નહતી. બોર્ડે નવોદિત અને યુવા બેટર જેમકે સાંઈ સુદર્શન, જયસ્વાલ, ઈશ્વરન, રાહુલ જેવા ખેલાડીઓનો સમાવેશ કર્યો છે. ભારતીય ટીમ : શુભમન ગિલ (કેપ્ટન), ઋષભ પંત (વાઈસ કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, સાંઈ સુદર્શન, કે.રાહુલ, અભિમન્યુ ઈશ્વરન, કરૂણ નાયર, નીતીશ કુમાર રેડી, રવિન્દ્ર જાડેજા, ધ્રુવ જુરેલ, વોશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર, જસપ્રીત બૂમરાહ, મોહમ્મદ સિરાજ, પી.કૃષ્ણ, આકાશદીપ, અર્ષદીપ સિંહ, કુલદીપ યાદવ ૩૩ વર્ષનો કરુણ નાયર ૮ વર્ષ પછી ટેસ્ટ મેચ



રમશે. તેણે પોતાની છેલ્લી ટેસ્ટ ૨૦૧૭ માં રમી હતી. નાયર ઘરેલુ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શનને કારણે ટીમમાં સ્થાન મેળવ્યું છે. તેણે ગયા સિઝનમાં ૯ રણજી ટ્રોફી મેચોમાં ૪ સદી સાથે ૮૬૩ રન બનાવ્યા હતા. કરુણને પહેલાથી જ ભારત અ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જે થોડા દિવસોમાં ઈંગ્લેન્ડ જવા રવાના થશે. ૨૫ વર્ષ અને ૨૫૮ દિવસની ઉંમરે, ગિલ ટેસ્ટમાં ભારતનું નેતૃત્વ કરનાર પાંચમો સૌથી યુવા ક્રિકેટર બન્યો. તેમના પહેલા મન્સૂર અલી ખાન પટૌડી (૨૧ વર્ષ, ૭૭ દિવસ), સચિન તેંડુલકર (૨૩ વર્ષ, ૧૬૯ દિવસ), કપિલ દેવ (૨૪ વર્ષ, ૪૮ દિવસ) અને રવિ શાસ્ત્રી (૨૫ વર્ષ, ૨૨૯ દિવસ) છે. ૨૩ વર્ષીય સુદર્શન આઈપીએલ-૧૮નો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેણે અત્યાર સુધીમાં ૬૩૮ રન બનાવ્યા છે. તેને ઈંગ્લેન્ડ લાયન્સ સામેની બીજી મેચ માટે ઈન્ડિયા એ ટીમમાં પહેલાથી જ સામેલ કરવામાં આવ્યો છે.

# ચારધામ યાત્રા પર કોરોનાનો ઓછાયો : બે યાત્રી સંક્રમિત

**સમય મિરર | હરીદ્વાર**

હાલમાં ઉત્તરાખંડમાં ચારધામની યાત્રા ચાલી રહી છે. આ યાત્રામાં કોવિડ ૧૯નો ઓછાયો લાગ્યો છે અને ૨ કેસ નોંધાયા છે. ઉત્તરાખંડ રાજ્યનો પોતાનો એક પણ કેસ નથી પરંતુ ૨ યાત્રિકોને કોરોનાની અસર થઈ છે.

ઉત્તરાખંડના આરોગ્ય મહાનિર્દેશક ડો. સુનિતા તમતાએ જણાવ્યું હતું કે, ઉત્તરાખંડમાં હાલમાં કોઈ સક્રિય કેસ નથી, પરંતુ અન્ય રાજ્યોથી આવેલા બે દર્દીઓમાં કોરોના ચેપની પુષ્ટિ થઈ છે. ચારધામ યાત્રામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દેશભરમાંથી ઉત્તરાખંડ પહોંચે છે, આવી સ્થિતિમાં ચેપ ફેલાવાની ચિંતા વધી જાય છે. દેહરાદૂન અને નૈનિતાલ જિલ્લામાં બે દર્દી નોંધાયા છે. આ બંને દર્દીઓના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ વિભાગે તકેદારી વધારી દીધી છે અને રાજ્યની હોસ્પિટલોમાં પહેલાથી જ અસ્તિત્વમાં રહેલા કોવિડ પ્રોટોકોલને ફરીથી લાગુ કરવાની શક્યતા વધી ગઈ છે.અત્યાર સુધીમાં દેશમાં કોરોના ચેપના કુલ ૨૭૭ કેસ નોંધાયા છે. આ કેસો તમિલનાડુ, મહારાષ્ટ્ર અને કેરળમાં જોવા મળ્યા છે. ઉત્તરાખંડમાં હાલમાં કોઈ સક્રિય કેસ નથી, પરંતુ અન્ય રાજ્યોથી આવેલા બે દર્દીઓમાં કોરોના ચેપની પુષ્ટિ થઈ છે. રાજ્ય સરકારે જિલ્લાઓને કોવિડ પરીક્ષણ અને તબીબી સુવિધાઓની સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો છે. ચારધામ યાત્રાના રૂટ પર હાજર આરોગ્ય કેન્દ્રોને સજ્જ કરવામાં આવી રહ્યા છે. જો આગામી દિવસોમાં આવા કેસ વધશે તો મુસાફરી અંગે નવી માર્ગદર્શિકા જારી કરવામાં આવી શકે છે. આ કેસો સામે આવ્યા પછી, હાલ સુધી મુસાફરી પર કોઈ અસર પડી નથી. રાજ્યના આરોગ્ય વિભાગે લોકોને માસ્ક પહેરવા, હાથ ધોવા અને સામાજિક અંતર જાળવવા જેવા જૂના કોવિડ નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે. આ સાથે, જે લોકો ચારધામની મુલાકાત લેવાનું આયોજન કરી રહ્યા છે તેઓએ અગાઉથી પોતાનું સ્વાસ્થ્ય તપાસ કરાવવું જોઈએ અને ભીડ ટાળવી જોઈએ.

## ભારતીય સેના-નેવી અને એરફોર્સમાં જોડાશે

# નેશનલ ડિફેન્સ એકેડેમીમાંથી પહેલીવાર ૧૭ મહિલા કેડેટ્સ પાસ આઉટ

**સમય મિરર | નવી દિલ્હી**

નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA)માંથી મહિલા કેડેટ્સની પહેલી બેચ પાસ આઉટ થવાની છે. ૧૪૮મા કોર્ષની પાસિંગ આઉટ પરેડ (POP) ૩૦ મેના રોજ યોજાશે. ઈતિહાસમાં આ પહેલી વાર બનશે જ્યારે ૩૦૦થી વધુ પુરુષો સાથે ૧૭ મહિલા કેડેટ્સ ગઉઅમાંથી ગ્રેજ્યુએટ થશે. તેઓ ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનામાં જોડાશે.

૨૦૨૧માં સુપ્રીમ કોર્ટે મહિલાઓને NDA પરીક્ષા આપવાની મંજૂરી આપવાનો આદેશ આપ્યો હતો. આ પછી યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ મહિલાઓને અરજી કરવાની મંજૂરી આપી. ૨૦૨૨માં પ્રથમ વખત, ૧૭ મહિલા કેડેટ્સની બેચ NDAમાં સામેલ થઈ. આમાંથી કેટલીક મહિલા કેડેટ્સે NDA ખાતેની તેમની ત્રણ વર્ષની સફર વિશેના અનુભવો શેર કર્યા હતાં.

દેશના ૧૭ રાજ્યોમાંથી ૧૨૧ મહિલાઓ છે. એક કેડેટ કર્ણાટકથી છે. હરિયાણામાં સૌથી વધુ ૩૫



મહિલા કેડેટ્સ છે. તે પછી ઉત્તર પ્રદેશમાંથી ૨૮, રાજસ્થાનમાંથી ૧૩ અને મહારાષ્ટ્રમાંથી ૧૧ છે. દક્ષિણ રાજ્યોમાં, કર્ણાટકના એક કેડેટ ઉપરાંત, કેરળના ચાર કેડેટ પણ NDAમાં જોડાયા છે. એકેડેમી છોડી રહેલા પાંચ કેડેટ્સ હરિયાણા, હિમાચલ પ્રદેશ, કેરળ, પંજાબ અને ઉત્તર પ્રદેશના છે.

સંસદમાં આપવામાં આવેલી માહિતી અનુસાર, ભારતીય સેનામાં લગભગ ૧૨ લાખ પુરુષો છે, જ્યારે મહિલાઓની સંખ્યા ફક્ત ૭ હજાર જેટલી છે. પુરુષોની સરખામણીમાં મહિલાઓનો ગુણોત્તર ફક્ત ૦.૫૬ ટકા છે.

વાયુસેનામાં લગભગ ૧.૫ લાખ સૈનિકો છે. મહિલાઓની સંખ્યા ફક્ત ૧૬૦૦ છે. અહીં, ગુણોત્તર ૧ ટકા કરતા થોડો વધારે છે. આ ઉપરાંત, ભારતીય નૌકાદળમાં પુરુષોની સંખ્યા દસ હજાર છે, જ્યારે મહિલાઓ માત્ર ૭૦૦ છે. આ દળમાં મહિલાઓની ટકાવારી ૬.૫ છે. ભારતના ત્રણેય સશસ્ત્ર દળોમાં કુલ મળીને લગભગ ૯,૧૧૮ મહિલાઓ છે. ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૦માં ભારતની ત્રણેય સેનાઓમાં મહિલાઓની સંખ્યામાં વધારો થયો છે. ભારતમાં, મહિલાઓ ફાઈટર એરક્રાફ્ટ ઉડાડવા અને સમુદ્રમાં લશ્કરી જહાજો પર મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી રહી છે, તેમજ ખાસ કામગીરી દ્વારા દુશ્મનને પાઠ ભણાવી રહી છે. જો આપણે પુરુષ અને મહિલા અધિકારીઓના ગુણોત્તરની વાત કરીએ તો, મોટાભાગની મહિલાઓ નૌકાદળમાં કાર્યરત છે. નૌકાદળની કુલ તાકાતમાં મહિલાઓનો હિસ્સો લગભગ ૬.૫ ટકા છે.

# કેરળમાં ચોમાસાંનું ધોધમાર આગમન ૧૬ વર્ષ બાદ ૮ 'દિ વહેલો પ્રારંભ

**સમય મિરર | નવી દિલ્હી**

કેરળમાં ચોમાસાના આગમન સાથે પ્રવેશ થયો છે, જે સામાન્ય તારીખથી એક અઠવાડિયા પહેલા છે. છેલ્લા ૧૬ વર્ષમાં આ સૌથી ઝડપી ઈનિંગ છે. દક્ષિણપશ્ચિમ ચોમાસુ ૨૪ મે, ૨૦૨૫ ના રોજ કેરળમાં પહોંચ્યું છે, જે સામાન્ય રીતે ૧ જૂનના રોજ હતું. ૨૦૦૧ અને ૨૦૦૯ માં ચોમાસુ ૨૩ મે ના રોજ પહોંચ્યું હતું.

આ વખતે, ચોમાસુ તેના નિર્ધારિત સમય કરતાં ૮ દિવસ પહેલા કેરળના દરિયાકાંઠે પહોંચ્યું. આ વર્ષે ચોમાસુ છેલ્લા ૧૬ વર્ષમાં ક્યારેય વહેલું આવી રહ્યું છે.આજે એટલે કે ૨૪ મે, ૨૦૨૫ ના રોજ કેરળમાં દક્ષિણપશ્ચિમ ચોમાસુ આવી ગયું છે, જ્યારે સામાન્ય તારીખ ૧ જૂન છે. આમ, સામાન્ય તારીખથી ૮ દિવસ પહેલા કેરળમાં દક્ષિણપશ્ચિમ ચોમાસુ આવી ગયું છે.

સામાન્ય રીતે ચોમાસુ ૧ જૂન સુધીમાં કેરળમાં આવી જાય છે. કેરળમાં છેલ્લે ૨૦૦૧ અને ૨૦૦૯માં આટલું વહેલું ચોમાસુ પહોંચ્યું હતું. ત્યારબાદ ચોમાસુ ૨૩ મેના રોજ જ કેરળમાં પ્રવેશ્યું હતું. ૧૯૧૮ માં પહેલી વાર ચોમાસુ આવ્યું હતું. તે વર્ષે ચોમાસું ૧૧મેના રોજ કેરળ પહોંચ્યું હતું. જ્યારે ૧૯૭૨માં ચોમાસાનું આગમન સૌથી તાજેતરનું હતું. આ વર્ષે, ચોમાસુ ૧૮ જૂને ૧૮ દિવસ



મોડા પહોંચ્યું.

હવામાન વિભાગે હળવા વરસાદ અને ગાજવીજની ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસો સુધી ૧૫ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે. ૨૬મે સુધી બિહાર, ઝારખંડ અને ઓડિશામાં ભારે વરસાદ પડી શકે છે.ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૨૦૦ મીમી સુધી વરસાદ પડી શકે છે. આગામી સાત દિવસ સુધી આ રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.

# દિલ્હી-નોઈડા સહિત દેશના અનેક શહેરોમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ

**સમય મિરર | નવી દિલ્હી**

જ્યાં એક તરફ, કેરળમાં વરસાદે દસ્તક આપી છે. અને મોનસૂન સમય કરતા વહેલું શરુ થયું છે. ત્યાં બીજી તરફ, દેશના મોટાભાગના શહેરોમાં હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. દિલ્હી અને નોઈડામાં હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ આપ્યુ છે. જ્યાં ૧૧ સેમીથી ૨૦ સેમી સુધી વરસાદ પડી શકે છે. ઈંખઉએ ૬ સેમી થી ૧૧ સેમી સુધી ભારે વરસાદ પડવાની શક્યતાવાળા વિસ્તારોમાં યેલ્લો એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.

ભારે વરસાદ અને વાવાઝોડા પછી ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે દિલ્હીનું આકાશ આંશિક વાદળછાયું રહેશે અને વાવાઝોડા સાથે વરસાદની શક્યતા છે. IMDએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ૨૫ અને ૨૬ મેના રોજ વાવાઝોડા સાથે આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ૨૭ મેના રોજ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. આ પહેલા ૨૧ મેના રોજ સાંજે દિલ્હી, નોઈડા, ગુરુગ્રામ અને ગાઝિયાબાદમાં એક ભયંકર વાવાઝોડું ત્રાટક્યું હતું. ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો અને વરસાદ સાથે કરા પડ્યા હતા.

દક્ષિણ કોંકણ, ગોવાના દરિયાકાંઠે અને પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પર એક નીચા દબાણનો વિસ્તાર ચાલુ છે. આ કારણે, IMD એ આગામી ત્રણ દિવસ માટે કોંકણ ક્ષેત્રમાં અત્યંત ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. IMD એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'રાયગઢ અને રત્નાગિરિ જિલ્લાઓ માટે ભારે વરસાદની સંભાવના સાથે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યારે મુંબઈ, થાણે, પાલઘર, સિંધુદુર્ગ તેમજ પુણે અને સતારા માટે ભારે વરસાદ, વાવાઝોડા અને ભારે પવન સાથે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.' IMD એ મુંબઈ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે, જેમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ, વાવાઝોડા અને ૫૦થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકવાની ચેતવણી આપવામાં આવી છે. જોકે, હવામાન નિષ્ણાતોએ પહેલાથી જ ચેતવણી આપી હતી કે ચોમાસાની શરૂઆત પ્રોત્સાહક છે, પરંતુ વાસ્તવિક અસર આગામી અઠવાડિયામાં દેશભરમાં ચોમાસુ કેટલું સ્થિર અને એકસરખું આગળ વધે છે તેના પર નિર્ભર રહેશે.

# RMCનું મહેકમ પાંગળું, ૧૦૧૮ જગ્યા ખાલી

## રૈયા, મવડી, વાવડી, કોઠારિયા, મુંજકા, માધાપર, ઘંટેશ્વર RMCની હદમાં ભળ્યા પણ સેટઅપ જરૂરિયાત મુજબ ન થયું : ચાલુ વર્ષમાં ૩૦૯ જગ્યા પર ભરતી કરાશે તેવો મનપાનો દાવો



### વર્ગ-૧ની ભરતીની વહીવટી મંજુરી સરકારમાં અપાયેલી

કોર્પો.ના વર્ગ ૧ અને ૨ની જગ્યાઓના વહીવટી કેડરના રીક્રુટમેન્ટ રૂલ્સ અદ્યતન કરવામાં આવે છે અને ટેકનીકલ કેડરમાં રૂલ્સ અદ્યતન કરવાની ચાલુ છે. જેમાં વર્ગ-૧ની વહીવટી જગ્યાની મંજૂરી સરકારમાં મંજૂરીમાં છે. તે મંજૂરી મળ્યે વર્ગ ૧ની જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ ૨ની મહતમ જગ્યા ભરવામાં આવી છે અને અમુક જગ્યાઓની ભરતી પ્રક્રિયા ચાલુ છે.

### પ્રસિદ્ધ પાછળ લખલૂંટ ખર્ચો ભરતી માટે આર્થિક હાલતનું કારણ

વર્ગ ૧માં કુલ ૩૭ પૈકી માત્ર આઠ જગ્યા ભરેલી છે અને ૨૯ જગ્યા ખાલી છે. વર્ગ ૨માં ૧૪૯ પૈકી ૧૨૪ જગ્યા ભરેલી અને ૨૫ ખાલી છે. વર્ગ ૩માં ૨૭૯૮ પૈકી ૧૮૩૪ જગ્યા ભરેલી અને ૯૬૪ ખાલી છે. વધુમાં જવાબમાં જણાવાયું છે કે કોર્પો.ની આર્થિક પરિસ્થિતિ ધ્યાને લઇ જરૂરીયાત મુજબ સમયાંતરે જગ્યાઓ તાત્કાલીક અસરથી ભરવામાં આવે છે. હાલ ૨૦૨૫માં વર્ગવાઇઝ જે ખાલી જગ્યા ભરવાની તૈયારી થઇ રહી છે તેમાં વર્ગ-૧માં ૨૧, વર્ગ ૨માં ૯, વર્ગ ૩માં ૨૬૭ અને વર્ગ ૪માં ૧૨ મળી ૩૦૯ જગ્યા ભરવામાં આવશે.

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાપાલિકામાં સેટઅપ મુજબ અનેક જગ્યાઓ ખાલી હોવાથી વહીવટને અસર પડતી હોવાની ફરિયાદો કર્મચારી સંગઠનો દ્વારા કરવામાં આવી છે. આ દરમ્યાન તાજેતરમાં મળેલા જનરલ બોર્ડમાં કોર્પો.માં વર્ગ ૧ થી ૩ની ૩૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોવાનું રેકર્ડ પર દર્શાવાયું છે. કુલ ૨૯૮૪ પૈકી ૧૦૧૮ જગ્યા ભરતીના વાંકે ખાલી છે.

રાજકોટ કોર્પોરેશનમાં વર્ગ-૧, ૨ અને ૩ની સ્ટાફ સેટઅપ મુજબની જગ્યા અને ભરતી થયેલી જગ્યા અંગે વિપક્ષી નેતા વશરામભાઇ સાગઠીયા દ્વારા પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. ઇન્ચાર્જથી ચાલતા વહીવટ અને બદલી અંગે પણ તેમણે વિગત પૂછી હતી. બોર્ડમાં મહેકમ શાખાએ આપેલા જવાબ મુજબ વર્ગ ૧ થી ૩માં કુલ ૨૯૮૪ જગ્યા મંજૂર થયેલી છે. ૧૯૬૬ ભરતી કરવામાં આવી છે અને ૧૦૧૮ જગ્યા સેટઅપમાં ખાલી છે.

### મોટાભાગનો વહિવટ ઇન્ચાર્જના સહારે ચાલે છે


અગ્નિકાંડ બાદ ટીપીઓ સરકારે ઉધાર આપ્યા છે. ચીફ ફાયર ઓફિસરનો ચાર્જ વર્ગ-૩ના અધિકારી સંભાળે છે. ત્રણ પૈકી ૧ ડે.કમિશનર ઇન્ચાર્જ છે. તો ત્રણે ઝોનમાં સીટી ઇજનેર પણ ઇન્ચાર્જ છે. કોર્પો.ના જવાબ મુજબ આસી. કમિશનર, ચીફ ફાયર ઓફિસર, સીટી ઇજનેર સ્પેશ્યલ, આઇટી ડિરેકટર, ગાર્ડન ડિરેકટર, ડે.કમિશનર, ઓફિસ સુપ્રિ. સ્ટોરની જગ્યા અન્ય અધિકારીઓને સોંપવામાં આવી છે.

# કોરોનાનો રાક્ષસી પંજો, ગુજરાતમાં ૩૩ એક્ટિવ અને દેશમાં ૩૧૨ એક્ટિવ કેસ

## મહારાષ્ટ્રમાં કેસ બમણાજોરે વધ્યા : દિલ્હી, હરિયાણા કેરળ, કર્ણાટક સહિતના રાજ્યમાં સ્થિતિ વધુ ચિંતાજનક

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત સહિત દેશભરમાં કોરોનાએ ફરી અજગરભરડો લેવાનું શરૂ કર્યુ છે. કેસ ઝડપથી બમણાજોરે વધી રહ્યા છે. દિલ્હી, હરિયાણા, ગુજરાત, કેરળ અને કર્ણાટક સહિત ઘણા રાજ્યોમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. હાલમાં દેશમાં કોરોનાના સક્રિય કેસની સંખ્યા ૩૧૨ છે. જેમાં દિલ્હીમાં ૨૩, હરિયાણામાં ૫, ગુજરાતમાં ૩૩ અને મહારાષ્ટ્રમાં ૫૬ કોરોનાના કેસ નોંધાયા છે. અમદાવાદમાં ૨૦ નવા કેસ નોંધાયા હતા. દેશભરમાં ફેલાતા હાલના નવા કેસોમાં એક નવો વેરિઅન્ટ જોવા મળ્યો છે. નવા વેરિઅન્ટ JN.૧ અને તેના સબ-વેરિઅન્ટ LF7 અને NB૧.૮ ને નવા વેરિઅન્ટ માટે જવાબદાર માનવામાં આવી રહ્યા છે. આ પ્રકાર કેટલો ખતરનાક છે તેના અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી. છેલ્લા કેટલાક અઠવાડિયામાં એશિયામાં કોરોનાના આ નવા પ્રકારના વેરિએન્ટના કેસોમાં વધારો થયો છે. બે મોટા એશિયન શહેરો હોંગકોંગ અને સિંગાપોરમાં તેના કેસ વધી રહ્યા છે. હોંગકોંગના સેન્ટર ફોર હેલ્થ પ્રોટેક્શન અનુસાર



વાઈરસ હાલમાં ખૂબ જ સક્રિય છે.

કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને સરકાર એલર્ટ મોડ પર છે. આરોગ્ય વિભાગ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. સરકારે હોસ્પિટલોમાં બધાને માસ્ક પહેરવાની સૂચના આપી છે. તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોના મેડિકલ ડિરેક્ટરો અને મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ્સને સુચનો જારી કર્યા છે. આ અંતર્ગત, હોસ્પિટલોને પરીક્ષણ અને દેખરેખ વધારવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.

# ઢીલનું પરિણામ! કટારિયા ચોકડીએ બ્રિજનું કામ ચોમાસાં પછી જ શરૂ થશે!

## ખાતમુહૂર્તને બે મહિનાથી વધુ સમય થઈ ગયો, વહિવટી પ્રક્રિયા જ ગોકળગાયની ગતિથી ચાલી, બ્રિજનું સિવિલ વર્ક પણ ધકેલ પંચા દોઢસોની જેમ થશે?

**સમય મિરર | રાજકોટ**





રાજકોટ શહેરના કાલાવડ રોડ પર કટારીયા ચોકડીએ શહેરનો સૌપ્રથમ કેબલ ફલાયઓવર અને હેઠળ નવા રીંગ રોડની દિશામાં અંડરબ્રીજ બનાવવાના કામનું મુખ્યમંત્રીએ ભૂમિપૂજન કર્યાને સોમવારે બે મહિના થવાના છે. અગાઉ ટેન્ડર પ્રક્રિયા પૂર્વે પસાર થયેલા સમય, ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં ઢીલ સહિતના કારણોથી આ મુખ્ય માર્ગના વિકલ્પે બનાવવાના ડાયવર્ઝન રોડનું કામ હવે આગળ વધ્યું છે. આથી ચોમાસા પહેલા ચોકમાં બ્રીજના પાયા ઉભા કરવાનું કામ કાંઈ કાળે શરૂ થાય તેવા અણસાર દેખાય છે.

આ રોડ પર જલારામ ફાસ્ટ ફૂડ, ચોક બાદ કોસ્મોપ્લેકસ આજુબાજુના રોડની આગળ પાછળ વૈકલ્પિક માર્ગ આપવાનો થાય છે. મુખ્ય રોડ બંધ થાય એટલે મેટોડા તરફ જતો મુખ્ય ટ્રાફિક બંધ થશે. આ કારણે રોડ પર પીલરનું કામ શરૂ કરતા પૂર્વે બંને તરફ ડાયવર્ઝન માટે રોડનું કામ ચાલે છે. જોંકે તેમાં પણ કમૌસમી વરસાદના કારણે આ કામમાં પણ અવરોધ આવે છે. આથી ચોમાસા પૂર્વે આ ડાયવર્ઝન રોડના કામ પૂરા થઇ જાય તો પણ સારૂ એવી સ્થિતિ છે. કારણ કે હવામાન વિભાગે વહેલા ચોમાસાની આગાહી કરી દીધી છે. કાલાવડ રોડ પર કેકેવી ચોકમાં બ્રીજ ઉપર ઓવરબ્રીજનો પડકારજનક પ્રોજેકટ કોર્પો.એ પુરો કરતા કેકેવી ચોકની ટ્રાફિક સમસ્યા થોડી હળવી થઇ છે. આ બાદ કટારીયા ચોકે સિકસલેન કેબલ બ્રીજનો પ્રોજેકટ બનાવવામાં આવ્યો હતો. ૭૪૪ મીટર લંબાઇ (પોણો કિ.મી.) અને ૨૩.૧ મીટરની પહોળાઇના આ બ્રીજ હેઠળ અંડરપાસનું આયોજન પણ કરાયું છે. જે રીંગ રોડની દિશામાં હશે. અંડરપાસ પણ ૪૫૯ મીટર લંબાઇમાં બનશે. ૧૪૧ કરોડના કામ પર જીએસટી સહિત ૧૬૭ કરોડનો ખર્ચ મંજૂર કરાયો છે. ગત તા. ૨૬ માર્ચના રોજ મુખ્યમંત્રીએ રાજકોટ આવીને આ પ્રોજેકટનું ખાતમુહૂર્ત કર્યુ હતું. ચોક બંધ થાય એટલે ત્યાંનો ટ્રાફિક રંગોલી પાછળ અને કોસ્મો પાછળના રોડથી ડાયવર્ટ કરવાની જરૂરીયાત ઉભી થઇ હતી. આથી આ કામ હવે શરૂ કરવામાં આવ્યું છે. કટારીયા ચોકના વૈકલ્પિક ટ્રાફિક માટે સર્વિસ રોડ પર ડ્રેનેજ લાઇન, સ્ટોર્મ વોટર લાઇન, ડીઆઇ વોટર પાઇપલાઇન, એનીમલ હોસ્ટેલ પાસે બોકસ કલ્વર્ટનું કામ ચાલી રહ્યું છે.

### જો કે ડાયવર્ઝન રોડનું કામ ગતિમાં

ડાયવર્ઝન રૂટના કામ પર નજર કરીએ તો રંગલી આવાસ પાસે ૧૮ મીટરના ટીપી રોડ પર બોકસ કલ્વર્ટનું કામ ચાલે છે. રત્ન વિલાસ રોડ પર રસ્તાનું કામ કરાઇ રહ્યું છે. સરિતા વિહાર તરફથી આવતો રસ્તો રીંગ રોડ ક્રોસ કરાવવામાં આવશે.તો જલારામ ફાસ્ટ ફૂડ પાછળથી બીજો રોડ કાઢવામાં આવ્યો છે. સેરેનીટી ગાર્ડ સાઇટ સુધી આ રોડનું કામ થવાનું છે. આમ પણ વર્કઓર્ડર બાદ સરકારના આર એન્ડ બી વિભાગમાંથી ડિઝાઇન મંજૂર કરવાની પ્રક્રિયા પણ ચાલતી હતી. આમ તો કાલાવડ રોડ પહોળો કરવા અગાઉ કાર્યવાહી થઇ છે. તે દરમ્યાન કટારીયા ચોકની બંને તરફ આવતી ૯ જેટલી મિલ્કતોની કમ્પાઉન્ડ વોલ પણ કપાઇ રહી છે. આ આસામીઓને નોટીસ આપવામાં આવી હતી. હવે ડાયવર્ઝનનું કામ થોડા દિવસોમાં પુરૂ થશે. તે બાદ વરસાદ પણ શરૂ થઇ ગયો હોય તેવી શકયતા રહેશે. આથી બ્રીજનું મુખ્ય કામ ચોમાસા બાદ જ શરૂ થાય તેવા સંકેત છે.

# રાજકોટમાં માત્ર ૬ મહિનામાં ૨,૦૭૮ ઢોર પકડાયા, કાયમી ઉકેલ ક્યારે?

## મનપા ઢોર પકડે, માલધારી દંડ ભરીને છોડાવી જાય, સમસ્યા ઠેરની ઠેર

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મનપાની પ્રાણી રંજાડ અંકુશ શાખા દ્વારા નવેમ્બર-૨૦૨૪થી છ મહિના સુધીમાં કરવામાં આવેલી કામગીરીના આંકડા જનરલ બોર્ડમાં જાહેર કરાયા હતા જે મુજબ છ માસમાં શહેરમાંથી રખડતા વધુ ૨૦૭૮ ઢોર જપ્ત કરવામાં આવ્યાનું જણાવાયું છે. એ જોતા રાજકોટની હદ બહાર ઢોરને એનિમલ હોસ્ટેલમાં તગેડી શહેરને ઢોરમુક્ત બનાવવાના માત્ર ફણગા જ ફૂંકાતા હોવાનું વધુ એકવાર સાબિત થયું છે.

કોંગી કોર્પોરેટર ભાનુબેન સોરાણીએ પ્રશ્ન પૂછયો હતો કે છ મહિનામાં આ વિભાગે કેટલી કામગીરી કરી છે. નવેમ્બર ૨૦૨૪થી એપ્રિલ-૨૦૨૫ દરમ્યાન કરાયેલી કામગીરીના આંકડા વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. એએનસીડી વિભાગે આ સમય દરમ્યાન રસ્તે ૨૦૭૮ ઢોર ઉપાડયા હતા. આ પૈકી ગૌશાળા અને પાંજરાપોળ ખાતે ૧૬૯૫ પશુ મોકલવામા આવ્યા છે. તો નિયમ મુજબ દંડ લઈને ૧૪૦ પશુ મુકત કરવામાં આવ્યા હતા. ઢોર છોડવાના દંડ, ખોરાકી સંચાલન પેટે વિભાગે પશુ પાલકો



પાસેથી ૧૧.૬૫ લાખનો ખર્ચ વસુલ કર્યો છે. આ છ મહિનામાં ૫૫ નવા પશુપાલકોની નોંધણી થઇ છે. તો કુલ ૪૦૯ નવા ઢોરના રજીસ્ટ્રેશન પણ થયા છે. ઢોરની નોંધણી અને એનીમલ હોસ્ટેલ ફી પેટે ૯.૭૩ લાખની આવક થઇ છે. તો ૧૮૩૫ પશુઓના ટેગીંગની કામગીરી કરવામાં આવી છે. ૧૬૬૬ ઢોરને આરએફઆઇડી ટેગીંગ કરવામાં આવ્યા હતા. એનીમલ હોસ્ટેલમાં હાલ ૧૨૭ પશુ રાખવામાં આવ્યા છે. તો આ છ મહિનામાં ૧૫૨૫ શ્વાનોના વ્યંધીકરણની કામગીરી કરવામાં આવી છે. છ મહિનામાં ૫૧૯૧ શ્વાનોને હડકવા વિરોધી રસી આપવામાં આવ્યાનું જણાવાયું છે.

### રાજકોટમાં શનિવારે અસહ્ય બફારાથી લોકો અકળાયા

# વરસાદના કોઈ એંધાણ નહીં ઉલ્ટાનું ૪૦ ડિગ્રી તાપ વરસ્યો

## ચોમાસાના આગમન પૂર્વેનો આ બફારો હોવાનું અનુમાન

**સમય મિરર | રાજકોટ**

હવામાન નિષ્ણાંતો વાવાઝોડા અને વરસાદની આગાહી કરે છે. ત્યારે રાજકોટમાં દૂર દૂર સુધી એંધાણ દેખાતા નથી ઉલ્ટાનું આકરો તાપ અને અસહ્ય બફારાથી લોકો અકળાય છે. રાજકોટમાં ઉનાળાની ગરમીએ ફરી એકવાર લોકોને હેરાન કર્યા છે. શનિવારે શહેરનું મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જ્યારે ભેજનું પ્રમાણ ૨૮ ટકા રહ્યું. આ અસહ્ય બફારાથી લોકો અકળાઈ ઉઠ્યા છે, અને બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. બપોરના સમયે રસ્તાઓ પર સન્નાટો છવાયેલો જોવા મળ્યો, જ્યારે જરૂરી કામગીરી માટે બહાર નીકળેલા લોકો ગરમીથી હાંફી ઉઠ્યા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા છે. ડોક્ટરો અને નિષ્ણાતો લોકોને વધુ પાણી પીવા, હળવા કપડાં પહેરવા અને બપોરના સમયે બહાર ન નીકળવાની સલાહ આપી રહ્યા છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોને હીટસ્ટ્રોકથી બચવા માટે સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. શહેરના વેપારીઓ અને મજૂરો પર પણ ગરમીની આકરી અસર જોવા મળી. ઘણા વેપારીઓએ બપોરના સમયે દુકાનો બંધ રાખવાનું શરૂ કર્યું છે. લોકો હવે વરસાદની આશાએ આકાશ તરફ જોઈ રહ્યા છે, જેથી આ ગરમીમાંથી રાહત મળે.

# માછીમારો માટે તારીખ ૧ જૂનથી ૧૫ ઓગસ્ટ સુધી મધદરિયામાં જવા પ્રતિબંધ

**સમય મિરર | પોરબંદર**

પોરબંદર સહિત ગુજરાતના માછીમારોનું વેકેશન તા. ૧ જુનથી ૧૫ ઓગસ્ટ સુધીનું જાહેર થયુ છે. ભારત સરકાર દ્વારા ૩૧ જુલાઇ સુધીનું જાહેર થયુ છે પરંતુ ગુજરાત સરકાર દ્વારા ચોમાસા દરમ્યાન સમુદ્ર વધુ રફ હોવાથી માછીમારોની માંગણી અનુસંધાને વેકેશન લંબાવવામાં આવ્યુ છે.પોરબંદરના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક તુષારભાઇ કોટીયા દ્વારા પોરબંદર જિલ્લાના તમામ માછીમારો, એસોસીએશન તથા આગેવાનોને જણાવવામાં આવ્યુ હતુ કે ભારત સરકારના કૃષિ, પશુપાલન, ડેરી અને મત્સ્યોદ્યોગ, દિલ્હીના હુકમથી પ્રાદેશિક જળ વિસ્તારની બહાર ઇન્ડીયન એકસકલુસીવ ઇકોનોમીક ઝોન (BT)માં ફિશીંગ બાન જાહેર કરેલ છે. તેમાં પશ્ચિમ દરિયાઇ



કાંઠા વિસ્તારમાં ૧ જૂનથી ૩૧ જુલાઇ ૨૦૨૫નો સમયગાળો રાખવામાં આવેલ છે.

રાજ્યમાં આ પ્રતિબંધમાંથી નોન મોટરાઇઝડ ક્રાફ્ટ (લાકડાની બિનયાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડીયા માછીમારોને બાકાત રાખવામાં આવે છે.આ આદેશનો ભંગ કરનાર સામે ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો-૨૦૦૩ની કલમ -૬/૧(ટ)ના ભંગ બદલ કલમ-૨૧/૧ (ચ) મુજબ દંડને પાત્ર થશે.

# રાજકોટ સહિત રાજ્યના ૩૫ ST ડેપો મેનેજર કક્ષાના અધિકારીની બદલી

## રાજકોટમાં જામનગરના વહિવટી અધિકારી જે.વી. કણઝારિયાને મુકાયા

**સમય મિરર | રાજકોટ**

રાજયના એસ.ટી. નિગમ દ્વારા લાંબા સમય બાદ ટ્રાન્સફરના ઓર્ડર કરવામાં આવ્યા હતા. જેમાં ડેપો મેનેજર કક્ષાના સૌરાષ્ટ્ર-કચ્છના ૧૮ સહીત રાજયના ૩૫ અધિકારીની બદલી કરવામાં આવી છે અને બદલીના સ્થળે વહેલી તકે હાજર થઇ ચાર્જ સંભાળવા આદેશ કરાયો છે. જયારે કેટલાક અધિકારીઓને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

ગુજરાત રાજય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા કરાયેલા ઓર્ડરમાં રાજકોટ ડિવિઝન હેઠળના ડેપોમાંથી સિનિયર ડીએઇ એસ.પી. માત્રોનીની વલસાડ, ગોંડલ ડેપોના મેનેજર કે.એમ. જાડેજાની મહુવા, ઉપલેટાના આર.જી. ઠુમ્મરની જામજોધપુર, અરસપરસ બદલી કરાઇ છે. જયારે સિનિયર લેબર ઓફિસર ડી.યુ. વાઘેલાની સેન્ટ્રલ ઓફિસમાં બદલીનો ઓર્ડર કરાયો છે. ઉપરાંત જામનગરના વહીવટી અધિકારી જે.વી. કણઝારીયાની રાજકોટ, ડીએમઇ એન.સી. સોનીની રાજકોટ ખાતે બદલી કરાઇ છે. મોટા ભાગના અધિકારીઓને પોતાના ઝોનમાં જ બદલીના ઓર્ડર કરાયા છે. અમુક અધિકારીઓની સ્વવિનંતીથી બદલી કરાઇ છે તો અમુકને એક જ સ્થળે ફરજને ત્રણ વર્ષ પૂર્ણ થતા હોય તેમની



બદલી કરાઇ છે. જ્યારે અમુકને તેમની જગ્યાએ યથાવત રાખીને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તમામ અધિકારીઓને અવેજીની રાહ જોયા વિના બદલીના સ્થળે તાત્કાલિક હાજર થવાનું રહેશે અને જોઇનિંગ ટાઇમ બદલીના સ્થળે હાજર થયા બાદ મેળવી શકશે.

ઉપરોક્ત હુકમમાં રાજકોટ એસટી ડિવિઝનમાંથી સિનિયર ડીએમઇ, ગોંડલ ડેપો મેનેજર, ડેપ્યુટી ઇજનેર બાંધકામને વધારાની કામગીરીની સોંપણી, સિનિયર લેબર ઓફિસર સહિત ચારનો સમાવેશ કરાયો છે. દરમિયાન વિશેષમાં સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ ટૂંક સમયમાં બદલીના વધુ ઓર્ડર આવે તેવી પુરી શક્યતા છે.

### પત્રકાર પરિષદમાં જાહેરાત, ન્યાય નહીં મળે ત્યાં સુધી લડત વધુને વધુ ઉગ્ર બનતી જશે

# TRP હત્યાકાંડમાં મૃતકોના પરિવારને ન્યાય અપાવવા કોંગ્રેસ બનશે આક્રમક

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ટીઆરપી હત્યાકાંડને આજે તા. ૨૫મીએ એક વર્ષ પૂર્ણ થાય છે. એમ છતાં મૃતકોને ન્યાય મળ્યો નથી. જેની સામે કોંગ્રેસે શહેરભરમાં ન્યાય યાત્રા શરૂ કરી છે. ન્યાય અપાવવા રાજકીય કાનુની જંગ વધુ તેજ બનાવવા કોંગ્રેસે પત્રકાર પરિષદમાં જાહેર કર્યુ હતું.

પત્રકાર પરિષદને સંબોધન કરતા રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ એ જણાવ્યું હતું કે આજે એક વર્ષ પૂરું થાય છે ત્યારે કોંગ્રેસ છેલ્લા પાંચ દિવસથી રાજકોટ શહેરમાં જનજાગૃતિ અભિયાન ચલાવી રહી છે જુદી જુદી જે માંગો સરકાર સમક્ષ કરવામાં આવી હતી તે આજદિન સુધી સ્વીકારવામાં આવી નથી. ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર યુક્ત શાસન ચાલી રહ્યું છે તેનું આ ગેમ ઝોન જીવતું જાગતું ઉદાહરણ છે. પદાધિકારીઓની ભૂમિકા હતી પરંતુ કોર્પોરેટરો અને પદાધિકારીઓનો ભ્રષ્ટાચાર બહાર ન આવે એટલા માટે કલીન ચીટ અપાય છે. રાજકોટમાં એક ટાવરમાં ત્યારબાદ આગ લાગી હતી તેમાં પણ કશું જ થયું નથી રેસીડેન્સીમાં ભાજપના આગેવાનની ઓફિસ હોવાને પગલે એટલાન્ટિકા એપાર્ટમેન્ટનું પ્રકરણ દબાવી દેવામાં આવ્યું છે.

પત્રકાર પરિષદના અધ્યક્ષ સ્થાનેથી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સેવા દળના અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ દ્વારા જણાવ્યું હતું કે TRP ગેમ ઝોન ને આવતીકાલે એક વર્ષ થાય છે ત્યારે મૃતક પરિવારને પૂરતું



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

વળતર ચૂકવવામાં સરકાર અસફળ રહી છે જ્યારે હરણીકાંડમાં મળતકોને પરિવારોને ૩૧ લાખ અને મોરબી કાંડમાં મૃતક પરિવારોને ૨૧ લાખ કોંગ્રેસના આંદોલન પછી સરકાર ઉપર દબાણ આવતા ચૂકવવાની ફરજ પડી છે. ટીઆરપી ગેમ ઝોન મુદ્દે સરકારે મગનું નામ મરી નથી પાડતુ. હરણી કાંડમાં મુખ્યમંત્રી સામે મહિલાએ અવાજ ઉઠાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે તમે એજન્ડા સાથે આવ્યા છો. રજૂઆત કરનાર આવનાર મહિલાની ધરપકડ કરવામાં આવી હતી તે બહેનના ઘરે નોટીસો ફટકારવામાં આવી હતી સરકાર દ્વારા દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હાલ રાજકોટમાં છેલ્લા આઠ દિવસથી સંવેદનારથ, પત્રિકા જનજાગૃતિ અભિયાન અને લડાઈ કોંગ્રેસ પક્ષ કરી રહી છે જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી લડાઈ ચાલુ રાખવામાં આવશે આજે સાંજે ૭:૩૦ કલાકે જિલ્લા પંચાયત ચોકમાં કેન્ડલ માર્ચનું વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

પત્રકાર પરિષદમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી દ્વારા ઉપસ્થિત સૌ પત્રકાર મિત્રોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, સંજયભાઈ અજુડીયા, મહામંત્રી ભાવેશભાઈ બોરીચા, તુષારભાઈ નંદાણી, રાજદીપસિંહ જાડેજા, યજ્ઞેશભાઇ દવે, ગોપાલભાઈ અનડકટ, ડી પી મકવાણા, બિંદિયાબેન તન્ના, કિંજલબેન જોષી, દિલીપભાઈ આસવાણી, પ્રવીણભાઈ કાકડીયા, યુનૂશભાઈ જુણેજા, નિદતભાઈ બારોટ, અજીતભાઈ વાંક, નિલેશભાઈ મારુ, રહીમભાઈ સોરા, હંસાબેન સાપરિયા, જયાબેન ચૌહાણ, નયનાબા જાડેજા સહિતના પ્રભારીશ્રીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરમતીથી વેરાવળ માટે વંદે ભારત ટ્રેનનું લોકાર્પણ

**સમય મિરર | રાજકોટ**

ગુજરાતમાં રેલવે ઈતિહાસમાં એક વધુ મહત્વપૂર્ણ ઉમેરો થતાં સાબરમતીથી વેરાવળ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું આરંભ ૨૬ મે, ૨૦૨૫ના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દાહોદથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કરવામાં આવશે. ૨૬ મેના રોજ વેરાવળથી સવારે ૧૧:૩૦ કલાકે શરુ થશે આ ટ્રેન રીક્લાઇનિંગ સીટો, મોબાઇલ ચાર્જિંગ પોઇન્ટ, બાયો-ટોઇલેટ્સ, CCTV કેમેરા અને ઓટોમેટિક એન્ટ્રી/એક્ઝિટ ગેટ જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. ટ્રેન નંબર ૦૯૫૦૨ તરીકે ઉદઘાટન ૨૬ મેના રોજ વેરાવળથી સવારે ૧૧:૩૦ કલાકે શરૂ થશે અને સાંજના ૬:૨૫ વાગ્યે સાબરમતી પહોંચશે, જે દરમિયાન જૂનાગઢ, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર અને વિરમગામ સ્ટેશનો પર થોભશે.

ગુરુવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ સેવા આપશે ૨૭ મેથી ટ્રેનની નિયમિત સેવાઓ શરૂ થશે. ટ્રેન નં. ૨૬૯૦૧ સાબરમતીથી રોજ સવારે ૫:૨૫ કલાકે નીકળશે અને બપોરે ૧૨:૨૫ વાગ્યે વેરાવળ પહોંચશે. રિવર્સ રૂટ માટે ટ્રેન નં. ૨૬૯૦૨ વેરાવળથી બપોરે ૨:૪૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૯:૩૫ વાગ્યે સાબરમતી પહોંચશે. બંને ટ્રેન ગુરુવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ સેવા આપશે.

૨૫ મેથી PRS કાઉન્ટર અને IRCTC પર બુકિંગ શરુ આ ટ્રેનમાં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ કોચની વ્યવસ્થા છે. બુકિંગ ૨૫ મે, ૨૦૨૫થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે. વંદે ભારત ટ્રેન ગુજરાતના પ્રવાસીઓને ઝડપ, સુવિધા અને વિશ્વસનીયતા સાથે પ્રવાસનો એક નવો અનુભવ આપે એવી અપેક્ષા છે.

**તંત્રીલેખ**



## ચીનની પાકિસ્તાન અને તાલિબાન સાથેની દોસ્તીથી ભારતને કેટલો ખતરો?

ભારતના વિદેશમંત્રી એસ જયશંકરે ગયા ગુરુવારે તાલિબાનના કાર્યકારી વિદેશમંત્રી અમીર ખાન મુત્તકી સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. ઑગસ્ટ ૨૦૨૧માં તાલિબાન પુનઃ સત્તા પર આવ્યા પછીથી ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આ પ્રથમ ઉચ્ચસ્તરીય રાજદ્વારી વાતચીત હતી. આ વાતચીત છઠ્ઠી અને સાતમી મે વચ્ચેની રાત્રે શરૂ થયેલા ભારતપાકિસ્તાન સંઘર્ષ પછી થઈ હતી. જયશંકરની વાતચીત પહેલાં ચાલુ વર્ષની શરૂઆતમાં વિદેશ સચિવ વિક્રમ મિસરી અને અમીર ખાન મુત્તકીની દુબઈમાં મુલાકાત થઈ હતી. આ મુલાકાતને નવી દિલ્હી અને કાબુલ વચ્ચેના સંબંધો મજબૂત કરવાના પ્રયાસના ભાગરૂપે જોવામાં આવી હતી. લોકશાહી શાસનના બે દાયકા દરમિયાન ભારતે અફઘાનિસ્તાનમાં ઘણું મોટું રોકાણ કર્યું હતું. તે દરમિયાન ઘણા અફઘાન વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં આવતી હતી. અફઘાનિસ્તાનની સેનાના અધિકારીઓ ભારતમાં ટ્રેનિંગ માટે પણ આવતા હતા. અફઘાનિસ્તાનનું નવું સંસદ ભવન પણ ભારતે જ બનાવ્યું હતું. પરંતુ, તાલિબાન ફરીથી સત્તામાં આવ્યા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. ત્યાર પછી પાકિસ્તાન અને ચીન જેવા ભારતના ક્ષેત્રીય હરીફોને ત્યાં પોતાનો પ્રભાવ વધારવાનો માર્ગ મળી ગયો હતો.

આ દરમિયાન ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રાજદ્વારી સ્તરે સંપર્ક જળવાઈ રહ્યો, જેને વિદેશ મંત્રાલયમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાન બાબતોના સંયુક્ત સચિવે જાળવી રાખ્યો હતો. ભારત તાલિબાનને માન્યતા નથી આપતું, પરંતુ, જૂન ૨૦૨૨થી કાબુલમાં ભારતનું એક તકનીકી મિશન ચાલે છે, જેનો હેતુ અફઘાનિસ્તાનમાં માનવીય મદદ પહોંચાડવાનો છે. એક પણ દેશે હજુ સુધી ઔપચારિક રીતે તાલિબાન સરકારને માન્યતા નથી આપી. પરંતુ, લગભગ ૪૦ દેશે કોઈક ને કોઈક સ્વરૂપે અફઘાનિસ્તાન સાથે રાજદ્વારી કે અનૌપચારિક સંબંધો જાળવી રાખ્યા છે. તાલિબાન સત્તામાં આવ્યા પછી ૩૧ ઑગસ્ટ, ૨૦૨૧એ ભારતે તાલિબાન સાથે વાતચીતની શરૂઆત કરી હતી. એ સમયના કતરમાંના રાજદૂત દીપક મિત્તલે તાલિબાનના રાજદ્વારી કાર્યાલયના પ્રમુખ શેર મોહમ્મદ અબ્બાસ સ્તાનિકઝઈ સાથે દોહામાં મુલાકાત કરી હતી. જે આ બંને દેશ વચ્ચેની સાર્વજનિક રીતે સ્વીકૃત પહેલી વાતચીત હતી. ઑક્ટોબર ૨૦૨૧માં રશિયામાં ભારતીય અધિકારીઓએ નવ અન્ય દેશો સાથે તાલિબાન સાથે ફરી મુલાકાત કરી અને આવશ્યક માનવીય સહાયતા અંગે ચર્ચા કરી. ગયા વર્ષે ભારતીય રાજદ્વારી જેપીસિંહે તાલિબાનના કાર્યકારી સુરક્ષામંત્રી મુલ્લા યાકુબ સાથે મુલાકાત કરી હતી. વાતચીત દરમિયાન ભારતે અફઘાનિસ્તાનને ઈરાનના ચાબહાર પોર્ટ દ્વારા ભારત સાથે વેપાર વધારવાની ઑફર કરી હતી.

ભારત ઈરાનમાં ચાબહાર પોર્ટ બનાવી રહ્યું છે, જેથી પાકિસ્તાનના કરાચી અને ગ્વાદર પોર્ટને બાયપાસ કરીને ઈરાન અને મધ્ય એશિયા સાથે વેપાર કરી શકે. સ્વસ્તિ રાવ કહે છે, ''ભારતમાં કહેવાય છે કે તાલિબાન આપણી સાથે છે, પરંતુ એ અર્ધસત્ય છે. હકીકતમાં ચીન અફઘાનિસ્તાનમાં ખૂબ મોટું પ્લેયર છે અને તેનું ત્યાં ખૂબ મોટું રોકાણ છે. તેથી ભારતે સાવચેત રહેવાની જરૂર છે. તાલિબાનને ખબર છે કે આ ક્ષેત્રમાં ભારતથી મોટું ખેલાડી ચીન છે, તેથી તાલિબાન સંતુલન જાળવીને આગળ વધી રહ્યું છે.'' એક તરફ ભારતે તાલિબાન સાથે વાતચીતની પરંપરા ચાલુ રાખી છે અને બીજી તરફ તેને માનવીય સહાયતા પણ પહોંચાડી છે. ત્રણે દેશોએ ચીનપાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી)નું અફઘાનિસ્તાન સુધી વિસ્તરણ કરવા અંગે સહમતિ દર્શાવી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા બહાર પડાયેલા નિવેદનમાં કહેવાયું છે કે ચીન અને પાકિસ્તાને બેલ્ટ ઍન્ડ રોડ ઇનિશિએટિવ (બીઆરઈ) સહયોગના વ્યાપક માળખા હેઠળ ચીનપાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (સીપીઈસી)નું અફઘાનિસ્તાન સુધી વિસ્તરણ કરવાનું સમર્થન કર્યું છે. ચીને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનનાં ક્ષેત્રીય અખંડતા, સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય ગરિમાનું રક્ષણ કરવાનું પણ સમર્થન કર્યું છે. ભારત સીપીઈસીનો વિરોધ કરતું રહ્યું છે, કેમ કે, આ કોરિડોર પાકિસ્તાન પ્રશાસિત કાશ્મીરમાંથી પસાર થાય છે. સીપીઈસી ચીનની 'બેલ્ટ ઍન્ડ રોડ ઇનિશિએટિવ' પરિયોજનાનો ભાગ છે, તેથી ભારત તેનો પણ વિરોધ કરે છે. ચીન તરફથી બહાર પડાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે, ''અફઘાનિસ્તાન અને પાકિસ્તાને રાજદ્વારી સંબંધોને આગળ વધારવાની સ્પષ્ટ ઇચ્છા વ્યક્ત કરી છે. બંને દેશ ટૂંક સમયમાં રાજદૂતોનું આદાન-પ્રદાન કરવા માટે સૈદ્ધાંતિક રીતે સંમત થયા છે. ચીન અને પાકિસ્તાન અફઘાનિસ્તાનના પુનર્નિર્માણ અને વિકાસ માટે સમર્થન કરે છે.''

ચીન, ૨૦૨૧માં તાલિબાન સરકાર સત્તામાં આવ્યા પછી તેની સાથે રાજદ્વારી સંબંધ ચાલુ રાખનાર આરંભિક દેશોમાંનો એક હતો. આ મુલાકાતને પાકિસ્તાનની ભારત વિરુદ્ધની રાજદ્વારી રણનીતિ અને ક્ષેત્રીય સમર્થન મેળવવાના પ્રયાસ તરીકે જોવાઈ રહી છે. પાકિસ્તાને પોતાના નિવેદનમાં કહ્યું છે કે, ક્ષેત્રમાંથી આતંકવાદને સમાપ્ત કરવા અને સુરક્ષા સહયોગ વધારવા પર પણ બધા પક્ષોએ સંમતિ દર્શાવી છે. નવી દિલ્હીસ્થિત સ્વતંત્ર સંશોધક અને વિદેશી બાબતોનાં જાણકાર રુશાલી સાહાનું માનવું છે કે પાકિસ્તાન અને તાલિબાન શાસન વચ્ચેના સંબંધો સુધારવામાં ચીન મદદ કરી રહ્યું છે, જેનાથી ચોક્કસપણે ભારતની ચિંતાઓ વધશે. ''તાજેતરમાં તાલિબાન અને ઈસ્લામાબાદ વચ્ચે મહત્ત્વપૂર્ણ મુદ્દા પર વાટાઘાટ થઈ છે. જે અફઘાન શરણાર્થીઓને મોટા પાયે નિર્વાસિત કરવા, ગયા વર્ષના ડિસેમ્બરમાં સીમા પારના હવાઈ હુમલા અને સૈન્યસંઘર્ષના કારણે જન્મેલી કડવાશ પછી સંબંધોમાં આવેલા કૂણા વલણનો સંકેત છે. પાકિસ્તાન અને તાલિબાન વચ્ચેના સંબંધોને ચીન સરળ બનાવી રહ્યું છે. જે બીજિંગઇસ્લામાબાદતાલિબાનના વધતા ગઠબંધનનો સંકેત આપે છે. તેનાથી નવી દિલ્હીમાં ચિંતા વધશે એ નિશ્ચિત છે.'' ''નિવેદનોમાં કરવામાં આવેલી આર્થિક પ્રતિબદ્ધતાઓએ હજુ પણ લાંબી મજલ કાપવાની છે. સીપીઈસી પર કશી પ્રગતિ નથી થઈ અને નજીકના ભવિષ્યમાં પણ કશી પ્રગતિ થવાની આશા નથી. પરંતુ, ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ પછી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનને પોતાના ક્ષેત્રમાં ફરીથી સામેલ કરવાની ચીનની કોશિશ નવી દિલ્હી માટે પરેશાનીનું કારણ બની શકે છે.'' અફઘાનિસ્તાને જે નિવેદન બહાર પાડ્યું છે તેમાં 'આતંકવાદ' જેવા શબ્દનો ઉલ્લેખ નથી. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલય તરફથી બહાર પડાયેલા નિવેદનમાં રાજદ્વારી અને આર્થિક સંબંધ વધારવા પર ભાર મુકાયો છે. ૨૦૨૧માં તાલિબાન ફરીથી સત્તામાં આવ્યા પછી બંને દેશ વચ્ચેના સંબંધો વધુ તણાવગ્રસ્ત થયા છે. વર્ષ ૨૦૨૪માં ડિસેમ્બર મહિનામાં પાકિસ્તાને પૂર્વી અફઘાનિસ્તાનમાં હવાઈ હુમલા કર્યા હતા. તાલિબાન સરકાર અનુસાર, આ હુમલામાં સેંકડો લોકો માર્યા ગયા હતા. તેનાથી બંને દેશ વચ્ચેના તણાવમાં વધારો થયો. આ હુમલાનાં થોડાંક અઠવાડિયાં પછી ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી દુબઈમાં મુત્તકી સાથે વાતચીત માટે પહોંચ્યા હતા. દાયકાઓથી લાખો અફઘાન શરણાર્થી પાકિસ્તાનમાં રહે છે. જે આ બંને દેશ વચ્ચેના તણાવનું કારણ પણ છે. પાકિસ્તાને ભૂતકાળમાં ઘણી વખત શરણાર્થીઓને પાછા મોકલવાની કોશિશ પણ કરી છે. પરંતુ હવે સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં જણાવાયું છે કે, પાકિસ્તાનમાંથી અફઘાન શરણાર્થીઓની સ્વદેશવાપસી અને નિષ્કાસનમાં ઝડપ આવી છે. રિપોર્ટ અનુસાર, ''૨૦૨૩માં શરણાર્થીઓને પાછા મોકલવાની પ્રક્રિયા શરૂ થયા પછીથી કુલ ૯ લાખ ૧૭ હજાર ૧૮૯ અફઘાન નાગરિકો પાકિસ્તાન છોડીને સ્વદેશ પાછા ફર્યા છે. ૬થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ વચ્ચે કુલ ૫૫,૪૨૬ અફઘાન નાગરિક સ્વદેશ પાછા ગયા છે અથવા તેમને જબરજસ્તી પાછા મોકલવામાં આવ્યા છે. આ સંખ્યા સરેરાશ પ્રતિદિવસ ૫,૨૦૦ લોકો પાછા જવાની છે.''

તાજેતરમાં આ શરણાર્થીઓને ભારતે મદદ પહોંચાડી હતી. તાલિબાનના શરણાર્થી મંત્રાલયે જાહેરાત કરી હતી કે ભારત સરકારે 'પાકિસ્તાનમાંથી કાઢી મુકાયેલા' હજારો અફઘાન પરિવારોને માનવીય સહાયતા આપી છે. ''પાકિસ્તાન અને તાલિબાન નિકટ નથી આવી રહ્યા, આ બધું ચીનના નેતૃત્વમાં થઈ રહ્યું છે. ચીન નથી ઇચ્છતું કે આ દેશોમાં તેનાં આર્થિક હિતો ખતમ થઈ જાય. બંને વચ્ચેના ટીટીપી, પશ્તૂન રાષ્ટ્રવાદ અને ડૂરંડ લાઇન સરહદ વિવાદનો અત્યાર સુધી ઉકેલ નથી આવ્યો.'' પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સરહદને ડૂરંડ લાઇન કહે છે. અફઘાનિસ્તાનની કોઈ પણ સરકારે આ સીમારેખાનો સ્વીકાર નથી કર્યો.

# ભારતમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને હાંકી કઢાયા બાદ તેમની હાલત ધોબીના કૂતરા જેવી થઈ રહી છે

## મિનિ બાંગ્લાદેશ ચંડોળા તળાવની ગેરકાયદે વસાહત પર થયેલી કાર્યવાહી બાદ અત્યાર સુધી અહ્ટે દ્વારકા કરીને રહેતા બાંગ્લાદેશીઓ માટે ઘણાં'યને હેત ઉભરાઈ રહ્યું છે

**પ્રસંગ રંગ**
– પી.એન.જાડેજા

ગુજરાત સરકારે લગભગ ૮૯૦ લોકોને ગેરકાયદે બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ હોવાના આરોપસર તાજેતરમાં અટકાયતમાં લીધા હતા. એ પૈકીના ૭૪૦ લોકોને થોડા દિવસ પછી મુક્ત કરવામાં આવ્યા હતા. દરેક પાસે ઓળખપત્ર, આધાર કાર્ડ હતાં. તેઓ દાયકાઓથી ભારતમાં રહેતા હતા.દેશનિકાલ કરાયેલા લોકોની ચોક્કસ સંખ્યા વિશેના સવાલના જવાબમાં અમદાવાદના જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઇમ) શરદ સિંઘલે કહ્યું હતું, ''ચોક્કસ સંખ્યા ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ દેશનિકાલની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અમે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને તેમના વતન પાછા મોકલી રહ્યા છીએ.''તેમની નાગરિકતાની ચકાસણી કરવામાં આવી હતી, જ્યારે ઘણા લોકોને બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા હતા. ગુજરાતનાં સુરત, વડોદરા અને રાજકોટ શહેરમાં પણ આવી જ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત પોલીસે તાજેતરમાં સુરતમાંથી ૩૦૦થી વધુ લોકોને બાંગ્લાદેશ મોકલી આપ્યા હતા. આ લોકોની ઓળખ 'બાંગ્લાદેશી' તરીકે થઈ હતી. તેમને અમદાવાદથી ખાસ વિમાનમાં ત્રિપુરા મોકલવામાં આવ્યા હતા અને ત્યાંથી તેમને બાંગ્લાદેશ મોકલી દેવાયા હતા. એક અહેવાલ મુજબ, ૭૨ લોકો બાંગ્લાદેશના ખાગરાછારી વિસ્તારમાં પ્રવેશ્યા હોવાની પુષ્ટિ બાંગ્લાદેશના સ્થાનિક અધિકારીઓએ કરી હતી.આ લોકો માટીરંગા, શાંતિપુર અને પંચારી સરહદેથી પ્રવેશ્યા હોવાની પુષ્ટિ ખાગરાછારીના ઍડિશનલ ડેપ્યુટી કમિશનર નઝમલ આરા સુલ્તાનાએ આપી હતી.



અટકાયતમાં લેવાયેલા ઘણા લોકો બંગાળી બોલી શકે છે. અટકાયતીઓ પાસેથી જાણવા મળ્યું હતુ કે બોર્ડર સિક્યોરિટી ફોર્સના સભ્યો તેમને ગુજરાતથી વિમાન દ્વારા ત્રિપુરા લાવ્યા હતા. પછી તેમને એક કલાક ચલાવીને બીએસએફ દ્વારા સરહદ પાર મોકલી આપવામાં આવ્યા હતા.''અટકાયતમાં લેવામાં આવેલા લોકોને હાલમાં બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (બીજીબી)ની નજર હેઠળ સરહદ પરનાં વિવિધ ઘરોમાં રાખવામાં આવ્યા છે. આ લોકોનું હવે શું કરવામાં આવશે, એવો સવાલ કરવામાં આવ્યો ત્યારે નઝમુલ આરા સુલ્તાને કહ્યું હતું, ''આ મામલે બીજીબી અને વહીવટીતંત્ર સાથે મળીને કામ કરી રહ્યાં છે. હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.''ગુજરાત સરકાર દ્વારા 'બંગાળીભાષી મુસ્લિમો' સામે અચાનક રાજ્યવ્યાપી કાર્યવાહીને પગલે ઘણા પ્રશ્નો ઊભા થયા છે.ગુજરાતના એક વરિષ્ઠ વકીલ આનંદ યાજ્ઞિકે ગુજરાતમાં બાંગ્લાભાષી મુસ્લિમો સાથે થતા 'ભેદભાવ અને અમાનવીય વર્તન' સંબંધે ઓછામાં ઓછી ચાર અરજીઓ અત્યાર સુધીમાં દાખલ કરી છે.તેમણે કહ્યું હતું, ''આ ચોક્કસ ઘટનામાં અટકાયતમાં લેવામાં આવેલા કુલ પૈકીના લગભગ ૯૦ ટકા લોકો ભારતીય નાગરિક હોવાનું જાણવા મળ્યું છે. અન્ય લોકો પણ બાંગ્લાદેશી નાગરિક હોવાનું સાબિત થયું નથી. તે સ્પષ્ટપણે દર્શાવે છે કે પોલીસ તેમને કેવી રીતે હેરાન કરે છે.''આનંદ યાજ્ઞિકના મતાનુસાર, ''ભારતીય બંધારણ કાયદા સમક્ષ સમાનતા અને જીવન તથા સ્વાતંત્ર્યના અધિકારની ખાતરી આપે છે. છતાં ઘણા બાંગ્લાભાષી મુસ્લિમો માટે આ અધિકાર વધુને વધુ શરતી લાગે છે.''''બાંગ્લાભાષી મુસ્લિમોને, તેઓ બાંગ્લાદેશના લોકો જેવી જ ભાષા બોલતા હોવાને કારણે અલગ તારવવામાં આવતા હોય એવું ધ્યાનમાં આવ્યું છે. પરિણામે, તેમની પાસે જરૂરી ઓળખપત્રો હોવા છતાં અને તેઓ પેઢીઓથી અહીં રહેતા હોવા છતાં તેમને બાંગ્લાદેશી ગણવામાં આવે છે.''જોકે, ગુજરાત સરકાર કહે છે કે દેશનિકાલ કરાયેલા લોકો રાજ્યમાં 'ગેરકાયદે' રહેતા હતા.અમદાવાદના ચંડોળા તળાવ ડિમોલિશન બાબતે મીડિયા સાથે વાત કરતાં રાજ્યકક્ષાના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું, ''આ લોકો પશ્ચિમ બંગાળથી મેળવેલા નકલી દસ્તાવેજોના આધારે અહીં રહેતા હતા. અમદાવાદ આવ્યા પહેલાં તેઓ દેશના અન્ય ભાગોમાં રહેતા હતા. એ વિસ્તારમાં ઘણા ગુનેગારો પણ રહેતા હતા.''અમદાવાદના પોલીસ કમિશનર જી. એસ. મલિકે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ઘણા ગેરકાયદે બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ રહેતા હોવાની માહિતી મળી હતી. એ વિસ્તાર ગેરકાયદે પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગયો હતો. તેમાં ડ્રગ્સનો વેપાર, સગીર છોકરીઓને સાંકળતી વેશ્યાવૃત્તિ અને બીજી ઘણી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં 'અતિક્રમણ વિરોધી અભિયાન' દરમિયાન સરકારે તોડી પાડેલાં સેંકડો ઘરોમાં હાફિઝાબાનોનું ઘર પણ સામેલ હતું.આંખોમાં આંસુ સાથે હાફિઝાબાનો એટલું જ કહી શક્યાં કે ''હું ત્રણ દાયકાથી અહીં રહું છું. મારા પતિ ૨૦ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યા ત્યારથી ટકી રહેવા માટે મેં સખત મહેનત કરી હતી. હવે મેં બધું ગુમાવી દીધું છે.''તેઓ હવે અમદાવાદમાં એક દરગાહ પાસે રસ્તા પર રહે છે. હાફિઝા કહે છે, ''હું ક્યાંય જઈ શકું તેમ નથી. મારો એકમાત્ર વાંક એ છે કે હું બંગાળી ભાષા બોલું છું. મારી પાસે જે કંઈ બચ્યું છે તેમાંથી એક ઓરડો શોધવાનો પ્રયાસ મેં કર્યો હતો, પરંતુ લોકોએ એક બંગાળી મુસ્લિમ મહિલાને ઘર ભાડે આપવાનો ઇન્કાર કર્યો હતો.''હાફિઝા શેરીમાં તથા ઝાડ નીચે રહેવાં મજબૂર છે ત્યારે કેટલાક લોકો અમદાવાદના સરદાર નગર વિસ્તારમાંના એક અટકાયત કેન્દ્રમાં વધુ આકરી પરિસ્થિતિમાં જીવી રહ્યા છે.સરદાર નગર અટકાયત કેન્દ્રની નવનિર્મિત સાંકડી કોટડીઓમાં પરિવારોને રાખવામાં આવ્યા હતા. તેમાં પંખા ન હતા. કેટલાક પરિવારોની કોટડીઓની બહાર એક પંખો હતો. એ પંખો અટકાયતી લોકો નહીં, પરંતુ ગાર્ડ જ ઑપરેટ કરી શકતો હતો.

મહિલાઓ, બાળકો અને અન્ય શંકાસ્પદ પુરુષોને કોટડીઓમાં રાખવામાં આવ્યાં હતાં. તેમણે દિવસના મોટાભાગના સમયમાં કોટડીઓમાં જ રહેવું પડતું હતું. નવનિર્મિત ડિટેન્શન સેન્ટર અદ્દલ એક 'જેલ' જેવું જ છે. ચારે તરફથી રક્ષિત ઊંચી દિવાલો, એક મોટો દરવાજો, નાની કોટડીઓ અને થોડી ખુલ્લી જગ્યા. અંદર પ્રવેશો ત્યારે રિસેપ્શન એરિયા આવે છે. એ પછી કર્મચારીઓ માટેના શૌચાલય દેખાય છે.ડાબી બાજુ વળીએ ત્યારે એક પરસાળમાં પ્રવેશી શકાય છે, જ્યાં દરેક બાજુએ લગભગ ચાર કોટડી છે. ગ્રાઉન્ડ ફ્લોર પર આવી લગભગ આઠ કોટડીઓ છે.કોર્ટના આદેશ છતાં 'લોકોને ગેરકાયદે અટકાયતમાં રાખવામાં આવ્યા હોય અને તેમને ત્રાસ આપવામાં આવતો હોય' તેવા કિસ્સાઓ પણ છે.'ઢાકા ટ્રિબ્યુન'ના અહેવાલ મુજબ, બાંગ્લાદેશના ગૃહ મંત્રાલયના સલાહકાર લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) મોહમ્મદ જહાંગીર આલમ ચૌધરીએ દાવો કર્યો હતો કે ભારતે કથિત રીતે 'ગેરકાયદે બાંગ્લાદેશીઓને બાંગ્લાદેશમાં ધકેલવાના પ્રયાસ' કર્યા છે.તેમના કહેવા મુજબ, ભારતે એ લોકોને બ્રાહ્મણબારિયા બોર્ડર પર ધકેલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બીજીબી અને સ્થાનિક રહેવાસીઓએ તે પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.તેમણે કહ્યું હતું, ''સ્ટાન્ડર્ડ પ્રોટોકોલનું પાલન કરવા અને સરહદ પાર લોકોને ધકેલવાની પ્રવૃત્તિ બંધ કરવા અમે ભારતને વિનંતી કરીએ છીએ.''એક અખબારના અહેવાલ મુજબ, આઠમી મેના રોજ ભારતને પાઠવેલા એક પત્રમાં 'બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે લોકોને દેશમાં ધકેલવા બાબતે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ભારતને ચેતવણી આપી હતી કે આવી કાર્યવાહીથી સુરક્ષા સંબંધી જોખમ સર્જાય છે અને પારસ્પરિક સમજણ નબળી પડે છે.'આ અખબારે એવું પણ લખ્યું છે કે '' બીજીબીએ જણાવ્યા અનુસાર અલગ-અલગ જિલ્લાઓ ખાતેથી ભારતે કુલ ૧૦૯ લોકોને બાંગ્લાદેશમાં ધકેલવાનો પ્રયાસ કર્યો છે. આ મહિના દરમિયાન કુલ ૫૦૦ જેટલા લોકોને ધકેલવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.''સરકારી ડેટા અનુસાર, ૨૦૦૬થી ૨૦૧૭ દરમિયાન બાંગ્લાદેશથી ૬૦,૦૦૦થી વધુ 'ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ'નો દેશનિકાલ કરવાં આવ્યો હતો.૨૦૦૯માં ૧૦,૦૦૦થી વધુ લોકોનો દેશનિકાલ કરવામાં આવ્યો હતો, જે આ સમયગાળાની સૌથી મોટી સંખ્યા છે. એ પછી ૨૦૧૦માં ૬,૨૯૦, ૨૦૧૧માં ૬,૭૬૧ અને ૨૦૧૨માં ૬,૫૩૬ લોકોનો દેશનિકાલ કરવામાં આવ્યો હતો.


લોકસભામાં ૨૦૨૫ની ૧૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવેલા એક માહિતી કોષ્ટકમાં જણાવ્યા મુજબ, ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની સરહદની લંબાઈ ૪,૦૯૬.૭૦ કિલોમીટરની છે. તે પાંચ રાજ્યોને જોડે છે. પશ્ચિમ બંગાળ સાથે સૌથી લાંબી ૨,૨૧૬.૭ કિલોમીટરની સરહદ છે. એ પછીના ક્રમે ત્રિપુરા (૮૫૬ કિલોમીટર), મેઘાલય (૪૪૩ કિલોમીટર), મિઝોરમ (૩૧૮ કિલોમીટર) અને આસામ (૨૬૩ કિલોમીટર)ની સરહદ આવે છે.સરકારી રેકોર્ડ જણાવે છે કે લગભગ ૮૬૪ કિલોમીટર સરહદે ફેન્સિંગ કરવાનું બાકી છે. તેમાં ૧૭૪.૫૧૪ કિલોમીટરના અસાધ્ય પ્રદેશનો સમાવેશ થાય છે.વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, મુશ્કેલ ભૂપ્રદેશ, માર્શલેન્ડ્સ, ભૂસ્ખલનનું જોખમ ધરાવતા વિસ્તારો અને જમીન સંપાદનમાં વિલંબ જેવા વિવિધ કારણોસર બંને દેશો વચ્ચેની સરહદે ફેન્સિંગ કરવાનું મુશ્કેલ છે. અત્યાર સુધીમાં સરહદના ૩,૨૩૨.૨૧૮ કિલોમીટર વિસ્તારમાં ફેન્સિંગ કરવામાં આવ્યું છે.ગુજરાતના સુરત શહેરમાં રહેતાં રેશ્માએ એક સ્થાનિક પત્રકારે ફેસબૂક પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં તેમના પતિને જોયાં હતાં. સુરત પોલીસે ૨૬ એપ્રિલે જે લોકોને અટકાયતમાં લીધા હતા તેમાં રેશમાના પતિ પણ હતા.રેશ્મા રડતાં રડતાં કહે છે, ''મારા પતિને માર મારવામાં આવ્યો હતો. અપમાનિત કરવામાં આવ્યા હતા અને એવું કબૂલ કરાવવામાં આવ્યું હતું કે તેઓ બાંગ્લાદેશી છે. બાંગ્લાદેશ તેમને સ્વીકારશે નહીં અને તેઓ અહીં રહે એવું ભારત ઇચ્છતું નથી. હવે હું શું કરીશ? મારું જીવન ખતમ થઈ ગયું છે.''

રેશ્મા એકલાં એકલાં નથી. રઝિયા, નાઝિન અને ગુજરાતનાં અન્ય સેંકડો બંગાળીભાષી મહિલાઓનું ભાવિ પણ કદાચ આવું જ છે, જેમને ગુજરાત સરકારે અચાનક 'ગેરકાયદે બાંગ્લાદેશી' જાહેર કર્યા છે. અમદાવાદની બંગાળી કોલોનીમાં રહેતાં રઝિયાના કહેવા મુજબ, તેમના પરિવારની પોલીસે ૨૬ એપ્રિલે ધરપકડ કરીને પોલીસ કસ્ટડીમાં ધકેલી દીધો હતો. ત્યારથી તેઓ પરિવારજનોને મળ્યાં નથી.રઝિયા કહે છે, ''મેં તેમને મળવાના અનેક પ્રયાસો કર્યા. તેમને છોડાવવા માટે મેં મારા પરિવાર અને સગાંઓના રેશનકાર્ડ્સ તથા સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ્સ જેવા દસ્તાવેજો પણ પોલીસને આપ્યાં હતાં, પરંતુ અમે પોલીસને મનાવી શક્યા નહીં. હવે એ બધા બાંગ્લાદેશમાં છે.'' બાંગ્લાદેશ પહોંચ્યા પછી એક સંબંધીએ રઝિયાને ફોન કર્યો હતો. રઝિયા કહે છે, ''તેમણે કોઈના ફોન પરથી મને ફોન કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તેઓ બાંગ્લાદેશ પહોંચી ગયા છે, પરંતુ ત્યાં તેઓ કોઈની પાસે જઈ શકે તેમ નથી.'' કર્મશીલો તથા વકીલોએ આ મુદ્દો ઘણીવાર ઉઠાવ્યો છે અને કહ્યું છે કે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને અટકાયતમાં લઈને પાછા મોકલવામાં આવે, પરંતુ બાંગ્લાભાષી મુસ્લિમોના ભોગે એવું ન થવું જોઈએ. ગેરકાયદે ઈમિગ્રન્ટ હોવાના આરોપસર અટકાયતમાં લેવાયેલા પૈકીના કેટલાક બાંગ્લાભાષી મુસ્લિમોએ વિવિધ અદાલતોના દરવાજા પણ ખખડાવ્યા છે. ગેરકાયદે બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ હોવાના આરોપસર અટકાયતમાં લેવાયેલા આમિર શેખને મુક્ત કરવાનો આદેશ ગુજરાત હાઇકોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૨માં આપ્યો હતો. આ કિસ્સામાં વહીવટી કાયદાના સ્પષ્ટ ઉલ્લંઘનની નોંધ કોર્ટે લીધી હતી અને આમિરને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

આમિરનાં માતા અને હાઇકોર્ટનાં અરજદાર રશીદા શેખે જણાવ્યું હતું કે 'બંગાળી ઓળખ'ને કારણે તેમણે ઘણીવાર ભેદભાવ અને પૂર્વગ્રહનો સામનો કરવો પડે છે. આવો અનુભવ માત્ર રશીદાનો જ નથી. 'ઝૂંપડપટ્ટી પુનર્વસન સંબંધી સકારી આવાસ યોજના' હેઠળ ૨૦૧૦માં જે લોકોને પ્લોટ ફાળવવામાં આવ્યા હતા તેમાં નઝરુ (નામ બદલ્યું છે)નો પણ સમાવેશ થાય છે. નઝરુએ કહ્યું હતું, ''કોઈ વ્યક્તિ ભારતીય નાગરિક ન હોય તો તેને સરકારી ઘર કેવી રીતે મળે? અમારા દસ્તાવેજોની અનેક વખત ચકાસણી કરવામાં આવી હતી અને એ પછી અમને ઘર ફાળવવામાં આવ્યું હતું.'' તેમ છતાં નઝરુ અને તેમનાં સંતાનોએ રોજિંદા પડકારોનો સામનો કરવો પડે છે. તેમનાં પૌત્ર-પૌત્રીઓ હવે બંગાળી બોલતાં નથી. તેઓ ગુજરાતી બોલતાં શીખી ગયાં છે. નઝરુએ કહ્યું હતું, ''પોલીસકર્મી સામાન્ય રીતે બંગાળી બોલતા હોય એવા લોકોને જ શોધે છે. તેથી નાનાં બાળકો હવે ફક્ત હિન્દી અને ગુજરાતી જ બોલે છે.''કથિત રીતે 'ગેરકાયદે' બાંગ્લાદેશીઓને ભારત તેમના પ્રદેશમાં પાછા ધકેલતું હોવાનો આક્ષેપ બાંગ્લાદેશે કર્યો છે.

# અપનાવો આ ત્રણ ખાસ ઉપાય, શ્રી હરિ આપશે તમામ કષ્ટોથી મુક્તિ

અપરા એકાદશીનું હિન્દુ ધર્મ અને જ્યોતિષની દ્રષ્ટિએ ઘણું મહત્ત્વ છે. દર વર્ષે જેઠ મહિનાના કૃષ્ણ પક્ષની એકાદશી તિથિએ આવે છે. આ વ્રત પાપોથી મુક્તિ અને આત્મશુદ્ધિ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. અપરા એકાદશીના દિવસે ઇચ્છિત ફળ મેળવવા માટે ખાસ વ્રત અને પાઠ પૂજા કરતાં હોઈએ છીએ. અપરા એકાદશીનું હિન્દુઓમાં વિશેષ મહત્ત્વ છે. ત્યારે આજના દિવસે જો તમે પણ આ ૩ ખાસ ઉપાય કરી લેશો તો તમારા પર પણ વરસશે શ્રી હરિની કૃપા. આજે એટલે કે ૨૩ તારીખને શુક્રવારે અપરા એકાદશીબુ વ્રત રાખવામાં આવશે. આ દિવસે જગતના પાલનહાર એવા ભગવાન વિષ્ણુની વિશેષ પૂજા અર્ચનાનું મહત્ત્વ છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે જો સાચા અને પવિત્ર મનથી ભગવાન વિષ્ણુની આરાધના કરવામાં આવે તો તેની બધુ તકલીફો શ્રી હરિ દૂર કરે છે.



આ દિવસે વ્રત, પૂજા ને ઉપવાસ કરવાથી જાતકને શુભ ફળ મળે છે. સાથે જ તો તમે એકાદશીનો પાઠ કરવાની સાથે અમુક ખાસ ઉપાયો પણ કરો છો તો આનાથી તમને ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. ચાલો જાણીએ આજના દિવસે કરવાના વિશેષ ઉપાયો વિશે. જો તમે આ એકાદશી પર સાંજે તુલસીના છોડ નીચે ઘીનો દીવો પ્રગટાવો છો. તો તમને ભગવાન વિષ્ણુના આશીર્વાદ પ્રાપ્ત થશે. ઉપરાંત આ દિવસે ભગવાન વિષ્ણુનું ધ્યાન કરો અને તુલસીના છોડની સાત વખત પરિક્રમા કરો. આનાથી તમારું સ્વાસ્થ્ય સારું રહેશે. આ દિવસે કેળાના ઝાડની પૂજા ધૂપ, દીવા અને ચોખાથી કરો અને પછી ભગવાન વિષ્ણુને કેસરનું દૂધ અર્પણ કરો. પછી આ દૂધ જાતે પીવો. આનાથી પતિ-પત્ની વચ્ચેનો સંબંધ મધુર બને છે.

જો તમને વ્યવસાયમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તો અપરા એકાદશીના દિવસે ૧૧ ગોમતી ચક્ર અને ૩ નાના એકાક્ષી નારિયેળ લઈને મંદિરમાં સ્થાપિત કરો અને પછી તેમની પૂજા કરો. તમે આ નારિયેળ બાંધો અને તેને ઓફિસ કે દુકાનના મુખ્ય પ્રવેશદ્વાર પર લટકાવી દો. આનાથી તમારા વ્યવસાયમાં નફો થશે. અપરા એકાદશી તિથિ ૨૨મી તારીખે બપોરે ૧:૧૩ વાગ્યે શરૂ થશે અને ૨૩મી તારીખે રાત્રે ૧૧ વાગ્યે સમાપ્ત થશે. આવી સ્થિતિમાં અપરા એકાદશીનું વ્રત શુક્રવાર ૨૩ મે ના રોજ રાખવામાં આવશે.


અપરા એકાદશીનું વ્રત હત્યા, હિંસા, ચોરી, છલકપટ, ખોટું બોલવું, ગુસ્સો, ઈર્ષ્યા અને ભ્રષ્ટાચાર જેવા ગંભીર પાપોનું પ્રાયશ્ચિત કરાવવા માટે માનવામાં આવે છે. બ્રાહ્મણો, ગુરુઓ અથવા વડીલોના અપમાનથી થતાં દોષોનો પણ આ વ્રત નાશ કરે છે.

આ વ્રતથી માત્ર માનસિક શાંતિ અને આત્મશુદ્ધિ જ મળે છે એટલું જ નહીં પરંતુ ભૂતકાળના પાપો અને માનસિક તણાવમાંથી પણ મુક્તિ મળે છે. આ વ્રત ભક્તોને શાંતિ, સમૃદ્ધિ, આધ્યાત્મિક ઉન્નતિ અને અંતે મોક્ષ તરફ દોરી જાય છે. એ ફક્ત ધાર્મિક રીતિ નહિ પણ જીવનમાં નવું ઉત્સાહ, પવિત્રતા અને ચેતના લાવનાર સાધન છે. જે ભક્ત સાચા હૃદયથી આ વ્રત કરે છે તેઓ ભગવાન વિષ્ણુની કૃપા પ્રાપ્ત કરે છે અને જીવનના દરેક અવરોધમાંથી મુક્ત થાય છે.

# લીવર ખરાબ થવા પર પેશાબમાં દેખાય છે પાંચ લક્ષણ, ભૂલથી પણ ન કરતાં નજરઅંદાજ

પેશાબમાં દેખાતા આ ૫ લક્ષણો લીવર ખરાબ થવાના સંકેત હોઈ શકે છે. તેથી સમયસર તેને શોધી અને ડોક્ટરનો સંપર્ક કરો. આપણું લીવર શરીરનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે લોહી સાફ કરવા, ઝેરી તત્વો દૂર કરવા, પાચનમાં મદદ કરવા અને જરૂરી પ્રોટીન બનાવવાનું કામ કરે છે. જ્યારે લીવર યોગ્ય રીતે કામ કરવાનું બંધ કરે છે, ત્યારે શરીરમાં ઘણા ફેરફારો દેખાવા લાગે છે અને તેમાંથી પ્રથમ પેશાબમાં દેખાય છે. આ સંકેતો શરૂઆતના તબક્કામાં કહી શકે છે કે કંઈક ગડબડ છે. ચાલો જાણીએ આવા ૫ લક્ષણો જે પેશાબ દ્વારા લીવર ખરાબ થવાનો સંકેત આપે છે. તમારો પેશાબ સામાન્ય કરતાં ઘાટો પીળો કે ભૂરો થઈ ગયો હોય, તો આ લીવરની સમસ્યાનું પ્રથમ સંકેત હોઈ શકે છે. લીવર યોગ્ય રીતે કામ ન કરવાને કારણે આ પ્રકારનો પેશાબ આવે છે. જો તમારી સાથે આવું થઈ રહ્યું છે, તો તરત જ સાવધાન થઈ જાઓ. પેશાબ ફીણવાળો દેખાય અને સતત રહે, તો તે પ્રોટીન લિકેજનું લક્ષણ હોઈ શકે છે, જે લીવર નુકસાન અથવા લીવર સિરોસિસ સાથે સંકળાયેલું છે.

અસામાન્ય રીતે તીવ્ર અને દુર્ગંધવાળો પેશાબ એ લીવર ડિસઓર્ડરનું બીજું લક્ષણ છે. જ્યારે લીવર ઝેરી તત્વોને યોગ્ય રીતે પ્રક્રિયા કરવામાં અસમર્થ હોય છે, ત્યારે તે કિડની અને પેશાબ દ્વારા બહાર આવે છે, જેના કારણે પેશાબમાં દુર્ગંધ આવે છે. લીવર રોગ શરીરમાં એમોનિયાનું સ્તર વધારી શકે છે, જે પેશાબ કરતી વખતે બળતરાનું કારણ બની શકે છે. જો તમને વારંવાર પેશાબ કરતી વખતે બળતરાનો અનુભવ થાય છે, તો તેને હળવાશથી ન લો. લીવરના નુકસાનને કારણે વારંવાર પેશાબ થઈ શકે છે, પરંતુ જો તે ઓછી માત્રામાં થાય છે, તો આ સંકેત લીવર સંબંધિત ગંભીર રોગો તરફ ઈશારો કરી શકે છે. તમને આમાંના કોઈપણ લક્ષણો દેખાય છે, તો ડોક્ટર પાસે જવામાં મોડું કરશો નહીં.



સમય મિરર
સપ્તરંગ
જિંદગીના ઘૂઘવતા દરિયાની આરપાર

# ભારતીય જ્ઞાન પરંપરામાં ઋતુ વિજ્ઞાનઃ બેક ટુ નેચર

અભિજ્ઞાન સરિતા
ડો. અર્જુન દવે

એલાર્મ્સ, ડેડલાઈન્સ અને ઝળહળતી સ્ક્રીનોથી ભરેલા આપણા ઝડપી ગતિશીલ જીવનમાં કશુંક ખૂબ જ મહત્ત્વનું ખોવાઈ રહ્યું છે, અને તે છે આપણી નૈસર્ગિક લય. આપણે હવે દિવસ કે ઋતુના પ્રવાહ પ્રમાણે ખાતા, સૂતા કે આરામ કરતા નથી. ધીરે ધીરે, આ વિચ્છેદન ચિંતા, વિક્ષેપિત ઉંઘ, સ્વાસ્થ્ય સમસ્યાઓ અને ભાવનાત્મક તણાવના સ્વરૂપમાં દેખાઈ રહ્યું છે. પરંતુ ઘણા સમય પહેલા, આપણા પૂર્વજોએ પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવાની એક સુંદર રીત શોધી કાઢી હતી. તેનું નામ હતું ઋતુ આચાર.

ઋતુ આચારનો સરળ અર્થ થાય છે મોસમ મુજબનું આચરણ. પ્રકૃતિની ઋતુઓ અને સમયચક્રના આધારે આપણે કેવી રીતે જીવીએ છીએ, ખાઈએ છીએ, કામ કરીએ છીએ અને આરામ કરીએ છીએ તે સમજવું. ઋતુ આચાર ભારતીય જ્ઞાનપ્રણાલીઓનો એક વિસરાઈ ગયેલો ભાગ છે, જ્યાં પ્રાચીન દ્રષ્ટાંતો અને વિદ્વાનોએ સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીના લયની આસપાસ જીવનની રચના કરી હતી. તેઓ માનતા હતા કે જે રીતે કુદરત ઋતુઓ દ્વારા તેના વર્તનમાં ફેરફાર કરે છે, તેવી જ રીતે મનુષ્યે પણ તંદુરસ્ત અને ખુશ રહેવા માટે આવું જ કરવું જોઈએ. મજાની વાત એ છે કે, આવું ભય કે બળપૂર્વક કરવામાં આવતું ન હતું. તે સમજણ અને નિરીક્ષણ સાથે કરવામાં આવ્યું હતું.

ભારતમાં મોસમ માત્ર હવામાનને લગતી અપડેટ જ નહોતી. તેઓ અર્થસભર હતા. વર્ષને છ ઋતુઓમાં વિભાજિત કરવામાં આવ્યું હતું - વસંત, ઉનાળો, ચોમાસું, પાનખર, શિયાળો, અને શિયાળાનો ઉત્તરાર્ધ. દરેક ઋતુ શરીર અને મનની જુદી જુદી જરૂરિયાતો લાવે છે. ઉદાહરણ તરીકે, ઉનાળામાં, હળવા અને ઠંડા ખોરાકનું સૂચન કરવામાં આવ્યું હતું. ચોમાસામાં, આરામ અને સરળ ખાવાની સલાહ આપવામાં આવી હતી. પાનખરમાં, ડિટોક્સ અને માનસિક સ્પષ્ટતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

આ વિચારો ધાર્મિક રીતરિવાજો ન હતા. તેઓ સમજદારીપૂર્વક જીવવાની વિચારશીલ રીતો હતી. પ્રાચીન આયુર્વેદ ગ્રંથોમાં ઋતુચર્ય વિશે વાત કરવામાં આવી છે- મોસમી દિનચર્યાઓ જે આપણને સંતુલન જાળવવામાં મદદ કરે છે. જ્યારે તેને ધ્યાનપૂર્વક અનુસરવામાં આવે છે, ત્યારે તે માંદગીને રોકવામાં, પાચનમાં સુધારો કરવામાં, મનને શાંત કરવામાં અને હવામાનમાં આવતા ફેરફારો માટે તૈયાર રહેવામાં મદદ કરે છે.

યજુર્વેદનો એક પ્રાચીન શ્લોક કહે છે કે સત્ય અને વ્યવસ્થા આંતરિક શિસ્તમાંથી જન્મે છે. સરળ શબ્દોમાં કહીએ તો, જ્યારે આપણે સમજી વિચારીને જીવીએ છીએ, ત્યારે આપણી આસપાસની દુનિયા પણ વધુ શાંતિપૂર્ણ બની જાય છે.

હવે જેને આપણે તહેવારો કહીએ છીએ તે માત્ર મીઠાઈઓ અને ખરીદી માટે જ નહોતા. પ્રકૃતિ અને આપણી જાત સાથે ફરીથી જોડાવામાં આપણને મદદ કરવા માટે તેમને કેલેન્ડરમાં કાળજીપૂર્વક મૂકવામાં આવ્યા હતા.

એકાદશીનો દાખલો લો. તે મહિનામાં બે વાર આવે છે અને લોકો પરંપરાગત રીતે તે દિવસે ઉપવાસ કરે છે. તે શરીરને આરામ આપે છે અને મનને કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. વર્ષમાં બે વાર આવતી નવરાત્રિ, શરીરને સાફ કરવા, લાગણીઓને



શાંત કરવા અને આંતરિક સ્વ સાથે જોડાવા માટે છે. ઉત્તરાયણ અને દિવાળી જેવા મોટા તહેવારો પણ સૂર્યની ગતિ અને પ્રકૃતિમાં પરિવર્તન સાથે સમય પસાર કરવામાં આવ્યો હતો. આપણા ઘણા દાદા-દાદીએ વૈજ્ઞાનિક પુરાવાની જરૂર વિના આ પ્રથાઓનું પાલન કર્યું. તેઓ માત્ર એટલું જ જાણતા હતા કે તે યોગ્ય લાગે છે. અને હવે, જૈવિક ઘડિયાળો અને આરોગ્યમાં મોસમી ફેરફારો પરના આધુનિક સંશોધનો એ સાબિત કરી રહ્યા છે કે ભારતીય પરંપરાઓ પહેલેથી જ અમલમાં છે.

આજે આપણે જે કેલેન્ડરનો ઉપયોગ કરીએ છીએ, જે આપણને માત્ર દિવસો અને મહિનાઓ જ કહે છે, તેનાથી વિપરીત, ભારતીય પંચાંગ (કેલેન્ડર) સૂર્ય, ચંદ્ર અને ગ્રહોની ગતિ પર આધારિત છે. તેનો ઉપયોગ માત્ર તારીખો ચિહ્નિત કરવા માટે જ નહીં, પરંતુ પ્રવાસ ક્યારે શરૂ કરવો, પાકનું વાવેતર કરવું, ધાર્મિક વિધિઓ કરવી અથવા આરામ કરવો તે માર્ગદર્શન આપવા માટે કરવામાં આવતો હતો.

જીવનને કોઈ સમયપત્રકમાં દબાણ કરવામાં આવ્યું ન હતું. તેને બ્રહ્માંડના મોટા લયની જાગૃતિ સાથે જોડ્યું હતું. આજે, આપણામાંના મોટા ભાગના લોકો શહેરોમાં રહે છે, જે મશીનો અને કૃત્રિમ લાઇટ્સથી ઘેરાયેલા છે. આપણે ભૂલી જઈએ છીએ કે આપણું શરીર અને મન હજી પણ કુદરત સાથે જોડાયેલાં છે. જ્યારે આપણે તે જોડાણને અવગણીએ છીએ, ત્યારે આપણે સૂઈ ગયા પછી પણ થાક અનુભવીએ છીએ, કારણ વિના બેચેની અનુભવીએ છીએ, અને આરામથી પણ બેચેની અનુભવીએ છીએ.

અથર્વવેદ કહે છે કે જ્યારે આપણા હૃદય, વિચારો અને કાર્યો એકતામાં એક સાથે વહે છે, ત્યારે સમાજ વધુ મજબૂત અને સુખી બને છે.

આપણે ઘણી વાર એક વિકસિત ભારત, એક વિકસિત ભારતના નિર્માણની વાત કરીએ છીએ, પરંતુ જો આપણી જીવનશૈલી આપણા સ્વાસ્થ્ય અને ગ્રહને હાનિ પહોંચાડે તો શું આપણે આપણી જાતને ખરેખર વિકસિત કહી શકીએ? ઋતુ આપણને અખાડાનું ડહાપણ શીખવે છે, વિકાસનો અર્થ એ નથી કે આગળ દોડવું, તેનો અર્થ એ છે કે શાંતિથી, જીવન સાથે લયમાં વધવું.

કલ્પના કરો કે જો આપણી શાળાઓ સ્થાનિક ખોરાક, બાગકામ અને પ્રકૃતિ પાસેથી શીખવાની ઋતુઓની ઉજવણી કરે! કલ્પના કરો કે જો કંપનીઓ મોસમી સંક્રમણો દરમિયાન શાંત સમયગાળાને પ્રોત્સાહન આપે છે, આરામ અને નવીનીકરણ માટે સુલભતા આપે! કલ્પના કરો કે જો આપણાં ઘરોમાં સાદી મોસમી રસોઈ, વહેલાં રાત્રિભોજન અને સ્ક્રીન-ફ્રી સાંજનો સમય આવી જાય! આ કંઈ નાનાં નાનાં પગલાં નથી. આ જીવનશૈલીમાં શક્તિશાળી બદલાવ છે. જ્યારે આપણે કુદરત સાથે ફરી થી જોડાઈએ છીએ, ત્યારે આપણું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધરે છે. આપણે ઓછા પ્રત્યાઘાતી, વધારે વિચારશીલ અને વધારે આનંદી બનીએ છીએ.

ભારતીય જ્ઞાન પ્રણાલીઓ આપણને યાદ અપાવે છે કે આપણે પ્રકૃતિથી અલગ નથી. આપણે તેનો એક ભાગ છીએ. ઋતુ આચાર ભૂતકાળમાં પાછા ફરવાની વાત નથી. સંતુલન સાથે આગળ વધવું એ ભૂતકાળમાંથી શીખવાની વાત છે.

આજે, જ્યારે તણાવ સામાન્ય છે, મૌન દુર્લભ છે, અને દોડાદોડ સામાન્ય છે, ત્યારે આપણે થોભવાની અને આપણી આસપાસની લયને સાંભળવાની જરૂર છે - સૂર્યોદય, ફૂલ, તોફાન પહેલાંની શાંતિ, પૂનમ. આ કુદરતી ઘટનાઓ હજી પણ આપણી સાથે ગુસપુસ કરે છે. આપણે ફક્ત કેવી રીતે સાંભળવું તે યાદ રાખવાની જરૂર છે.

આ પરંપરાઓને જૂના રિવાજો તરીકે નકારી કાઢવી જોઈએ નહીં. ચાલો આપણે તેમને પ્રેમ અને કાળજીથી પસાર થતાં જીવનનાં સાધનો તરીકે જોઈએ. તેઓએ આપણી પહેલાંની પેઢીઓને શાંતિ અને હેતુ સાથે જીવવામાં મદદ કરી. તેઓ આપણને પણ મદદ કરી શકે છે.

ઋતુઓ એ માત્ર તાપમાનમાં થતા ફેરફારો જ નથી. આપણે જે રીતે જીવીએ છીએ તે બદલવા માટે તેઓ આમંત્રણો છે. જ્યારે આપણે પ્રકૃતિ સાથે લયમાં આગળ વધીએ છીએ, ત્યારે જીવન સરળ, નરમ અને વધુ અર્થપૂર્ણ બને છે.

(લેખક વેદાંત નોલેજ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર છે અને ભારતીય જ્ઞાન પ્રણાલી, સનાતન સંસ્કૃતિ, શિક્ષણ, પેરેન્ટિંગ માટે લેખક અને વક્તા તરીકે સેવા આપે છે.)

# આપણને હંમેશા એવું કેમ લાગે છે કે ઘર અથવા ઓફિસમાં સૌથી વધારે કામ માત્ર હું જ કરું છું

આપણે બધા પણ આપણી સફળતામાં સખત મહેનત, રોજેરોજ વહેલી સવારથી અડધો દિવસ સુધી ચાલતી તાલીમ, દોસ્તી-મનોરંજન વગેરેનો ત્યાગ જેવાં ડઝનબંધ કારણો ગણાવીએ છીએ. થોડાક નમ્ર બનીએ તો ગુરુ-કોચનો આશીર્વાદ, માતા-પિતાનો સાથ વગેરે કારણોએ પણ સફળતામાં ફાળો આપ્યો છે એમ કબૂલ કરીએ છીએ. કદી કોઈએ એમ સ્વીકાર્યું છે કે ફલાણી તારીખે અથવા ફલાણા મહિનામાં જન્મ થયો એટલે સફળ થયો છું. ફલાણા દેશમાં મારો જન્મ થયો એટલે ટોચની સફળતાઓ મેળવી શક્યો છું.

જન્મતારીખ કઈ રીતે કેટલો ફાળો આપે છે એનો વૈજ્ઞાનિક પુરાવો મેળવવા પ્રયાસો ચાલી રહ્યા છે, પરંતુ કયા દેશમાં જન્મ્યા છો એનો સફળતામાં ફાળો તો આપોઆપ પુરવાર થઈ જાય છે. ધારો કે તમારો જન્મ બુરુન્ડી નામના દેશમાં થયો હોત તો? એ દેશના લોકોની સરેરાશ વાર્ષિક આવક આખી દુનિયાથી ઓછીઃ વર્ષે ૨૫,૦૦૦ હજાર રૂપિયા છે. ભારતની સરેરાશ વાર્ષિક આવક ૧૦,૦૦,૦૦૦ રૂપિયા છે. કેનેડાના લોકોની સરેરાશ વાર્ષિક આવક ૬૦,૦૦,૦૦૦ રૂપિયા છે.

આ સ્થિતિમાં માનો કે તમે બુરુન્ડીમાં જન્મ્યા હોવ તો તમારી તમામ આવડત અને મહેનત છતાં તમે કેટલે પહોંચી શકો? ઑલિમ્પિક્સમાં, એશિયાડમાં, કોમનવેલ્થ ગેમ્સમાં, ક્રિકેટ, ફૂટબોલ, રગ્બી, બાસ્કેટબોલ વગેરેના વર્લ્ડકપ મુકાબલાઓમાં જેટલા અશ્વેત ખેલાડીઓ ટોચના સ્થાને પહોંચે છે એ બધા જો આફ્રિકાના તેમના જન્મના દેશમાં જ રહ્યા હોત તો ટોચનું સ્થાન તો છોડો, આ હરીફાઈમાં ભાગ લેવાલાયક પણ બની શક્યા હોત? તેમના દેશનું ભણતર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આર્થિક તકો તેમને પ્રગતિ કરાવી શક્યાં હોત? તેમનામાં ખરેખર કુશળતા હોય, ખંત હોય અને સાહસ હોય તો ગમે તેમ કરીને વિકસિત દેશમાં જઈ સફળ બની શકે ખરા. જેમ ઈલોન મસ્ક દક્ષિણ આફ્રિકાથી અને સત્ય નડેલા ભારતથી અમેરિકા જઈ ટોચની સફળતાઓ મેળવી શક્યા છે.

આપણને બધાને લાગે છે કે ઘરમાં કે ઓફિસમાં સહુથી વધારે કામ આપણે જ કરીએ છીએ. ત્રણ સંશોધકોએ સાથે મળીને એક સંશોધન કર્યું. સંશોધકોએ સાથે મળીને રિસર્ચ કર્યું હોય એવા આ ગ્રૂપના એક-એક સંશોધકને અલગ અલગ બોલાવીને પૂછ્યું કે આ રિસર્ચમાં તમે કેટલા ટકા ફાળો આપ્યો? બધાનો સમાન ફાળો ગણીએ તો દરેકનો ફાળો



૩૩.૩૩ ટકા થાય, પરંતુ બધાએ પોતાનો ફાળો ૪૦%થી વધારે ગણાવ્યો. જ્યારે બધાએ આપેલા ટકાનો સરવાળો કર્યો તો ૧૪૦ % થયો.

ઘરમાં પણ પતિ-પત્ની બંનેને લાગે છે કે તેઓ જ વધારે કામ કરે છે. પાંચ યુગલ પર પ્રયોગ કરવામાં આવ્યો. તેમાં પતિ-પત્ની બંનેને જુદા-જુદા બોલાવીને પૂછ્યું કે ઘરનાં કામોમાં તમારો ફાળો કેટલા ટકા હોય છે? પતિ-પત્ની બંનેએ પોતાના ફાળાના જે આપ્યા તેનો સરવાળો કર્યો તો પાંચેય યુગલમાં પતિ-પત્નીના ફાળાનો સરવાળો ૧૨૦%થી વધારે જ આવ્યો.

આપણને એમ લાગે કે બધા પોતાનું સારું દેખાડવા માટે પોતાનો ફાળો વધારે બતાવે છે, એવુંય નથી. પાંચેય યુગલનાં પતિ-પત્નીને અલગ-અલગ બોલાવીને પૂછ્યું, ઘરમાં કચરો કોણ કેટલા ટકા કરે છે? એના જવાબમાં પણ પતિ-પત્ની બંનેએ પોતાનો જ ફાળો વધારે બતાવ્યો. એમનો સરવાળો ૧૩૦% આસપાસ થયો. આથી પુરવાર થયું કે એ લોકો પોતાનું સારું દેખાડવા પોતાનો ફાળો વધારે નહોતા બતાવતા. તો પછી લોકો પોતાનો જ ફાળો

ખરાબ કામમાં પણ લોકો પોતાનો જ ફાળો વધારે બતાવતા હોય તો સવાલ ઊભો થાય કે લોકો પોતાનો જ ફાળો વધારે કેમ બતાવતા હશે? આ સવાલના જવાબમાં વિજ્ઞાન કહે છે કે જાતે કરેલાં કામો આપણને વધારે સ્પષ્ટ રીતે અને વધારે પ્રમાણમાં યાદ રહે છે. બીજાઓએ કરેલાં કામો એટલી સ્પષ્ટ રીતે યાદ રહેતા નથી, તેથી બધાને બીજા લોકોનાં કામ ખાસ ધ્યાનમાં જ આવતાં નથી.

વિજ્ઞાન તેને ઈગોસેન્ટ્રિક બાયસ કહે છે. તેનું મૂળ કારણ એ છે કે આપણે જે કંઈ કરીએ તેની માહિતી સીધી આપણને મળે છે. આપણા વિચાર, આપણો હેતુ, આપણા પ્રયાસ બધાની માહિતી સીધી મળે છે. બીજા લોકોના પ્રયાસ તો કદાચ દેખાઈ શકે, પરંતુ તેમના વિચાર, તેમના હેતુ આપણને ત્યારે જાણવા મળતા નથી તેથી તેની નોંધ પણ તરત થતી નથી. આપણા પોતાના વિચાર, હેતુ અને પ્રયાસ વધારે સ્પષ્ટ અને તાત્કાલિક નોંધાતા રહેવાથી આપણને એમ લાગતું રહે છે કે બધું મારા પ્રયાસોથી જ થાય છે. હું ભરપૂર પ્રયાસ કરી રહ્યો છું એટલે સફળતા ચોક્કસ મળશે, તેથી આત્મવિશ્વાસની લાગણી જન્મે છે. સફળતા મેળવવા માટે આ લાગણી ખૂબ જરૂરી છે.

હરીફાઈના મનોવિજ્ઞાન મુજબ જો હરીફાઈમાં આપણું ધ્યાન બીજાઓનાં કામ પર કેન્દ્રિત થાય તો એટલું ફોકસ આપણા કામ પર ઓછું થઈ જાય છે. મનમાં ચિંતાની લાગણી જન્મે છે જે સફળ થવા માટે બાધક હોય છે. એટલે માત્ર આપણા પ્રયાસો જ ધ્યાનમાં રહે તો ફાયદો કરે છે.

હું જ બધા પ્રયાસ કરું છું એવી ગેરસમજના કારણે ફાયદાની સાથે એક ગેરફાયદો પણ થઈ જાય છે. આપણને કદી એ વાતનો ખ્યાલ નથી આવતો કે આપણાં કામોમાં, આપણી સફળતાઓમાં આપણા સિવાયના અનેક લોકો અને નસીબ પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દા.ત.ઃ આપણા દેશ તરફથી આંતરરાષ્ટ્રીય સ્તરે રમી ચૂકેલા ક્રિકેટરોને સફળતાનું રહસ્ય પૂછીએ તો બધા પોતાની સખત મહેનત, મક્કમ નિશ્ચય, ક્રિકેટ સિવાયના બધા મનોરંજનનો ત્યાગ વગેરે ગણાવશે. કેટલાક ક્રિકેટરો ગુરુની તાલીમ, માતા-પિતાનો સહકાર વગેરે પાસાંઓને પણ શ્રેય આપશે, પરંતુ કોઈ એમ નહીં કરે કે મારી સફળતાનું એક કારણ એ પણ છે કે હું વર્ષના બીજા અડધિયામાં જન્મ્યો છું. બધા સફળ ક્રિકેટરોની યાદી તપાસીએ તો જાણવા મળે છે કે લગભગ પંચોતેર ટકા સફળ ખેલાડીઓ જુલાઈથી ડિસેમ્બર વચ્ચે જન્મ્યા છે. માત્ર પચીસ ટકા જ જાન્યુઆરીથી જૂન વચ્ચે જન્મ્યા છે. આ તથ્ય પુરવાર કરે છે કે તેમની સફળતામાં જન્મતારીખનું કંઈક તો પ્રદાન ગણવું જ પડે. જન્મતારીખ ક્રિકેટરોની સફળતામાં કઈ રીતે ફાળો આપે છે તેનો વૈજ્ઞાનિક અભ્યાસ ચાલી રહ્યો છે.

# ડરવાની મનાઈ છે પણ ડરની આગળ જીત છે !

શાંતિની વાતો આપણે સલામત હોઈએ ત્યાં સુધી સારી લાગે છે. જ્યારે આપણા માથા પર કોઈ બંદૂક મૂકીને તમારા ધર્મ અંગે પૂછે અને પછી જો ગોળી મારી દે તો શાંતિની વાતો કરવી એ મૂર્ખામી ગણાશે. કહેવાયું છે કે, ડર તમારી જિંદગી છીનવી લેતો હોય છે. ડરમાં જીવવું એ નર્કની યાતના કરવા કરતાં પણ ખરાબ હોય છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને પણ કહ્યું છે કે, ત્રણ ગ્રેટ ફોર્સ આ દુનિયા પર રાજ કરે છે, મૂર્ખામી, ડર અને લોભ. આ ત્રણ તત્ત્વોથી બચવું હોય તો તમારે તાકાત બતાવવી પડે. તો જ આ ત્રણ ફોર્સથી તમે દૂર થઈ શકશો. નહીં તો આ ત્રણ ફોર્સ તમારા પર હાવી થઈ જવાના છે.

પહેલગામના આતંકીઓ દ્વારા કરવામાં આવેલા ઝઘન્ય કૃત્યનો આશય ભારતીયોમાં ડર ફેલાવવાનો હતો, પરંતુ આતંકીઓએ ભારતની તાકાતને ઓળખી ન હતી. પહેલગામની ઘટના પછી જે તાકાતનું પ્રદર્શન ભારતે કર્યું, તેનાથી પડોશી પાકિસ્તાન હતપ્રત થઈ ગયું અને આખરે ઘૂંટણિયે પડી ગયું. આની પાછળ માત્ર અને માત્ર ભારતની તાકાત હતી. ભારતે જો આ તબક્કે નબળાઈ બતાવી હોત તો આતંકીઓ બેલગામ બનત. પરંતુ હવે આખી વાત બદલાઈ ગઈ છે. એક રશિયન સાહિત્યકારે ખૂબ જ માર્મિક વાત લખી છે. તેમણે કહ્યું કે, જે લોકો બારી પાસે બેસી રહે છે તે લોકો રસ્તાની બાબતમાં કંઈ જાણતા નથી. બારી પર બેસીને શાંતિની વાત કરનારા ગ્રાઉન્ડ રિયાલિટીથી અજાણ હોય છે. લોહી વહેવડાવનારાઓને શાંતિની વાતો ગળે ઊતરતી નથી. તેમને તેમની ભાષામાં જ જવાબ આપવો પડે છે. તે માટે તાકાતવર બનવું પડે છે.

વાત થોડી વિચિત્ર છે, પરંતુ ઈતિહાસ આ વાતની ગવાહી પૂરે છે. તમારી ખુશી અને તાકાત વચ્ચે સીધો સંબંધ છે. તમે તાકાતવર નહીં હોવ તો તમારી ખુશી કોઈ પણ છીનવી જશે. તમારી ખુશી પૈસામાં હશે, તમારા કોઈ સ્વજનમાં હશે, તમારી ખુશી કોઈ માલ-મિલકતમાં હશે કે પછી કોઈ ચીજવસ્તુમાં હશે, પરંતુ જો તમારામાં તાકાત નહીં હોય તો આ વસ્તુ કાયમ માટે સાચવી નહીં શકો. ક્યારેક કોઈ આવીને તમારી મનગમતી વસ્તુઓ પડાવી જશે અને તમારી ખુશી છીનવાઈ જશે.

કોઈ પણ દેશનો ઈતિહાસ તપાસશો તો ખબર પડશે કે તાકાતહિન પ્રજા-સમાજને ગુલામી વેઠવાનો વારો આવે છે. હિન્દુસ્તાનનો ઈતિહાસ પણ ગવાહી પૂરશે કે સદીઓ સુધી ગુલામી આપણે વેઠી, કારણ કે આપણે સંગઠિત ન હતા, સંગઠિત ન હતા એટલે આપણી તાકાત વેર-વિખરાયેલી હતી અને પરિણામે તાકાતવર સમૂહ આપણા પર રાજ કરી ગયા. આપણી સ્વતંત્રતા, આપણી ખુશી છીનવી ગયા. ટૂંકમાં, કોઈ ગમે તે કહે આપણી ખુશી જાળવવી હશે તો આપણે તાકાતવર બનવું પડશે.

૧૮ મે, ૧૯૭૪ના દિવસે ભારતે પહેલીવાર ન્યૂક્લિયર ટેસ્ટ કર્યો અને દુનિયાની ન્યૂક્લિયર તાકાત ધરાવતા દેશોની ક્લબમાં પ્રવેશ કરીને છઠ્ઠો ન્યૂક્લિયર પાવર ધરાવતો દેશ બની ગયો. ૧૯૭૪ સુધી દુનિયામાં માત્ર પાંચ દેશો પાસે ન્યૂક્લિયર તાકાત હતી. આ પાંચ દેશોમાં અમેરિકા, રશિયા, ચીન, યુ.કે. અને ફ્રાંસનો સમાવેશ થતો હતો. હવે ઈન્ડિયા આ ન્યૂક્લિયર ક્લબમાં જોડાઈ જતાં દુનિયા આશ્ચર્યથી ભારતની આ પ્રગતિને જોતી રહી ગઈ.

ભારતે પોતાના ન્યૂક્લિયર પરીક્ષણને નામ આપ્યું હતું સ્માઈલિંગ બુદ્ધા. ભારત પાસે પોતાનો અણુબોમ્બ હોવો જોઈએ તેવો વિચાર ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ પછી રોપાયો હતો. પડોશી ચીન પર આંધળો ભરોસો મૂકીને વડાપ્રધાન નહેરુ પસ્તાયા હતા. ચીને ૧૯૬૨માં ભારત પર એકાએક આક્રમણ કરી દીધું. ત્યારે પંડિત નહેરુએ સોવિયેત સંઘ પાસે મદદ માગી, પરંતુ રશિયા તરફથી મદદ ન મળી. ત્યારે પંડિત નહેરુએ સંકલ્પ કર્યો કે કોઈના ભરોસે બેસી રહેવું યોગ્ય નથી. આપણી પાસે આપણા બચાવ માટે હથિયાર હોવું જોઈએ. ત્યારથી પરમાણુ શક્તિવાળો દેશ બનાવવા માટે ૧૯૬૫માં ડો. ભાભાને જવાબદારી સોંપાઈ. પંડિત નહેરુ પછી લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન બન્યા. તેમણે પણ પાકિસ્તાન સાથે એક યુદ્ધનો સામનો કરવો પડ્યો.

૧૯૭૧માં ભારત-પાકિસ્તાનનું યુદ્ધ છેડાઈ ગયું. આ યુદ્ધમાં બાંગ્લાદેશનો જન્મ કરાયો, પરંતુ યુદ્ધ દરમિયાન ભારતને ડરાવવા અમેરિકાએ બંગાળની ખાડીમાં તેનાં યુદ્ધજહાજો મોકલ્યાં હતાં. જોકે, ત્યારે રશિયા આપણી મદદે આવ્યું અને અમેરિકા પાછું વળી ગયું. આ ઘટનામાંથી સબક લઈ ત્યારનાં વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ નિર્ણય લીધો કે આપણી પાસે એક આક્રમક હથિયાર હોવું જોઈએ. પરિણામ સ્વરૂપ ઈન્દિરા ગાંધીએ પરમાણુ કાર્યક્રમને આગળ વધારવા લીલી ઝંડી આપી દીધી. આ કાર્યક્રમ આગળ વધારવા અગ્રણી વૈજ્ઞાનિકો ડો. વિક્રમ સારાભાઈ, ડો. પી.કે. આયંગર, ડો. રમન્ના, ડો. હોમી શેઠના સામેલ હતા. આખરે એ દિવસ આવી ગયો, ૧૮ મે, ૧૯૭૪ના દિવસે રાજસ્થાનના પોખરણમાં વિસ્ફોટ કરાયો. જેના પડઘા આખી દુનિયામાં પડ્યા. ૧૯૭૪ પછી ૧૯૯૮માં ફરી એકવાર પરમાણુ પરીક્ષણ વડાપ્રધાન અટલ બિહારી બાજપેયીની સરકારમાં કરાયું, જેને નામ અપાયું શક્તિ. આ પરમાણુ પરીક્ષણના મુખ્ય પ્રણેતા હતા ડો. અબ્દુલ કલામ અને આર. ચિદમ્બરમ્. આજે ભારત પાસે કેટલા અણુબોમ્બ હશે તેની દુનિયા ગણતરી માંડ્યા કરે છે, પરંતુ દુનિયાને ડર પણ ભારતનો એટલો જ છે કે ભારત હવે પરમાણુ શક્તિ બની ગઈ છે અને તેને છેડવામાં મજા નથી.

### હિરા ઉદ્યોગ મંદીમાં આવતા ધંધાર્થીઓ માટે નિર્ણય

# રત્ન કલાકારો માટે રાજ્ય સરકારની ચળકતી રાહત

## રૂા. ૧૩,૫૦૦ સુધીની રત્ન કલાકારોના બાળકોની સ્કૂલ ફી સરકાર ભરશે : પાંચ લાખ લોન પર વ્યાજ મુક્તિ, વીજ વપરાશ ૨૫ ટકા ઘટ્યો હોય તેને માફીનો લાભ

**સમય મિરર | ગાંધીનગર**

છેલ્લા ઘણા સમયથી સુરતનો હિરા ઉદ્યોગ મંદીની ઝપેટમાં આવી ગયો છે. જેના કારણે રત્ન કલાકારો આર્થિક ભીસ અનુભવી રહ્યા છે. આર્થિક ભીસના કારણે ઘણા રત્ન કલાકારોએ આત્મહત્યા પણ કરી લીધી છે. જે બાદ ઘણા સમયથી રત્ન કલાકારોએ સરકાર પાસે રાહતની માગણી કરી છે.

હવે આ માગણીને અનુલક્ષીને સરકારે લાખો રત્નકલાકારો અને નાના વેપારીઓ માટે સરકારે મહત્વની જાહેરાત કરી છે. મંદીના માર ઝીલી રહેલા કારખાનેદાર, રત્નકલાકારો માટે રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. જે મુજબ રત્નકલાકારોના બાળકોની ૧ વર્ષની સ્કૂલ ફી સરકાર ભરશે. ૩ વર્ષથી કામ કરનાર રત્ન કલાકારોના બાળકોની ફી સરકાર ભરશે. મહત્તમ ૧૩,૫૦૦ સુધીની રત્નકલાકારોના બાળકોની સ્કૂલ ફી સરકાર ભરશે. જ્યારે નાના ઉદ્યોગકારોની ૫



લાખ સુધીની લોનનું વ્યાજ સરકાર ભરશે. જેમનું વીજ વપરાશ ૨૫ ટકા ઘટ્યો હોય તે નાના ઉદ્યોગકારોને વ્યાજ માફીનો લાભ મળશે.

રત્નકલાકારો, હીરાના નાના કારખાનેદારો માટે રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. નાના ઉદ્યોગકારોને પાંચ લાખ સુધી ૯ ટકાના દરે લીધેલી લોન પર વ્યાજ મુક્તિ આપવામાં આવશે. આ ઉપરાંત નાના ઉદ્યોગકારોની પાંચ લાખ સુધીની લોન પર એક વર્ષ સુધી વ્યાજ માફી આપવામાં આવશે. ૩૧ માર્ચ ૨૦૨૪થી જેમને કામ ન મળ્યું હોય તે રત્નકલાકારોને ફાયદો મળશે. ૩ વર્ષથી રત્નકલાકાર તરીકે કામ કરનારાઓના બાળકોની ફી માફી આપવામાં આવશે.

અમરેલી, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, અમદાવાદ, પાલનપુરના રત્નકલાકારો માટે પણ જાહેરાત કરવામાં આવી છે. જનપ્રતિનિધિઓની રજૂઆતો બાદ જાહેરાત કરાઈ રહી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલ, શિક્ષણમંત્રી પ્રફુલ પાનશેરીયાએ આજે પત્રકાર પરિષદ યોજી રત્નકલાકારો માટે રાહત પેકેજની જાહેરાત કરી છે. નોંધનિય છે કે, સુરત સહિત રાજ્યના અનેક શહેરોમાં હિરા ઉદ્યોગ ચાલી રહ્યો છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી જાણે આ ઉદ્યોગને મંદીની નજર લાગી ગઈ હોય તેમ લાગી રહ્યું છે. મંદીના માર વચ્ચે સરકારે રત્ન કલાકારોને થોડી રાહત આપી છે.

### શું હતી હીરાઉદ્યોગના રત્નકલાકારોની મુખ્ય માંગણીઓ?

(૧) રત્નકલાકાર કલ્યાણ બોર્ડ બનાવો
(૨) રત્નકલાકારો માટે આર્થિક પેકેજ જાહેર કરો
(૩) મોંઘવારી મુજબ પગાર વધારો કરો, કલેક્ટરના અધ્યક્ષ સ્થાને એક કમિટી બને
(૪) હીરા ઉદ્યોગમાં મજૂર કાયદાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે
(૫) રત્નકલાકારો પાસેથી લેવામાં આવતો વ્યવસાય વેરો નાબૂદ કરો
(૬) આપઘાત કરતા રત્નકલાકારોના પરિવારોને આર્થિક મદદ કરો
(૭) રત્નદીપ યોજના ફરી શરૂ કરો

# સુરત અને ભાવનગરમાં બે-બે લોકો કોરોના પોઝિટિવ, આઈસોલેટ કરાયા

## સુરત સિવિલના બે મહિલા તબીબ અને સિહોરમાં સગર્ભા, આધેડમાં લક્ષણ દેખાયા

**સમય મિરર | સુરત**

કોરોનાના વધતાં કેસે ફરી એકવાર સામાન્ય લોકોથી લઇને આરોગ્ય વિભાગની ચિંતા વધારી છે. આજે સુરતમાં પણ વધુ કેસ નોંધાયા છે. સુરતમાં તબીબો સંક્રમિત થતાં તીબબ કર્મીમાં પણ ફફડાટ ફેલાયો છે. સુરતમાં સાડા ત્રણ વર્ષ બાદ ફરી કોરોનાનો પગ પેસારો થયો છે. સુરત નવી સિવિલના બે મહિલા તબીબનો કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. એક ડોક્ટરને સારવાર બાદ રજા અપાઈ છે બંને સંક્રમિત તબીબમાંથી એકની ટ્રાવેલ હિસ્ટ્રી છે. જે ૧૭ મેએ વિશાખાપટ્ટનમથી પરત ફર્યાં હતા.

ભાવનગર શહેરમાં કોરોનાનો પગ પેસારો થયો છે. ભાવનગર શહેર-જિલ્લામાં કોરોનાના ૨ કેસ નોંધાયા છે. સિહોર પંથકમાં સગર્ભાનો અને એક આધેડનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.

દેશમાં કોરોના વાયરસના કેસમાં ફરી એક વખત ઝડપથી વધારો થઈ રહ્યો છે. દિલ્હી સરકારે કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને એક એડવાઈઝરી જાહેર કરી છે. આ અંતર્ગત હોસ્પિટલોને બેડ, ઓક્સિજન, દવાઓ



અને રસીની ઉપલબ્ધતા માટે તૈયારી કરવા કહેવામાં આવ્યું છે. બધા પોઝિટિવ સેમ્પલને જીનોમ સિક્વન્સિંગ માટે લોક નાયક હોસ્પિટલમાં મોકલવાનું કહેવામાં આવ્યું છે.

હોસ્પિટલની તૈયારી જેમાં બેડ, ઓક્સિજન, એન્ટિબાયોટિક્સ અને અન્ય દવાઓ, રસીઓની ઉપલબ્ધતાનો સમાવેશ થાય છે. ઉપરાંત, વેન્ટિલેટર, ઈશ-PAP, ઓક્સિજન કોન્સન્ટ્રેટર અને પીએસએ પ્લાન્ટ વગેરે જેવા તમામ સાધનો યોગ્ય અને કાર્યરત સ્થિતિમાં હોવા જોઈએ.


### આરોગ્ય વિભાગે 30.૪૨ લાખનો જથ્થો જપ્ત કર્યો

# સુરતમાં હજીરા રોડ પરના ગોડાઉનમાંથી ૨૭૩૮૧ લિટર શંકાસ્પદ તેલ ઝડપાયું

**સમય મિરર | સુરત**

સુરતમાં આરોગ્ય વિભાગે ૨૭૩૮૧ લિટર શંકાસ્પદ તેલ ઝડપી પાડ્યું છે, ઉમરા હજીરા રોડના ગોડાઉનમાં આરોગ્ય વિભાગે રેડ પાડીને આ તેલનો જથ્થો ઝડપી પાડયો છે, જેમાં આરોગ્ય વિભાગે રૂ.30.૪૨ લાખનો સ્ટોક સિઝ કર્યો છે, તેલના નમૂના લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. તો સોયાબીન અને સનફલાવરના નામે આ તેલનું વેચાણ થતુ હોવાની વાત સામે આવી છે. તો આરોગ્ય વિભાગ હવે તેલના રીપોર્ટની રાહ જોઈ રહી છે અને ત્યારબાદ વધુ કાર્યવાહી કરશે.

સુરતમાં સોયાબીન અને સનફ્લાવરના નામે વેચાણ થતું ૨૭,૩૮૧ લિટર શંકાસ્પદ તેલ જપ્ત કરવામાં આવ્યું છે, આરોગ્ય વિભાગે કુલ 30,૪૨ લાખ રૂપિયાનો સ્ટોક સીઝ કર્યો છે, આરોગ્ય વિભાગને બાતમી મળી હતી કે તેલ શંકાસ્પદ છે અને જયારે જગ્યા પર જોઈને



તપાસ કરી તો સામે આવ્યું કે તેલનો જથ્થો એટલી માત્રામાં હતો કે લાગ્યું કે આ તેલમાં ભેળસેળ થઈ રહી છે, ઉમરા હજીરા રોડના ગોડાઉનમાં પાલિકા દ્વારા રેડ કરવામાં આવી છે.

સુરત શહેરના હજીરા રોડ વિસ્તારમાં આરોગ્ય વિભાગ અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે મોટા પાયે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા અમલમાં મુકાયેલા આરોગ્ય અને ખાદ્ય સુરક્ષા નિરીક્ષણ અભિયાન અંતર્ગત દ્વાર્કેશ ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ-૨, પ્લોટ નંબર ૨૬, હજીરા ખાતે આવેલા શિવભૂમી એન્ટરપ્રાઇઝના ગોદામ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

# સુરતના ઓલપાડમાં ત્રણ કિલો ગેસ ઓછું આપવાનું કૌભાંડ ઝડપાયું

## ૭૦૦થી વધુ બાટલા જપ્ત કરતી પોલીસ

**સમય મિરર | સુરત**

સુરતના ઓલપાડના માસમા ગામની સીમમાંથી ગેસ રિફીલિંગ કરવા માટેનું ગોડાઉન ઝડપાયું છે. પોલીસે રાજ્યનું સૌથી મોટુ ગેસ રિફીલિંગ કૌભાંડ ઝડપી પાડ્યું છે. આ ગોડાઉનમાં ઈન્ડેન ગેસની બોટલમાંથી અન્ય બોટલમાં રિફીલિંગ કરવામાં આવતુ હતુ. કૌભાંડીઓ ગેસની બોટલમાંથી બેથી ત્રણ કિલો ગેસ કાઢી લેતા હતાં. પોલીસે ચંદન ગેસ સર્વિસ એજન્સીમાંથી આ કૌભાંડ ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ એજન્સી દ્વારા ઈન્ડેન ગેસની બોટલમાંથી અન્ય બોટલમાં ગેસનું રિફીલિંગ કરવામાં આવતુ હતું.

પોલીસની તપાસમાં ૭૦૦થી વધુ ગેસની બોટલો ઝડપાઈ છે. આ ઉપરાંત ગેસની બોટલ ભરેલા આઠ ટેમ્પા પણ મળી આવ્યાં છે.પોલીસે



દરોડો પાડતાં કેટલાક ઈસમો ફરાર થઈ ગયા હતાં. જ્યારે એક ઈસમ ઝડપાયો હતો. અગાઉ એક હજાર ગેસની બોટલ રિફીલિંગ કરવાનું કૌભાંડ ઝડપાયું હતું.ઓલપાડ પોલીસે સમગ્ર ગેસ રિફીલિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. કૌભાંડીઓ ઈન્ડેન ગેસની 30 કિલોની બોટલમાંથી બેથી ત્રણ કિલો ગેસ કાઢી લેવાતો હતો. પોલીસે એક ઈસમને પકડીને ફરાર થઈ ગયેલા ઈસમોને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

### ઓપરેશન સિંદૂર બાદ પ્રધાનમંત્રી પ્રથમ વખત વતનમાં

# વડોદરા, અમદાવાદ અને ભૂજમાં યોજાનાર વડાપ્રધાનના રોડ-શોનું તંત્ર દ્વારા કરાયું રિહર્સલ

- આવતીકાલના કાર્યક્રમ અંતર્ગત તૈયારીઓને અપાતો આખરી ઓપ ઉચ્ચ અધિકારીઓ દ્વારા રોડ-શોના રૂટનું નિરિક્ષણ અને સમીક્ષા કરાઈ ડાયવર્ઝન કઢાયા
- PMના આગમન પહેલાં રોડ-રસ્તા પર તંત્ર દ્વારા સાફ-સફાઈ કરાઈ : તમામ એજન્સીઓને એલર્ટ રહેવા સૂચના



**સમય મિરર | અમદાવાદ**

'ઓપરેશન સિંદૂર' બાદ પ્રથમ વખત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬ મેએ ગુજરાત આવી રહ્યા છે. ૨૬ મેએ સવારે ૧૦ વાગ્યે પીએમ મોદીનો વડોદરામાં રોડ શો યોજાશે. ત્યાર બાદ બપોરે ૨ વાગ્યે ભુજમાં અને સાંજે ૬.30 વાગ્યે અમદાવાદમાં ભવ્ય રોડ શો યોજાશે. પીએમના રોડ શોને લઈને તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

અમદાવાદમાં પીએમ મોદીના રોડ શોમાં ૫૦ હજાર લોકો હાજર રહે તેવી શક્યતા છે. રોડ શોને લઈને ડફનાળા સર્કલથી ઈન્દિરા બ્રિજ સુધીનો માર્ગ સોમવારે સાંજે ૪ વાગ્યાથી વાહન વ્યવહાર માટે બંધ રહેશે. એરપોર્ટ જનાર લોકોને નિયત સમય કરતા ૨ કલાક વહેલા જવા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે. કોઈ વ્યક્તિ ટ્રાફિકમાં ફસાય તો ટ્રાફિક પોલીસની હેલ્પલાઈન ૧૦૯૫ પર સંપર્ક કરી શકશે.

ટ્રાફિક ડીસીપી સફીન હસને જણાવ્યું હતું કે સમગ્ર રોડ અને સર્વિસ રોડ સહિતના તમામ રસ્તા બપોર ૧:00 વાગ્યા બાદ નો પાર્કિંગ ઝોન રહેશે. ૮૦૦ બસ આવવાની હોવાથી કોર્પોરેશન સાથે મળીને ૧૦ પાર્કિંગ રાખવામાં આવ્યા છે. રોડ શોના બંદોબસ્તમાં ટ્રાફિકના ૧૦ પીઆઇ, ૩ એસીપી, ૨ ડીસીપી અને ૬૦૦ પોલીસકર્મીઓ હાજર રહેશે.

ઓપરેશન સિંદૂરની સફળતાને લઈને દેશભક્તિની ભાવના જાગે એને લઈ હાથમાં બેનરો સાથે લોકો ઉપસ્થિત રહેશે. વિવિધ ધર્મ સમાજ સંસ્થાના લોકો આ રોડ શોમાં જોડાશે. વિવિધ ૧૯ નાનાં-મોટાં સ્ટેજ બનાવવામાં આવશે, જ્યાં ભારતીય સેનાને બિરદાવવા માટે લોકો ઉપસ્થિત રહેશે.

### અમદાવાદમાં રૂટ પર તિરંગા, બ્રહ્મોસ અને રાફેલનાં ટેબ્લો મુકાશે

અમદાવાદમાં સાંજે ૬.30 વાગ્યે એરપોર્ટથી ઈન્દિરાબ્રિજ સુધી ભવ્ય રોડ શો યોજાશે. ઓપરેશન સિંદૂરની સફળતાને બિરદાવવા માટે મોટી સંખ્યામાં લોકો રોડ શોમાં જોડાશે. ભાજપ શહેર પ્રમુખ પ્રેરક શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમદાવાદમાં યોજાનારા રોડ શોને લઈને જણાવ્યું હતું કે રોડ શોમાં સમગ્ર રૂટ ઉપર તિરંગા લગાવવામાં આવશે. બ્રહ્મોસ મિસાઈલ અને રાફેલ વિમાનોનાં ટેબ્લો મૂકવામાં આવશે. સમગ્ર રૂટ ઉપર દેશભક્તિનાં ગીતો વાગશે.

### શહીદનાં પરિવારજનો અને પૂર્વ જવાનો ઉપસ્થિત રહેશે

ખાસ કરીને તેમણે જણાવ્યું હતું કે દેશ માટે બલિદાન આપનારા સૈનિકોનાં પરિવારજનો અને સેનામાં રહેલા પૂર્વ જવાનોનાં પરિવારજનો સહિતના લોકો પણ રોડ શોમાં ઉપસ્થિત રહેશે. સમગ્ર અમદાવાદમાં ઓપરેશન સિંદૂરની સફળતાને લઈને બેનરો અને હોર્ડિંગ્સ લગાવાશે. રોડ શોને લઈને શહેર ભાજપ, મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર અને પોલીસતંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

### વડોદરામાં સુરક્ષા એજન્સીઓની ચહેલપહેલ શરૂ

૨૬ મેએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાની મુલાકાતે આવવાના સમાચાર મળતાં જ વડોદરાનું વહીવટી તંત્ર તૈયારીઓમાં જોતરાઈ ગયું છે. ઓપરેશન સિંદૂર બાદ દેશના વડાપ્રધાન જ્યારે પ્રથમવાર વડોદરા આવી રહ્યા છે ત્યારે જૂના એરપોર્ટથી એરફોર્સ ગેટ સુધીના પીએમના રોડ શોને લઈ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જૂના એરપોર્ટ આસપાસ વૃક્ષોનું ટ્રિમિંગ, વીજ કંપની દ્વારા સમારકામ તથા વહીવટી અધિકારીઓની અને સુરક્ષા એજન્સીઓની ચહેલપહેલ શરૂ થઈ ગઈ છે.

### ભૂજમાં PMને ૧૦,૦૦૦ મહિલા સિંદૂર અને સાડીમાં આવકારશે

બપોરે ૨ વાગ્યે ભુજમાં પીએમના રોડ શો અને જાહેરસભાને લઇને તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. પીએમના આગમન પહેલાં જ ભુજમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ૨૬ મેની બપોરે પીએમ મોદી ભુજ એરપોર્ટથી સભાસ્થળ સુધીના માર્ગ પર દોઢ કિલોમીટરનો રોડ શો યોજશે, જેમાં ૧૦ હજાર જેટલી મહિલાઓ કેસરી સાડી અને માથે સિંદૂર લગાવીને પીએમ મોદીને આવકારશે. આ પ્રસંગે પીએમ મોદી કચ્છના ૫૨ હજાર કરોડનાં ૩૧ કામોનું ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કરશે.

# હોલિવુડના દિગ્ગજ કલાકારો સાથે કાન ફેસ્ટિવલમાં રેડ કાર્પેટ પર કામણ પાથરતી કચ્છની કોમલ

## સતત ત્રીજી વખત ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતી ગુજરાતી અભિનેત્રી

**સમય મિરર | કચ્છ**

કચ્છના ગાંધીધામની વતની અને ગુજરાતી ફિલ્મોની સાથે માય ફાધર ઈકબાલ જેવી બોલિવૂડ હિન્દી ફિલ્મમાં અભિનેત્રી તરીકેનો લીડ રોલ કરનારી કોમલ ઠક્કર ફ્રાન્સના કાન ફિલ્મોત્સવમાં સતત ત્રીજી વખત સ્થાન પામી છે. હોલિવૂડના દિગ્ગજ કલાકારો સાથે રેડ કાર્પેટ પર વોક કરીને કચ્છની સાથે સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

કોમલ ઠક્કરે જણાવ્યું હતું કે હું અત્યારે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં છું. મને ખૂબ જ પ્રાઉડ ફીલ થઈ રહ્યું છે કે હું ગુજરાતી એક્ટ્રેસ તરીકે અહીં આવી છું. આ માટે ભારત પેવેલિયનનો ખૂબ આભાર કે જેઓ દર વર્ષે મને કાન માટે આમંત્રણ આપે છે. અત્યારે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી



બહુ ગ્રો કરી રહી છે, જે ઈન્સ્પેરિંગ છે. આપણી ભાષામાં ડેફ્થ પણ છે અને ડાઈવર્સિટી. ગુજરાતી લોકોએ પ્રૂવ કરી આપ્યું છે કે વાર્તા અગર જો વાત દિલથી નીકળે તો કોઈ બોર્ડર પણ તેને રોકી નથી શકતી.

તેણે વધુમાં જણાવ્યું હતું કે મારો ઓલ્વેઝ પ્રયાસ રહેશે કે ગુજરાતી ભાષાને ઈન્ટરનેશનલ સ્તરે પહોંચાડું અને એને સપોર્ટ કરું. આભાર મારા ગુજરાતી ઓડિયન્સ, મારા લોકો અને ફેન્સને, જેઓ હંમેશાં મને સપોર્ટ કરતા આવ્યા છે. બધા લોકો પૂછતા હોય છે કે તમે જ્યારે કાંસ જતાં હો ત્યારે આ વાત આટલી બધી કેમ ફેલાઈ જતી હોય છે. આટલી વાઈરલ કેમ થતી હોય છે? લોકો કેમ આટલા બધા ખુશ થતા હોય છે. તો હું કહી દઉં કે એ લોકો મારી જાતમાં તેમની પોતાની જાત જુએ છે. કોમલ જો ઈન્ટરનેશન કક્ષાએ પહોંચી છે તો અમે પહોંચ્યા છીએ. તો ઓલ્વેઝ પ્રાઉડ ફીલ થાય છે તેમને પણ અને મને પણ.

### ૨૦૨૨માં ગુજરાતી સાડી પહેરી વોક કર્યું' તું

ગુજરાતી અભિનેત્રી કોમલ ઠક્કરે પ્રથમ વર્ષ ૨૦૨૨માં રેડ કોર્પેટ પર વોક કર્યુ હતું. એ સમયે ફ્રાંસના કાન ફિલ્મોત્સવમાં જોડાવાની જાહેરાત બાદ અનેક નામાંકિત આંતરરાષ્ટ્રીય ડિઝાઈનરો દ્વારા તેમને ડ્રેસ ડિઝાઈન કરવાની ઓફર મળી હતી, પરંતુ કોમલ ઠક્કરે ત્યારે ગુજરાતી સાડી પહેરી રેડ કાર્પેટ પર વોક કર્યું હતું, જ્યારે આ વર્ષે તેણે મલ્ટી ઈન્ટરનેશનલ ડિઝાઈન ગાઉન રેડ કાર્પેટ માટે પહેર્યું છે.

### શ્રમિકોના આર્થિક વિકાસ માટે શરૂ થયેલી યોજનાથી રાજ્ય સરકારના મંત્રીઓના પરિવારના ઘર ભરાયા

# મનરેગા યોજના ભાજપના નેતાઓ માટે આશિર્વાદરૂપ : કોંગ્રેસ

- દાહોદ અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજનાની તટસ્થ તપાસ થાય તો રૂા. ૧૦૦૦ કરોડથી વધારેનું કૌભાંડ સામે આવે અમિત ચાવડા
- જાંબુઘોડા તાલુકામાં ૪૨૦૦૦ હજારની વસ્તી સામે ૪ વર્ષમાં 300 કરોડનું ચુકવણું શંકાસ્પદ હોવાના આક્ષેપ

**સમય મિરર | અમદાવાદ**

ગુજરાતમાં કોઈપણ જાતના ડર વગર કોઈની પણ શરમ વગર તમામ નીતિ નિયમોને નેવે મૂકી ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાના મોટા આક્ષેપ વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ કર્યા છે. કેન્દ્ર સરકારના બજેટમાંથી મનરેગા માટે કરોડો રૂપિયા ફાળવાય કે ગુજરાતના સામાન્ય લોકોને પોતાના ઘર આંગણે આ કાયદા હેઠળ ૧૦૦ દિવસ રોજગાર સુનિશ્ચિત થાય, એનું સ્થળાંતર અટકે, એના પરિવારની આર્થિક સ્થિતિ સુધરે એવા ઉમદા હેતુ સાથે યુ.પી.એ. સરકાર દ્વારા આ કાયદો લાગુ કરવામાં આવ્યો છે પણ આ બજેટમાંથી સ્થાનિક મજુરોને રોજગાર આપવાને બદલે આજે ભાજપના નેતાઓ અને તેમના મળતિયાઓ પોતાના ખિસ્સા અને ઘર ભરી રહ્યા છે.

અમિત ચાવડાએ આક્ષેપો કરતાં કહ્યું છે કે, દાહોદમાં રાજ્યના મંત્રી બચુભાઈ ખાબડના બે-બે પુત્રો ભ્રષ્ટાચારમાં સંડોવાયેલાનું બહાર આવ્યું છે, ૧૦૦ કરોડ કરતા વધારેનો ભ્રષ્ટાચાર તો દેવગઢ બારિયા અને ધાનપુરના થોડા જ ગામોમાં થયો છે. દાહોદ જિલ્લાની તપાસ થાય તો ૧૦૦૦ કરોડ કરતા વધારેનો ભ્રષ્ટાચાર પકડાવાનો છે પણ સરકાર હજી બચાવી રહી છે મંત્રી એમના પરિવાર અને નજીકના લોકોને.

બીજો કિસ્સો પંચમહાલ જિલ્લાનો પણ બહાર આવ્યો છે. પંચમહાલ જિલ્લાનો જાંબુઘોડા તાલુકો જ્યાં આખા ગુજરાતમાં વસ્તીની રીતે જોઈએ સૌથી નાનો તાલુકો છે. જાંબુઘોડા તાલુકાની ૨૬ ગ્રામ પંચાયતો છે. ફક્ત ૪૨૦૦૦ વસ્તી આખા તાલુકાની છે. પંચમહાલ જિલ્લામાં ૩૯ જિલ્લા પંચાયતની બેઠકો છે એમાં આખો જાંબુઘોડા તાલુકામાં



૨૬ ગામ અને ૪૨૦૦૦ની વસ્તી થઈને ફક્ત એક જિલ્લા પંચાયત છે. આખા ગુજરાતનો સૌથી નાનો તાલુકો, એક જ જિલ્લા પંચાયતમાં સમાવિષ્ટ ૪૨૦૦૦ની વસ્તીવાળો તાલુકો, એમાં મનરેગા યોજનામાં જે કામો થયા એમાં લેબર અને મટીરીયલ પાર્ટ મનરેગા કાયદાની જોગવાઈ મુજબ મજુરોને રોજગાર આપવાનો કાયદો છે. એટલે ૬૦% રકમ ખર્ચ થવી જોઈએ, લેબર પાર્ટમાં મજુરી કામ માટે વેતન માટે અને ૪૦% રકમ મટીરીયલ માટે ચૂકવવી જોઈએ.

અમિત ચાવડા આક્ષેપ કરતાં કહે છે કે, ભ્રષ્ટાચારનું પંચમહાલ જિલ્લાનું જે કેન્દ્ર બિંદુ જાંબુઘોડા તાલુકો કેવી રીતે બન્યો. કારણ કે ભાજપના પંચમહાલ જિલ્લાના પ્રમુખ આ તાલુકામાંથી આવે છે. એમના આશીર્વાદથી બધું થયું હોવાની લોકો રજૂઆત અને ફરિયાદો છે. મને પણ ભાજપના કેટલા લોકો રજૂઆતો અને પુરાવાઓ આપી ગયા છે. એ બધાનું કહેવું છે કે, આખા જિલ્લાનું ભ્રષ્ટાચારનું કેન્દ્ર બિંદુ જાંબુઘોડા તાલુકો છે. અને એ લોકો એટલા માટે એમ કહે છે કે, આખા જિલ્લામાં ચાર વર્ષમાં મનરેગા યોજનામાં જે મટીરીયલ પાછળ ખર્ચ કરવામાં આવ્યો એમાંથી સૌથી વધારે રકમ જાંબુઘોડા તાલુકામાં થયો છે.

આખા જિલ્લામાં મનરેગા યોજનામાં



જે મટીરીયલ પાછળ ખર્ચ થાય છે એમાં ૫૦% જેટલો ખર્ચ એક જ તાલુકામાં થાય છે અને બાકીના ૬ તાલુકામાં ૫૦% ખર્ચ થાય છે. આખો હિસાબ કરીએ તો આખા જિલ્લામાં ૫૧૨ કરોડ રૂપિયા ચાર વર્ષમાં મટીરીયલ પાછળ ખર્ચ થયો અને એમાંથી એકલા જાંબુઘોડા તાલુકામાં ૨૧૬ કરોડ રૂપિયા મટીરીયલમાં ખર્ચ થયો. એનો સ્પષ્ટ મતલબ છે કે, આ તાલુકામાં રોજગાર આપવાની ચિંતા નથી પણ મટીરીયલ સપ્લાય કરીને કરોડો રૂપિયા કેવી રીતે ખાઈ જવા એનું એક વ્યવસ્થિત ષડયંત્ર ચાલે છે. અમિત ચાવડા આક્ષેપો કરતા કહે છે કે, આની ફરિયાદો આજકાલથી નહી પણ સ્થાનિક લોકો દ્વારા વર્ષોથી રજુઆતો થઇ છે. મેં પણ ત્રણ વખત પત્રો લખ્યા છે, સ્થાનિક કોંગ્રેસના આગેવાનો એ પણ પત્રો લખ્યા છે, પણ સરકાર તપાસ કરતી નથી ત્યારે મારે સરકારમાં બેઠેલા લોકોને પૂછવું છે કે આટલું બધું કૌભાંડ, ભ્રષ્ટાચાર ચાલતો હોય તો ત્યાના ડી.આર.ડી.એ. ડાયરેક્ટર કે ડી.ડી.ઓ.એ આજદિન સુધી કેમ એમના ધ્યાને ના આવ્યું, એમને આજદિન સુધી કેમ તપાસ ના કરી? ત્યાંથી જે પણ આંકડા અને રીપોર્ટ, પત્રકો રેગ્યુલર ગ્રામ વિકાસ કચેરીમા આવે છે તો ગામ વિકાસ કમિશ્નરના ધ્યાને આ બાબતો કેમ નાં આવી? રાજ્ય સરકારના ગ્રામ વિકાસના મંત્રી છે એમના ધ્યાને આ હકીકતો કેમ ના આવી? એ જ રીતે ત્યાના સંસદસભ્ય છે, જે ડી.આર. ડી.એ.ની દિશા કમિટી છે, જે વિજિલન્સ કમિટી છે એના અધ્યક્ષ છે, દર ત્રણ મહીને વિજિલન્સની દિશા કમિટીની મીટીંગ ફરજિયાત મળે છે તો એમને આજદિન સુધી આ બાબતોનો અભ્યાસ કેમ ના કર્યો? જે રીતે દાહોદ જિલ્લામાં બહાર આવ્યું, પંચમહાલ જિલ્લાની ફરિયાદો છે.

# ગીર સોમનાથ જિલ્લામાં પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ અભિયાન અંતર્ગત વેરાવળમાં યોજાઇ વોકેથોન

## સાંજે પાંચ વાગે ટાવરચોકથી શરૂ થયેલી રેલી શહેરના મુખ્યમાર્ગો પર ફરી

**સમય મિરર | વેરાવળ**

સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત થીમ પર વહીવટી તંત્ર દ્વારા પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા વિવિધ કાર્યક્રમો થકી લોકજાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. જે ઉપક્રમે વેરાવળ ખાતે જિલ્લા કલેક્ટર એન.વી ઉપાધ્યાય અને જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર સહિતના મહાનુભાવો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં વોકેથોન યોજાઈ હતી.

વોકેથોનની શરૂઆતમાં ડો.બાબાસાહેબ આંબેડકર ગાર્ડન ખાતે ઉપસ્થિત સર્વેએ સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા પ્રતિજ્ઞા લીધી હતી.

ટાવરચોક થી સટ્ટાબજાર અને સ્વામિનારાયણ મંદિર, સુભાષ રોડ, શાકમાર્કેટ એમ વેરાવળના મુખ્ય માર્ગોથી ફરી ટાવરચોક સુધી યોજાયેલી આ વોકેથોન દરમિયાન નાગરિકો પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય અને પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરે તે અંગે લાઉડ સ્પીકર


(તસ્વીર : મીલન ઠકરાર-વેરાવળ)

તેમજ બેનર્સના માધ્યમથી લોક જાગૃતિ ફેલાવવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, લોકોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરે તેવી જાગૃતિ આવે એવા હેતુસર આ વોકેથોન યોજાઈ હતી. આ વોકેથોનમાં વિવિધ સમાજના આગેવાનો, વેપારી મંડળ, વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કલેક્ટરે વધુમાં ઉમેર્યું હતું કે, વોકેથોનની સાથે-સાથે જ આ સમગ્ર રૂટ પરથી વેરાવળ નગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા દુકાનો અને હોટેલમાંથી આશરે હજાર કિલો જેટલું પ્લાસ્ટિક એકત્ર કરાયું હતું. વોકેથોનમાં લાઉડ સ્પીકરના માધ્યમથી 'સ્વચ્છ ભારત કા ઈરાદા કર લીયા હમને', 'કસમ યે ખાયેંગે, પ્લાસ્ટિક હટાયેંગે' જેવા ગીતો તેમજ ' પ્લાસ્ટિક હટાવો,પર્યાવરણ બચાવો', ' પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરો', 'પ્લાસ્ટિકનું પ્રદૂષણ અટકાવો' સહિતના પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થાય તેવી જાગૃતિ ફેલાવતા સૂત્રોના માધ્યમથી નાગરિકો અને રૂટ પર આવતી તમામ દુકાનના દુકાનદારોને પ્લાસ્ટિકનો વપરાશ ન કરવા અંગે સંદેશો આપવામાં આવ્યો હતો. આ વોકેથોનમાં નિવાસી અધિક કલેકટર રાજેશ આલ, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક યોગેશ જોશી, ડી.વાય.એસ.પી ભાસ્કર વ્યાસ, વી.આર.ખેંગાર, નાયબ ચૂંટણી અધિકારી જેમિની ગઢિયા, પ્રાંત અધિકારી વિનોદ જોશી, ગીર સોમનાથ ઈન્ડિયન રેડક્રોસ, કસ્તુરબા મહિલા મંડળ, રોટરી ક્લબના પ્રતિનિધિઓ સહિત વિવિધ સંસ્થાઓ, ઝવેરીભાઈ ઠકરાર સહિતના અગ્રણીઓ, વેપારીમંડળો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

## ગીર સોમનાથ પોલીસે રૂા. ૯૫ હજારના મુદ્દામાલ સાથે દબોચી લીધા

# ગુજરાતના ૧૧ શહેરમાં ૧૦૪ દુકાનમાંથી ચોરી કરનાર ગેંગના ચાર શખ્સો ઝડપાયા

**સમય મિરર | વેરાવળ**

ગુજરાતના ૧૧ શહેરમાં ૧૦૪ દુકાનમાંથી ચોરી કરનાર ગેંગને ગીર સોમનાથ એલસીબી એ યુપી ના ૪ શખ્સની ધરપકડ કરી રૂા.૯૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. ગીર સોમનાથ એલસીબી પોલીસે આંતરરાજ્ય ચોર ગેંગને પકડી પાડી છે. સોમનાથ બાયપાસ સફારી સર્કલ પાસેથી ઉત્તર પ્રદેશના ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ ગેંગે ગુજરાતના ૧૧ શહેરમાં ૧૦૪ દુકાનમાંથી રોકડની ચોરી કરી હતી. પકડાયેલા આરોપીઓમાં સંજયકુમાર બડેરા, વિભાગ ડબાસ, વિશાલ કોહલી અને વિજય ડબાસનો સમાવેશ થાય છે. તમામ આરોપીઓ ઉત્તર પ્રદેશના શામલી જિલ્લાના વતની છે અને હાલમાં બોરસદમાં રહે છે.

તા.૧૪ મે ૨૦૨૫ ના રોજ સોમનાથ હાઈવે પર બાદલપરા ગામમાં શીતલ પ્રોવિઝન સ્ટોરમાં આરોપીઓએ રૂા.૭૭૦૦ ની લૂંટ કરી હતી.



આરોપીઓએ માસ્ક પહેરી દુકાનદારને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરીયાદ પ્રભાસ પાટણ પોલીસમાં ફરીયાદ નોંધાયેલ છે.

ગીર સોમનાથ એલસીબી ના ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળની ટીમે સીસીટીવી અને ટેકનિકલ એનાલિસિસથી આરોપીઓને પકડ્યા હતા. પોલીસે રોકડ રૂા.૨૫,૭૦૦, બે મોટર સાઈકલ અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૯૦,૭૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ આરોપીઓએ (૧) પાલીતાણામાં-૯ દુકાનોમાં, (૨) અમરેલીમાં-૩ દુકાનોમાં, (૩) માધુપુરમાં-૬ દુકાનોમાં, (૪) સોમનાથમાં-૫ દુકાનોમાં, (૫) સાળંગપુરમાં-૧૯ દુકાનોમાં, (૬) ગોંડલમાં-૨૦ દુકાનોમાં, (૭) ચોટીલામાં-૨૧ દુકાનોમાં, (૮) જસદણમાં- ૨ દુકાનોમાં, (૯) મોરબીમાં-૭ દુકાનોમાં, (૧૦) ગાંધીધામ-૩ દુકાનોમાં, (૧૧) માંડવીમાં-૯ દુકાનોમાં મળી ૧૧ શહેરમાં ૧૦૪ દુકાનમાંથી ચોરી કરી હતી. તેઓ દુકાનમાં ગ્રાહક બનીને જતા અને વેપારીની નજર ચૂકવીને રોકડની ચોરી કરતા હતા. ચોરી કરેલા રૂપિયાની વહેંચણી સરખે ભાગે કરી તેમની પત્નીઓના બેંક ખાતામાં જમા કરાવતા હતા. મુખ્ય આરોપી સંજયકુમાર વિરુદ્ધ અગાઉ જામનગરમાં મોબાઈલની દુકાનમાંથી ચોરીનો ગુનો નોંધાયેલો છે. હાલ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૦૭, ૩૫૧(૩), ૫૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# દીવમાં આયોજીત બીચ ગેમ્સ ફેસ્ટિવલમાં રમત-ગમત નિહાળવા ઉમટી પડતાં રમતપ્રેમી

## વિવિધ ખેલનો ખેલાડીઓની સાથે આનંદ માણતા સહેલાણીઓ






**સમય મિરર | દીવ**

દીવમાં ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ફેસ્ટીવલ ૨૦૨૫નું સુંદર આયોજન થયું છે. દીવ બીચ ગેમ્સની રમતો સવારના ૬ વાગ્યાથી જ શરૂ થાય છે. જે દસ વાગ્યા સુધી રહે છે. ત્યાર બાદ સાંજના રમતો શરૂ થાય છે. જે રાત્રીના નવ વાગ્યા સુધી રહે છે. સાંજના સમયે રમત-ગમત જોવા ભીડ ઉમટે છે. અને રમત ગમત નિહાળવાનો લાભ ઉઠાવે છે. સ્પર્ધાઓમાં વિજેતા થયેલાઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્જ મેડલ આપવામાં આવે છે. તા. ૨૨ના રોજ આ મેડલો ડીએમસી પ્રમુખ હરેશભાઈ પાંચા કાપડિયા અને સ્પોર્ટસ અધિકારી અક્ષય કોટલવારના હસ્તે આપવામાં આવ્યા બીચ ફેસ્ટીવલમાં દમણ-દીવ-દા.ન.હ. પ્રદેશના સ્પર્ધકોએ પણ બે ગોલ્ડ અને બે બોન્ઝ મેડલ પ્રાપ્ત કરતા પ્રદેશનું ગૌરવ વધાર્યુ.

# વેરાવળમાં ભારે પવનથી વૃક્ષો ધરાશાયી, જનહાની ટળતાં રાહત

## રેકડી દટાઈ જતાં કાટમાળ બહાર કઢાયો

**સમય મિરર | વેરાવળ**

અરબ સાગરમાં સર્જાયેલું લો પ્રેશર ડિપ્રેશનમાં ફેરવાય એવી શક્યતા છે, જેના પગલે ગુજરાતમાં છૂટાછવાયાં સ્થળે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે વેરાવળ-પ્રભાસ પાટણમાં ધોધમાર વરસાદનું ઝાપટું વરસી પડેલ અને ભારે પવનના વૃક્ષો ધરાશાયી થતા રીક્ષા, ટુ વ્હીલર તથા રેકડીની નજીકમાં પડેલ જયારે કોઇ જાનહાની થયેલ ન હતી. હવામાન વિભાગ તરફથી માછીમારોને પણ દરિયો ન ખેડવા ચેતવણી આપવામાં આવી છે.

આકાશમાં કડાકા ભડાકા સાથે વીજળીના ચમકારા સાથે ગીર સોમનાથ જીલ્લાના મુખ્ય મથક વેરાવળ-પ્રભાસ પાટણ શહેરમાં ધોધમાર વરસાદનું ઝાપટું વરસી પડેલ અને ભારે પવનના કારણે વેરાવળમાં



બસ સ્ટેશન નજીક કે.કે.મોરી સ્કુલની સામેના ભાગે વૃક્ષ ધરાશાયી થયા હતા. જેથી માર્ગ પર વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો અને આ વૃક્ષો પડવાથી પ્રભાસ પાટણ શિવ પોલીસ ચોકી પાસે જાહેર રોડ ઉપર તોતીંગ વૃક્ષો ધરાસાયી થતા બે રીક્ષાઓ, પાંચેક ટુ વ્હીલરો, ચાર-પાંચ કેબીનો ઘેઘુર ઝાડ હેઠળ હોય જેથી તાત્કાલીક આજુબાજુના લોકો એકઠા થઇ કુહાડી સહીતના સાધનો વડે વાહનો અને રેકડીઓને ઝાડના કાટમાળમાંથી બહાર કાઢેલ હતા.

# વિરમગામમાં પાલિકા દ્વારા શરૂ કરાયેલ બન્ને વોટર મશિનો શોભાના ગાંઠિયા

## ધોમધખતા તાપમાં પીવાનું પાણી નહીં મળતા લોકોમાં આક્રોશ

**સમય મિરર | વિરમગામ**

વિરમગામ નગરપાલિકા દ્વારા ત્રણ વર્ષ પૂર્વે લાખો રૂપિયા ના ખર્ચે ગોલવાડી દરવાજા પાસે અને ટાવર પાસે એમ બે વોટર એટીએમ મશીનો નગરજનો તથા ખરીદી માટે આવતા વિરમગામ તાલુકાના ગ્રામ્ય જનો ને પીવા માટે વ્યાજબી દરે સ્વચ્છ જળ મળી રહે તેવા શુભ આશયથી મુકવામાં આવ્યા હતાં.મોટા ઉપાડે મહાનુભાવોના હસ્તે લોકાર્પણ સમારોહ યોજી ફોટો સેશન પણ કરવામાં આવ્યું હતુ.. પરંતુ આજે વૈશાખ માસમાં ધોમધખતા તાપમાં આ બંને વોટર એટીએમ મશીનો બંધ હાલતમાં છે.

આ એટીએમ વોટર મશીન માં સિક્કો નાખી પાણી મેળવી શકાતું હતુ જેમાં એક લીટર પાણી ના રૂ.પાંચ અને બે રૂપિયા ની નાની બોટલ ઠંડું પાણી આપવામાં આવતું હતું.થોડા સમય માટે આ સુવિધા પ્રજાજનો ને પ્રાપ્ત થઈ હતી.બાદમાં બંને વોટર મશીન બંધ થઈ ગયા છે.ભર ઉનાળામાં શહેર ની મધ્યમાં ઉભેલા બંધ વોટર એટીએમ મશીનો ને જોઈ ને પ્રજા માં રોષ જોવા મળે છે.શોભાના




ગાંઠીયા સમાન આ વોટર એટીએમ મશીનો તંત્ર દ્વારા સત્વરે ચાલુ કરવામાં આવે તેવી પ્રજા માં માંગ ઉઠી છે.

અત્રે ઉલ્લેખનીય છેકે,ઉનાળા ની સ્થિતિ ને ધ્યાનમાં લઈને સ્થાનિક ધારાસભ્ય ધ્વારા ટાવર પાસે નગરપાલિકા ના બંધ વોટર એટીએમ મશીન ની બાજુ માં પાણી ની પરબ ચાલુ કરવામાં આવી છે.

# પોરબંદરના સફાઈ કામદાર આવાસ યોજનાના ફોર્મ ઓનલાઈન ભરાશે

## વિકાસ નિગમ દ્વારા જાહેરાત કરાઈ

**સમય મિરર | ગોસા (ઘેડ)**

જિલ્લા મેનેજર ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ અને નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, પોરબંદર દ્વારા સફાઈ કામદારો અને તેઓના આશ્રિતોને ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના લાભ લેવા જિલ્લાના સફાઇ કામદારોને અનુરોધ કરવામાં આવ્યો છે.

સરકાર દ્વારા રાજયના સફાઇ કામદારો અને તેઓના આશ્રિતો માટે કે જેઓ ખુલ્લો પ્લોટ અથવા કાચુ મકાન ધરાવતા હોય તેવા અરજદારોને પાકા આવાસ બનાવવા માટે ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના અમલમાં છે. આ યોજના નો લાભ સફાઇ કામદારો અને તેઓના આશ્રિતોને મળવાપાત્ર છે. આ યોજના હેઠળ વ્યકિતગત રૂ.૧,૭૦,૦૦૦/-ની સહાય ચાર



હપ્તામાં આપવામાં આવશે.

નાણાંકીય. વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન આ યોજનાનો લાભ લેવા માંગતા હોય તેવા અરજદારો એ https://esamajkalyan.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ફોર્મ ભરવાના રહેશે. ઓન લાઇન અરજી કરતા સમયે PORTAL પર ઉપલબ્ધ માર્ગદર્શક સુચનાઓ મુજબ જરૂરી સાધનિક કાગળો અરજદારઓએ માત્ર ઓન લાઇન SUBMIT કરવાના રહેશે. જ્યારે સંબધિત અધિકારીશ્રી જણાવે ત્યારે અસલ કોપી રજુ કરવાની રહેશે.

# કેશોદના નવા એરપોર્ટથી આસપાસના ખેતરોને અડચણ નહી પડવાની ઓથોરિટીએ આપી ખાતરી

## સંપાદન થયેલી જમીનના ખેડૂતો સાથે બેઠક બાદ વિશ્વાસમાં લેતા અધિકારીઓ

**સમય મિરર | કેશોદ**

જુનાગઢ ના નવાબ મહોબતખાને વર્ષ ૧૯૩૦ ના સમયગાળામાં કેશોદ ખાતે એરપોર્ટ બનાવ્યું હતું અને આઝાદી પછી કેશોદ એરપોર્ટ થી જ પાકિસ્તાન પરિવાર સાથે નાસી ગયો હતો. એરપોર્ટ ઓથોરિટી અને વહિવટી તંત્ર દ્વારા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બનાવવા માટે શરૂ કરવામાં આવેલ કામગીરી થી આસપાસના કેશોદ શહેર અને દશેક ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો આસામીઓ ના પ્રશ્નો સમસ્યાઓ રજુઆતો સાંભળવા માટે જાહેર લોક સુનાવણી કાર્યક્રમ કેશોદ નગરપાલિકા સંચાલિત સ્વામી વિવેકાનંદ ટાઉનહોલ ખાતે રાખવામાં આવ્યો હતો. કેશોદના નાયબ કલેકટર કિશન ગરચર અને એરપોર્ટ ઓથોરિટી ના અધિકારીઓ ની ઉપસ્થિતિમાં પ્રોજેકટર ના માધ્યમથી






કેશોદ એરપોર્ટ આંતરરાષ્ટ્રીય બનશે જેની ચિત્રણ સાથે માહિતી આપવામાં આવી હતી. કેશોદ એરપોર્ટ ના નવો પ્લાન પ્રમાણે નવા એરપોર્ટ નો ૨૫૦૦ મીટર લાંબો રનવે બનશે. જે એરબસ ૩૨૦ અને બોઈંગ ૭૩૭ જેવા મોટા વિમાનો લેન્ડ કરી શકશે. ૩ વિમાનો રહી શકે એવડું મોટો હેંગર હશે. નવું વહિવટી બિલ્ડિંગ પણ બનશે. આ એરપોર્ટ કુલ ૩૬૩ કરોડ રૂપિયા ના ખર્ચે બનશે. પેહલા ફેસ નુ કન્સ્ટ્રકશન માટે કુલ ૨૬ કંપની એ બિડ કરી છે. પેલા ફેસ માં કુલ ૧૬૧ કરોડ ખર્ચ થશે. કેશોદ એરપોર્ટ ઓથોરિટી અને વહિવટી તંત્ર દ્વારા સંપાદન કરવામાં આવેલ ખેડૂતો ની ખેતીની જમીન બાદ ઉદભવતાં પ્રશ્નો સમસ્યાઓમાં વરસાદી પાણીના નિકાલ અને આવવા જવા માટે રસ્તાની રજુઆત મુખ્યત્વે કરવામાં આવી હતી જે બાબતે એરપોર્ટ ઓથોરિટી અને વહિવટી તંત્ર દ્વારા ખાત્રી આપવામાં આવી હતી કે વરસાદી પાણીના નિકાલ માટે નવ જેટલાં બોક્ષ કન્વર્ટ પુલ બનાવી પાણીના વહેણને રોકવામાં નહીં આવે અને આસપાસના ખેતરોમાં ધોવાણ ન થાય એની તકેદારી રાખવામાં આવશે ઉપરાંત રોડ રસ્તાની રજુઆત અંગે એરપોર્ટ ફરતે દિવાલને સમાંતર રોડ બનાવવામાં આવશે રોડનું કામ પૂરું થાય તે પહેલાં આ ચોમાસામાં મેટલ મોરમ નાંખીને કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવશે. એરપોર્ટ ઓથોરિટી અને વહિવટી તંત્ર દ્વારા યોજાયેલી જાહેર લોક સુનાવણી કાર્યક્રમમાં જનપ્રતિનિધિઓ કે પદાધિકારીઓ નજરે ચડયા નહોતાં કાર્યક્રમમાં અંતે પર્યાવરણ બચાવવા પ્લાસ્ટિક નો ઉપયોગ ટાળવા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# બિયારણની ખરીદી વખતે વિવિધ કાળજી રાખવા ખેડૂતોને સૂચના

**સમય મિરર | ગોસા (ઘેડ)**

પોરબંદર જિલ્લાના તથા રાજ્ય ના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે રાખવા ની થતી કાળજી અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી છે.

**શંકાસ્પદ બિયારણની જાણ કરવા તંત્રની તાકિદ**

બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. તેમજ બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી તથા પેકેટ પર બિયારણની માહિતી દર્શાવતો QR code છે કે નહિ તે બાબતે ખાસ ચકાસણી કરવી અને નિયત મુદતનું તથા QR code સાથેનું બિયારણ ખરીદવું તથા કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં.

ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ)ને તુરંત જાણ કરવી. વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ અથવા થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી છે.

# સાવરકુંડલામાં ઓપરેશન સિંદૂરની મળેલી સફળતાની તિરંગા યાત્રા કાઢી કરાઈ ઉજવણી

## વંદે માતરમના નારાથી વાતાવરણ દેશભક્તિમય બન્યું

**સમય મિરર | સાવરકુંડલા**

આજરોજ ૨૩ મે ૨૦૨૫ શુક્રવારના રોજ સાવરકુંડલા ખાતે તિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આજરોજ ૨૩ મે ૨૦૨૫ શુક્રવારે બપોરે દેવળા ગેટથી શરૂ કરી બટુક હનુમાનથી શરૂ થઈ, મેઈન બજાર, ટાવર રોડ થઈ, રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે તિરંગા યાત્રાએ પૂરા ઉમંગ જોશ અને દેશપ્રેમની ભાવના સાથે શહેરના અનેક વિસ્તારોમાંથી પસાર થઈ. આમ 'ઓપરેશન સિંદૂર' ની સફળતા અને ભારતીય સેનાના પરાક્રમને સન્માનવા સાવરકુંડલામાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું . આ તિરંગા યાત્રા દરમિયાન જયહિંદ અને વંદે માતરમના નારા સાથે સાવરકુંડલા શહેરનું સમગ્ર આભામંડળ ગુંજી ઉઠયું હતું.દરેકના ચહેરા પર રાષ્ટ્ર






ગૌરવ અને સૈન્ય પ્રત્યેનો અખૂટ પ્રેમ છલકતો જોવા મળ્યો હતો. આ યાત્રામાં સાવરકુંડલાની તમામ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ, સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, એએસપી વલય વૈદ્ય રૂરલ પીઆઈ ચૌધરી, ટાઉન પીઆઈ કુંગસીયા, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ સ્ટાફ, એનસીસી એનએસએસ, લાયન્સ ક્લબ, સદભાવના ગ્રુપ, સ્વામિનારાયણ ગુરુકુળ, લલ્લુભાઈ શેઠ ફાઉન્ડેશન, નૂતન કેળવણી મંડળ, ચેમ્બર ઓફ કોમર્સ, બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ, હિન્દુ યુવા સંગઠન સહિત અન્ય સંસ્થાઓ જોડાઈને રાષ્ટ્ર ભક્તિનો પરિચય આપ્યો. આ તકે તમામ રાજકીય કાર્યકરો, હોદ્દેદારો, શહેર અને ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ઉપસ્થિત રહીને દેશભક્તિનો અનોખો પરિચય આપ્યો હતો. આમ ઓપરેશન સિંદૂર ને સન્માનિત કરવાની આ તિરંગા યાત્રાનો ઉદ્દેશ લોકોમાં રહેલી રાષ્ટ્ર ભાવનાને વધુ પ્રજ્વલિત કરવાનો પણ હતો.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આહવાન

# પોરબંદરને હરિયાળું બનાવવા માટે વૃક્ષારોપણ કરવા અપીલ કરાઈ

**સમય મિરર | ગોસા (ઘેડ)**

ચોમાસુ નજીકમાં છે ત્યારે પોરબંદરવાસીઓને વૃક્ષારોપણ કરવા માટે અપીલ કરવામાં આવી છે અને જણાવાયું છે કે,વૃક્ષો ઉગાડવા માટેનો શ્રેષ્ઠ સમય ચોમાસાની ઋતુ છે.

આપણું પોરબંદર ગ્રીન પોરબંદર અભિયાનના પ્રણેતા અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીની પોરબંદર તાલુકા શાખાના ચેરમેન રામદેવ ભાઈ મોઢવાડિયા તથા પ્રવીણ ભાઈ ખોરાવા દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે કે, ભારતમાં વૃક્ષો ઉગાડવાનો શ્રેષ્ઠ સમય ચોમાસાની ઋતુ છે.

ભારતમાં વરસાદની ઋતુ જુનથી સપ્ટેમ્બર સુધીની હોય છે.ઉત્તર ભારતમાં, તમે જાન્યુઆરી- ફેબ્રુઆરી દરમિયાન નવા વિકાસની શરૂઆત પહેલા વૃક્ષો વાવવાનું વિચારી શકો છો.આવી સ્થિતિમાં, ૧-૨ વર્ષ જુના



રોપાઓ વહેલા ફુલ આવતા બચી શકે છે અને તેમના બચવાની શક્યતા વધી શકે છે.

વાવેતર સરળ બનાવવા માટે તમે મોટા ખાડા ખોદી શકો છો જેમાં સામાન્ય રીતે એક મીટર વ્યાસના બીજ અથવા છોડ રોપવાના ઓછામાં ઓછા ૨-૩ મહિના પહેલા તમારે ખાડો ખોદવો જોઈએ. ત્યાર બાદ માટીમાં સારી માત્રામાં કાર્બનિક ખાતર ભેળવવું જોઈએ.

# કેશોદમાં અહલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જન્મજયંતિ નિમિત્તે ભાજપ મહિલા સંમેલન યોજાયું

## સંગઠન અને આત્મનિર્ભરતા બાબતે માર્ગદર્શન અપાયું

**સમય મિરર | કેશોદ**

કેશોદમાં ભાજપે પુણ્યશ્લોક અહલ્યાબાઈ હોલકર ની ૩૦૦ મી જન્મજયંતિ નિમિત્તે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય દેવાભાઈ માલમ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા ની ઉપસ્થિતિમાં મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકર નો જન્મ ૩૧ મે, ૧૭૨૫, ચૌંડી ગામ, હૈદરાબાદ હાલનું અહિલ્યાનગર જિલ્લો, મહારાષ્ટ્ર ખાતે થયો હતો અને મૃત્યુ ૧૩ ઓગસ્ટ, ૧૭૯૫, ઈન્દોર ખાતે થયું હતું. વર્ષ ૧૭૬૭ થી ૧૭૯૫ સુધી મરાઠા સંઘના ભાગ, માલવા પ્રદેશના શાસક હતા . તે યુગ દરમિયાન ભારતીય રાજનીતિનું નેતૃત્વ કરનારી થોડી મહિલાઓમાં ની એક




હતી. તેમણે પહેલા કારભારી તરીકે અને પછી મધ્ય ભારતમાં મહેશ્વર અને ઈન્દોર ખાતે હોલ્કર રાજવંશના શાસક તરીકે સેવા આપી હતી , જે સમયગાળાને હોલકર રાજવંશનો શિખર માનવામાં આવતો હતો. તેઓ તેમના પરોપકાર માટે પણ જાણીતા હતા, ખાસ કરીને બહુવિધ હિન્દુ મંદિરોના નિર્માણ માટે. તેમને પુણ્યશ્લોક ''પવિત્ર મંત્રોની જેમ શુદ્ધ'' તરીકે ઓળખવામાં આવે છે. કેશોદમાં ઔદિચ્ય ગોહિલવાડી બ્રહ્મસમાજ ખાતે ભાજપ મહિલા મોરચાની બહેનો લાલ રંગના સાડી ડ્રેસ પહેરીને મહિલા સંમેલનમાં બહોળી સંખ્યામાં હાજર રહેલા હતાં. પહેલગામ ખાતે આતંકી હુમલો થયાં બાદ ત્રણેય સેના દ્વારા શરૂ કરવામાં આવેલ ઓપરેશન સિંદુર સીઝફાયર કરવામાં આવ્યાં બાદ લોકોમાં વ્યાપેલી નારાજગી દુર કરવા યશગાન ગાવા તિરંગા યાત્રા પણ કાઢવામાં આવી હતી જે માંગરોળ રોડ શરદચોક ખાતે પુર્ણ થઈ હતી. કેશોદમાં ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા સિંદુર સાથે થાળી લઈને તિરંગા યાત્રામાં જોડાઈ હતી અને શરદચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને હારતોરા કરવામાં આવ્યાં હતાં.

સુજલામ સુફલામ અને કેચ ધ રેઈન – ૨.૦ અભિયાન

# રાજકોટ તાલુકાનાં ચિત્રાવાવ ગામ ખાતે સરણાવાળા તળાવને ઊંડું ઉતારવા અર્થે શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન કરતાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયા

## સૌની યોજના ખરેખર "સૌની" સાબિત થઈ છે : મંત્રી



**સમય મિરર | રાજકોટ**

ગુજરાત રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતા અને રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણીની ઉપસ્થિતિમાં રાજકોટ તાલુકાનાં ચિત્રાવાવ ગામ ખાતે સુજલામ સુફલામ અને કેચ ધ રેઈન – ૨.૦ અભિયાન હેઠળ સરણાવાળા તળાવમાંવધુ પાણીનો સંગ્રહ થાય, તેવા આશયથી તળાવને મીકેનીકલ મશીનરી થકી ઊંડું ઉતારવા અર્થે શાસ્ત્રોક્ત વિધિથી ભૂમિપૂજન કરાયું હતું.

મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે સરણાવાળા તળાવને ઊંડું કરવાનું કાર્ય પૂર્ણ થવાથી ચિત્રાવાવ ગામની અંદાજિત ૧૦૦ હેક્ટર ખેતીની જમીનમાં આવેલા કુવા અને બોરમાં ભૂગર્ભજળનાં સ્તરમાં નોંધપાત્ર વધારો થશે. જેથી, ખેડૂતોને સિંચાઈનો વધુ લાભ મળશે અને કેન્દ્ર સરકારના જળશક્તિ અભિયાન 'કેચ ધ રેઈન – ૨.૦'નો જળસંચયનો અભિગમ સાકાર થશે.

મંત્રીએ ઉમેર્યું હતું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, જયારે ગુજરાતના મુખ્યમંત્રી પદે ફરજ નિભાવતાં હતાં, ત્યારે તેમની દીર્ઘદ્રષ્ટિના કારણે ગુજરાતમાં સિંચાઈ અને પીવાના પાણીના સંગ્રહ અને વિતરણની વ્યવસ્થા સુચારૂરૂપે કરવામાં આવી હતી. હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ પણ છેવાડાંના વિસ્તાર સુધી પાણી પહોંચાડવા પ્રતિબદ્ધ છે. સૌરાષ્ટ્ર હરિયાળું બન્યું છે અને પશુઓ માટે પણ લીલો ચારો સરળતાથી મળી રહે છે. આથી, સૌની યોજના ખરેખર "સૌની" સાબિત થઈ છે.

આ પ્રસંગે મહાનુભવોનું પરંપરાગત સામૈયું કરાયું હતું. કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્યથી કરાયા બાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું.તેમજ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવીણાબેન રંગાણી અને અગ્રણીશ્રી મનહરભાઈ બાબરીયાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ તકે તાલુકા પંચાયત પ્રમુખશ્રી ચેતનભાઈ કથીરીયા, મામલતદારશ્રી કે. એચ. મકવાણા, અગ્રણીશ્રી ભાણજીભાઈ મેવાસિયા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ડિસ્ટ્રીક્ટ આયુષ અને હેલ્થ સોસાયટીની બેઠક યોજાઈ

## કલેક્ટર પ્રભવ જોશીએ આયુર્વેદ અંગે જનજાગૃતિ લાવવા અને વિવિધ રોગોના નિદાન–સારવાર અંગે સૂચના આપી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતા અને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીની ઉપસ્થિતિમાં ડિસ્ટ્રીક્ટ આયુષ સોસાયટી અને ડિસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટીની ગવર્નિંગ બોડીની બેઠક યોજાઇ હતી. જેમાં કલેક્ટર પ્રભવ જોશીએ આયુર્વેદ અંગે જનજાગૃતિ લાવવા અને વિવિધ રોગોના નિદાન-સારવાર અંગે સૂચના આપી હતી.

રાજકોટ ડિસ્ટ્રીક્ટ આયુષ સોસાયટીની બેઠકમાં કલેક્ટરએ બાળકોની ઉધરસ માટે આયુર્વેદિક દવાઓ, આયુર્વેદિક પદ્ધતિથી સારવાર, આયુષ મિશનની વિવિધ કામગીરી તથા નિર્માણ પામનારા આયુર્વેદ મંદિરો અંગે વિગતવાર ચર્ચા કરી હતી. આયુર્વેદ મંદિરોની ગ્રાન્ટ, મહેકમ અને બાંધકામ, દવાઓનો સ્ટોક વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આયુર્વેદ શાખાના અધિકારીએ 'ડિસ્ટ્રિક્ટ એક્શન એન્યુઅલ પ્લાન ૨૦૨૫-'૨૬' રજૂ કર્યો હતો. જસદણમાં આયુર્વેદ હોસ્પિટલના નિર્માણની મંજૂરી, આયુર્વિદ્યા અને આયુષગ્રામ પ્રોજેક્ટો, જનજાગૃતિ શિબિર અને શાળા મુલાકાત વિશે સૂચનો આપ્યા હતાં. તેમજ આયુર્વેદ ઉપચાર પદ્ધતિ અંગે જાગૃતિ ફેલાવવા સોશિયલ મીડિયામાં પ્રચાર કરવા પર ભાર મૂક્યો હતો.

આ ઉપરાંત, ડિસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટીની ગવર્નિંગ બોડીની બેઠકમાં રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જાન્યુઆરીથી એપ્રિલ માસ દરમિયાન ક્ષય રોગના કેસો, નેશનલ લેપ્રસી એલીમીનેશન પ્રોગ્રામ ઈન્ડીકેટર્સ, વાત્સાયન કેન્દ્ર અને મમતા દવાખાના, તાલુકા પ્રમાણે વિવિધ રોગોના ટેસ્ટિંગ અને પોઝિટિવ કેસ અને વેરી હાઈ રિસ્ક પ્રેગ્નેટ વુમન ડિલિવરીના અહેવાલોની સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. આર. ફૂલમાળી, ડી.એમ.ઓ.શ્રી જી. પી. ઉપાધ્યાય, જિલ્લા ક્ષય અધિકારી ઘનશ્યામભાઈ મહેતા સહિત આરોગ્ય કેન્દ્રો, સિવિલ હોસ્પિટલ, એઈમ્સ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## પ્લાસ્ટિકમુક્ત ગુજરાત, પ્લાસ્ટિકમુક્ત ભારત

# સામાજિક વનીકરણ વિભાગ, રાજકોટ દ્વારા લોધીકાનાં અભેપર ગામે પ્લાસ્ટિક એકત્રીકરણ ઝુંબેશ હાથ ધરાઈ



**સમય મિરર | રાજકોટ**

પ્લાસ્ટિકમુક્ત ગુજરાત, પ્લાસ્ટિકમુક્ત ભારત, સ્વચ્છ અને પર્યાવરણપ્રિય ભારત માટે સરકારશ્રી તેમજ વિવિધ સંસ્થાઓ/સંગઠનો અને પર્યાવરણપ્રેમી નાગરિકો દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ત્યારે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિતે તા.૨૨ મે ના રોજ સામાજિક વનીકરણ વિભાગ રાજકોટ હેઠળના લોધિકા તાલુકાનાં અભેપર ગામે સરપંચશ્રી તથા ગ્રામજનોની સહભાગીથી ખોડિયારમાંના મંદિર પરિસરમાં પ્લાસ્ટિક એકત્રીકરણની ઝુંબેશ હાથ ધરાઈ હતી.

આ તકે સામાજિક વનીકરણ રેન્જ રાજકોટ દ્વારા ગ્રામજનોને પ્લાસ્ટીકના ઉપયોગથી પર્યાવરણને થતી હાની અને પ્લાસ્ટિકના વૈકલ્પિક ઉપાયો સૂચવાાયા હતા.

# રાજકોટ જિલ્લાના ૧૫ વર્ષ સુધીના ખેલાડીઓ માટે તા.૨૭ મીએ પ્રૂવન ટેલેન્ટ આઈન્ડેટીફિકેશન યોજાશે

## રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં વિજેતા ખેલાડીઓની ડી.એલ.એસ.એસ. યોજનામાં પસંદગી કરાશે

**સમય મિરર | રાજકોટ**

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રાજકોટ જિલ્લાના ખેલાડીઓ માટે પ્રૂવન ટેલેન્ટ આઈન્ડેટીફિકેશનનું આયોજન કરાયું છે. જેમા તા.૨૭ મે ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે SAG સ્પોર્ટ્સ હોસ્ટેલ પોલીસ હેડ ક્વાટર્સની પાસે, રેષકોર્સ ખાતે ખેલાડીઓએ રિપોર્ટીંગ કરવાનું રહેશે.

ખેલ મહાકુંભ, એસ.જી.એફ. આઈ, માન્ય એસોસીયેશન જેવી માન્ય રાજ્ય કક્ષાની ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ દરમ્યાનની સ્પર્ધાઓમાં ૧ થી ૩ ક્રમાંકના વિજેતા ખેલાડીઓ માટે પ્રૂવન ટેલેન્ટ આઈન્ડેટીફિકેશન (PT) ટેસ્ટનું આયોજન કરાયું છે. જેમાં ૧૫ વર્ષ (૩૧-૧૨-૨૦૦૯ પછી જન્મેલા. ૩૧-૧૨-૨૦૨૪ની સ્થિતિએ) સુધીના ખેલાડીઓ ભાગ લઈ શકશે. બાળકોએ તેમની રસ ધરાવતી રમતમાં સારૂ પ્રદર્શન કરેલ હોય અને ભવિષ્યમાં વધુ સારૂ પ્રદર્શન કરી શકે તેવી ક્ષમતા ધરાવતા પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રૂવન ટેલેન્ટ ખેલાડી તરીકે ડી.એલ.એસ.એસ યોજનામાં પસંદગી કરવામાં આવશે. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# બેલડા ગામને પ્લાસ્ટિકમુક્ત ગ્રામ બનાવ-વા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



**સમય મિરર | રાજકોટ**

સમગ્ર જિલ્લામાં પર્યાવરણને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે વિશેષ અભિયાન હાથ ધરાયું છે. વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે યોજાયેલા અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લાના બેલડા ગામે ગ્રામજનો દ્વારા રસ્તા, ઝાડી ઝાંખરા, શેરીઓમાંથી પ્લાસ્ટિક એકત્ર કરી વિસ્તારને સ્વચ્છ કરવામાં આવ્યો હતો. સરપંચ અને તલાટી દ્વારા ગ્રામ લોકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવી, પર્યાવરણને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના કાપડની થેલીનો ઉપયોગ કરવા અપીલ કરી હતી. લોકોને પ્લાસ્ટિક થકી થતાં રોગ અને પ્લાસ્ટિક સિવાયના ગ્રામ વિસ્તારમાં સહજ પ્રાપ્ય અન્ય વિકલ્પો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# કમોસમી વરસાદ અને ખરીફ પાકના આયોજન માટેના ઉપાયો

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ જિલ્લામાં તા. ૨૫ મે સુધી છૂટાછવાયા વરસાદની આગાહી છે ત્યારે વિવિધ શાકભાજી વગેરે પાકોમાં પ્રવર્તમાન હવામાનમાં ધ્યાન રાખવાના પગલાં જાહેર કરવામાં આવ્યા છે. જે અનુસાર રીંગણ અને મરચાં જેવા શાકભાજી પાકો જો કમોસમી વરસાદ અને તોફાની પવનને કારણે પડી ગયા હોય ત્યાં તેમને ટેકો આપવો. ઉભા પાકમાં ફૂગના રોગોનો ઉપદ્રવ વધી શકે છે, તેથી પાકનું નિરીક્ષણ કરતા રહેવું અને જો જરૂરી હોય તો ભલામણ કરેલ ફુગનાશકનો છંટકાવ હવામાન ચોખ્ખું હોય ત્યારે કરવો જોઈએ. આ ઉપરાંત, પશુઓના મળમૂત્ર અને ખેત કચરામાંથી સંપૂર્ણ સડી ગયેલ ખાતરને ખાતરની ખાડથી બહાર કાઢવું. આગામી ખરીફ પાકના વાવેતર માટે જરૂરી આયોજન કરવું જોઈએ.

આગામી ચોમાસું પાકોના વાવેતર માટે જમીન ખેડીને તૈયાર કરવી અને પસંદગીના પાક અને જાતનું બિયારણ, જરૂરી ખાતર અને દવા સમયસર મેળવી લેવી જોઈએ. પોતાનું/ખાનગી કં./અન્ય પાસેથી ખરીદેલ બીજનો ઉગાવો અગાઉથી થોડું સેમ્પલ લઈ ચકાસી લેવો.આગામી ખરીફ પાકોના વાવેતર માટે સારી ગુણવતાવાળું પ્રમાણિત બીજ મેળવવુ જોઈએ. વળી, ખેતરના શેઢા પાળા અને વરસાદી પાણીના નિકાલના કાઢયાની મરામત કરવી જેથી જમીનનું ધોવાણ અટકાવી શકાય તેમ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી તરઘડીયાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લામાં 'મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાનને જનભાગિદારીથી વેગવંતુ બનાવવા પર ભાર મુકતાં કલેક્ટર પ્રભવ જોશી

## જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની બેઠકમાં આરોગ્યલક્ષી સેવાઓ વધુ ગુણવત્તાસભર પૂરી પાડવા જરૂરી સૂચના આપી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં કલેક્ટર કચેરી ખાતે તા. ૨૩ મેના રોજ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતા અને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીની ઉપસ્થિતિમાં જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ આરોગ્યલક્ષી જિલ્લામાં વધુ સારી સેવાઓ પૂરી પાડવા ઉપર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ માતા અને બાળ મૃત્યુ દર, બાળકને રસીકરણ, બિનચેપી રોગો, લેપ્રોસી એલીમીનેશન અને પરિવાર નિયોજનના અહેવાલની સમીક્ષા કરી હતી. એનીમીયા નિવારણ, સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા અને સ્ત્રી-પુરુષ જાતિ રેશીયો જાળવવા સૂચના આપી હતી. બાળકો અને તરુણોમાં પોષણનું પ્રમાણ વધારવા, ઓછા વજન ધરાવતા બાળકોનું વજન વધારવા, રોગચાળાને અટકાવવા અને માનસિક આરોગ્ય વિશે કાળજી રાખવા સૂચનો આપ્યા હતાં. ક્ષયમુક્ત ભારત, મલેરીયામુક્ત ગુજરાત અભિયાન અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોની કામગીરી તપાસી હતી. સ્વચ્છતા મિશન ઓડીટ, ફાયર સેફ્ટી અને રેડીએશન સેફ્ટી અંગે ઓનલાઈન સમયસર એન્ટ્રી કરવા જણાવ્યું હતું. ખાસ કરીને કલેક્ટરશ્રીએ 'મેદસ્વિતામુક્ત ગુજરાત, સ્વસ્થ ગુજરાત' અભિયાનને જનભાગીદારીથી વેગવંતુ બનાવવાની સૂચના આપી હતી.



વધુમાં કલેક્ટરશ્રીએ જિલ્લામાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની કામગીરી, સગર્ભાઓની સારસંભાળ, જરૂરી સાધનો અને વ્યવસ્થાઓ, આરોગ્ય કેન્દ્રોમાં માળખાકીય સુવિધાઓ, સ્ટાફ, દવાઓ તથા નિદાન માટે મશીન, આર.બી.એસ.કે. (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ) હેઠળ બાળકોના સ્ક્રીનિંગ, શાળાઓમાં વિદ્યાર્થીઓના આંખોની તપાસ, કેન્સરની સારવાર માટે મળતી સહાય, ગ્રામ્ય લોકો માટે એઈમ્સ ખાતે મેડિકલ કેમ્પ કરવા સહિતની બાબતો અંગે જરૂરી સૂચના આપી હતી. ઉપરાંત, સોશિયલ મીડિયાના માધ્યમથી વિવિધ આરોગ્ય યોજનાઓની સાફલ્યગાથાઓ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદ, સિવિલ હોસ્પિટલના અધ્યક્ષશ્રી ડો. મોનાલી માકડીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. આર. આર. ફૂલમાળી, ડી.એમ.ઓ.શ્રી જી. પી. ઉપાધ્યાય, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ઘનશ્યામભાઈ મહેતા સહિત આરોગ્ય કેન્દ્રો, સિવિલ હોસ્પિટલ, એઈમ્સ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે જસદણ તાલુકાના કનેસરા - ૨ ડેમમાં રૂ. ૫.૯૨ કરોડના ખર્ચે થનારા પાઈપ કેનાલના બાંધકામનું ખાતમુહૂર્ત



**સમય મિરર | રાજકોટ**

ગુજરાત રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જસદણ તાલુકામાં કનેસરા ગામ નજીક કનેસરા - ૨ ડેમમાં રૂ. ૫,૯૨,૫૬,૮૦૦ના ખર્ચે થનારા પાઈપ કેનાલના બાંધકામનું ખાતમુહૂર્ત કર્યું હતું. કનેસરા ગામ પાસે ભાદર નદીની પ્રશાખા પર કનેસરા – ૨ નાની સિંચાઈ યોજના બનાવવામાં આવી છે. જેમાં અન્ડર ગ્રાઉન્ડ પાઈપ નહેરમાં કુલ ૩૯ વેલ કૂવા બનાવવામાં આવશે, જેમાંથી ખેડૂતો સિંચાઈ હેતુસર પાણી લઈ શકશે.

આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અહીં વર્ષો પહેલા ગામલોકોની તળાવ બનાવવાની માંગણી હતી, ખેડૂતોને સિંચાઈનું પાણી સહેલાઈથી મળી રહે, તે માટે વર્ષ ૨૦૨૨માં ડેમ બનાવવામાં આવ્યો, હવે ટૂંક સમયમાં કેનાલ પણ બની જશે. જેની વિશેષતા એ છે કે ખેડૂતોની જમીન સંપાદન કર્યા વિના નહેર બનાવવામાં આવશે અને પાકને થયેલા નુકસાનનું વળતર પણ આપવામાં આવશે. આ ભૂમિગત પાઈપલાઈનથી કનેસરા અને કુંદણી ગામની ૧૬૮.૬૪ હેક્ટર જમીનને સિંચાઈના પાણીનો લાભ મળશે. ગુજરાત સરકારની જલ જીવન મિશન, સૌની યોજના સહિતની યોજનાઓના પરિણામે જસદણ - વિંછીયા પંથકમાં ક્યાંય પીવાના પાણી અને સિંચાઈના પાણીની મુશ્કેલી રહી નથી. રાજ્ય સરકારના પ્રયાસોને પરિણામે સૌરાષ્ટ્રભરના સુકા વિસ્તારો લીલાછમ બન્યા છે.

આ કાર્યક્રમમાં મંત્રીશ્રીનું ફૂલહાર અને પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું. અધિક્ષક ઈજનેરશ્રી પ્રેક્ષાબેન ગોસ્વામીએ સ્વાગત પ્રવચન અને કાર્યપાલક ઈજનેરશ્રી બી. પી. ભીમજીયાણીએ આભારવિધિ કરી હતી. આ તકે સિંચાઈ વિભાગના કર્મચારીઓ, અગ્રણીઓ અને ગામલોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિદ્યાર્થીઓના સામર્થ્યને સાહસમાં પરિવર્તીત કરી તેને સફળતાના શિખર તરફ દોરી જતી "સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP ૨.૦)"

## ■SSIP ૨.૦ હેઠળ રાજકોટ જિલ્લાની ૧૭ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીને રૂ. ૨.૮૨ કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવાઈ : ૧,૨૪૧ વિદ્યાર્થીઓએ ઈનોવેશન દ્વારા ૫૭૦ જેટલા પ્રોજેક્ટ શરૂ કર્યા

## ■SSIP ૨.૦ યોજના અંતર્ગત માત્ર ૧૫,૦૦૦ રૂપિયાની શરૂઆતથી સરગવામાંથી હેલ્ધી ચોકલેટ બનાવીને મહિલા ઉદ્યમી બનતા ૨૪ વર્ષીય કૃપા બોડા



**સમય મિરર | રાજકોટ**

ચોકલેટ કોને ન ભાવે ! "ચોકલેટ" શબ્દ સાંભળતાની સાથે જ અબાલ વૃધ્ધ સૌ કોઈના મોઢામાં પાણી આવી જાય છે. વિવિધ કંપનીઓ અનેક પ્રકારના સ્વાદની ચોકલેટનું ઉત્પાદન કરે છે, પરંતુ આજે આપણે એક એવી ચોકલેટ વિશે વાત કરવી છે, જેને આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી એવા સરગવામાંથી બનાવવામાં આવી છે. પૌષ્ટિક તત્વો અને ભરપૂર વિટામિન જેમાં રહેલા છે, તેવા સરગવા એટલે કે મોરીંગામાંથી બનેલી આ ચોકલેટનું નામ પણ "મોરિક ડીલાઈટ" છે. જેને રાજકોટના યુવા મહિલા ઉદ્યમી કૃપા બોડાએ બનાવી છે.

રાજય સરકારની "સ્ટુડન્ટ્સ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦" (SSIP) નો લાભ મેળવીને મહિલા ઉદ્યમી તરીકે આગળ વધી રહેલી કૃપાએ તેના હેલ્ધી ચોકલેટના પ્રોજેક્ટ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, મેં વર્ષ ૨૦૧૯માં રાજકોટની માતૃશ્રી વીરબાઈ મહિલા સાયન્સ કોલેજમાં BSC કેમિસ્ટ્રીમાં એડમિશન લીધું હતું. અભ્યાસની સાથે કંઈક અલગ કરવાની ઈચ્છા હતી. એ જ અરસામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં "સ્ટુડન્ટ્સ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦" હેઠળ બુટ કેમ્પ યોજાયો હતો. જેમાં મારી કોલેજના પ્રો.ચેતન ઠાકર અને પ્રો.ભાવના વૈધના માર્ગદર્શન હેઠળ મેં સરગવામાંથી ચોકલેટ બનાવવાનો પ્રોજેક્ટ મૂક્યો હતો, મારા આ પ્રોજેક્ટને નિર્ણાયક ટીમ દ્વારા SSIP હેઠળ પસંદ કરવામાં આવ્યો. જેણે મારા માટે આત્મનિર્ભર બનવાના દ્વાર ખોલી નાખ્યા.

સરગવાની ચોકલેટ બનાવવાના ઉદ્દેશ્યને વર્ણાવતા તેઓ કહે છે કે, લોકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને મારે કંઈક નવું કરવું હતું. સરગવામાં અનેક પોષક તત્વો રહેલા છે. ફાઈબરથી ભરપૂર સરગવો ચરબી ઘટાડવામાં મદદરૂપ છે, આજના યુગમાં આહાર વિહાર અને જીવનશૈલીના કારણે લોકો મેદસ્વીતાનો શિકાર બની રહયા છે. તેવા સમયે સરગવામાંથી "હેલ્ધી અને ટેસ્ટી" ચોકલેટ બનાવી તેને લોકો સુધી પહોંચાડીએ તો લોકોનું આરોગ્ય પણ સારૂ રહે તેવા વિચાર સાથે મે " મોરિક ડીલાઈટ" ચોકલેટના ઉત્પાદન ક્ષેત્ર ઝંપલાવ્યું.

" મોરિક ડીલાઈટ" ચોકલેટના ઉત્પાદનની સફર અંગે કૃપા બોડા જણાવે છે કે, આ ચોકલેટમાં એકપણ પ્રકારના આર્ટીફિશિયલ કલર એડ કરવામાં આવતા નથી, તેમજ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત પાસેથી જ સરગવો લઈએ છીએ. ગોળ, સારક, ખજુર અને મધની મીઠાશ વાળી પણ ચોકલેટ બનાવું છું. જેને કારણે મારી આ ચોકલેટ વધુ ગુણવત્તાવાળી બને છે. મારા ઉત્પાદન માટે મે Fssai ના રજીસ્ટ્રેશન નંબર લીધા છે, એટલું જ નહી પરંતુ આ ઉત્પાદન કરતાં પહેલાં મે ચોકલેટના લેબોરેટરી ટેસ્ટ પણ કરાવ્યા છે. હવે આ ચોકલેટની પેટન્ટ માટે પણ હું એપ્લાય કરવાની છું. મારી આ હેલ્ધી ચોકલેટની ગુણવત્તાના કારણે અન્ય વેંચાણની સાથે તેની સરકારી કાર્યક્રમ અને વર્કશોપમાં પણ વેચાણ માટે સારી માંગ રહે છે.

સરકારની આ પોલિસીમાં રૂ.૨.૫૦ લાખ સુધીની સહાય મળે છે, હાલ મેં માત્ર ૧૫,૦૦૦ રૂપિયાની શરૂઆતથી ચોકલેટ બનાવવાનો મારો વ્યવસાય શરૂ કર્યો છે, જે સારી રીતે ચાલી રહ્યો છે. સરકાર મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે મહિલા કોલેજમાં એક મહિલા ઉદ્યમી બનીને હું ગર્વની લાગણી અનુભવું છું. આજે હું જોબ સીકર નહિ, પરંતુ જોબ ગીવર બની છું તેના માટે સરકારનો હું આભાર માનું છું. ભવિષ્યમાં i - hub હેઠળ વ્યવસાયને વિસ્તૃત કરવા રૂ. ૨.૫૦ થી ૧૦ લાખ સુધીની સહાય મેળવીને વ્યવસાયને આગળ ધપાવીશ.

મહિલા કોલેજમાં જ છેલ્લાં ૩૨ વર્ષથી હોમ સાયન્સના ફૂડ એન્ડ ન્યુટ્રીશિયન વિભાગના પ્રો. ભાવનાબહેન વૈધ કહે છે કે, આજે અયોગ્ય આહારને કારણે આપણે મેદસ્વિતા સહિતની અનેક બિમારીઓનો ભોગ બની રહયાં છીએ. તેવા સમયે સરગવામાં રહેલા અનેકવિધ પોષક તત્વોના કારણે તેનું સેવન રોગ પ્રતિકારક ક્ષમતા વધારે, બ્લડ શુગરનું નિયંત્રણ કરે, હાડકાં મજબૂત બનાવે છે. જેને ધ્યાને લઈ વિદ્યાર્થીની કૃપાને સરગવામાંથી આરોગ્યવર્ધક ચોકલેટ બનાવવાના પ્રોજેક્ટ માટે પ્રેરણા આપી હતી. SSIP હેઠળ અમારી કોલેજમાં કૃપાની જેમ અન્ય વિદ્યાર્થીનીઓને પણ હેલ્ધી પ્રોજેક્ટ માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, SSIP ૨.૦ હેઠળ રાજકોટ જિલ્લાની ૧૭ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીને રૂ.૨ કરોડ, ૮૨ લાખ ૭૦ હજારની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જે અંતર્ગત હાલ ૧,૨૪૧ વિદ્યાર્થીઓના સમાવેશ સાથે ૫૭૦ જેટલા ઈનોવેશન પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થી મિત્રો પોલિસી વિશેની વધુ જાણકારી https://www.ssipgujarat.in/ વેબસાઈટ અને મારી યોજના પોર્ટલ ઉપરથી મેળવી શકે છે. આમ, સફળ ઉદ્યોગ સાહસિકો બનાવવા અને આત્મનિર્ભર ભારત બનાવવાની સંકલ્પનાને સાકાર કરવા "સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦" સાહસનું પ્રેરણાસ્ત્રોત બની છે.

## અવસાન નોંધ

**નવાગઢ :** વાણંદ અનીલભાઈ દેવજીભાઈ ભાયાણી તે દેવજીભાઈ અંબાવીભાઈ ભાયાણીના પુત્ર તથા મનોજના પિતાનું તા. ૨૩ શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૬ને સોમવારે સાંજે ૪થી ૬ રાદડિયા સમાજ પટેલ ચોક નવાગઢ ખાતે રાખેલ છે.

# હરિદ્વારની જાત્રાએ નીકળેલા રાજકોટના યુવકની જીવનયાત્રાનો અંત

## રાજસ્થાનના અલવર નજીક યુવાન ચાલુ ટ્રેને ફેંકાઈ જતાં મોત; પરિવારમાં કલ્પાંત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં આવેલા જીવરાજ પાર્કમાં રહેતો કોલેજીયન યુવાન તેના મિત્રો સાથે હરિદ્વાર ફરવા જતો હતો ત્યારે રાજસ્થાનના અલવર નજીક ચાલુ ટ્રેનમાંથી ફેંકાઈ જતાં યુવાનનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે એકના એક પુત્રના મોતથી પરિવારજનોમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

જાણવા મળતી વિગત મુજબ સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક આવેલા જીવરાજ પાર્કમાં રહેતો તરંગ રાજેશભાઈ હદવાણી (ઉ.વ.૧૯) ગઈકાલે રાજકોટ-સરાઈરોહીલા ટ્રેનમાં બેસીને દિલ્હી જતો હતો ત્યારે રાજસ્થાનના અલવરથી આગળ ખેરતાલ નજીક ચાલુ ટ્રેનમાંથી પડી જતાં કરૂણ મોત નિપજ્યું હતું. બનાવની જાણ પરિવારજનો, સોસાયટીમાં થતાં કલ્પાંત સર્જાયો હતો. તરંગ તેના માતા-પિતાનો એકનો એક પુત્ર હતો અને આત્મીય કોલેજમાં બીસીએના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો.



હાલ વેકેશન હોઈ તરંગ અને તેના બીજા પાંચ મિત્રો જેમાં યોગેશ વાડોદરીયા, મિસલીન, પ્રિયાંશુ ગોંડલીયા સહિતે હરિદ્વાર-મસુરીના પ્રવાસે જવાનું આયોજન કર્યું હતું. તમામ મિત્રો ગુરૂવારે બપોરે રાજકોટથી ટ્રેનમાં બેસીને રવાના થયા હતાં. શુક્રવારે સવારે છએક વાગ્યે રાજસ્થાનના અલવરથી આગળ ખેરતાલ પાસે પહોંચી ત્યારે બીજા પાંચ મિત્રો સુતા હોઈ તરંગ હદવાણી ટ્રેનના દરવાજા પાસે હવા ખાવા કે એમ જ ટહેલવા ગયો હતો. આ વખતે ટ્રેન ભારે ગતિમાં હોઈ દરવાજા પાસે ઉભેલો તરંગ કોઈપણ રીતે બહાર ફેંકાઈ ગયો હતો. આ ઘટનાથી તેમના બીજા પાંચ મિત્રો અજાણ હતાં. તરંગના મમ્મી શ્રીમતી સ્મીતાબેનએ દિકરો અને તેના મિત્રો ક્યાં પહોંચ્યા? તે જાણવા તરંગને ફોન કરતા તેને ફોન ટ્રેનમાં સીટ પર પડ્યો હોય તેના મિત્રએ ફોન ઉપાડતાં તરંગ ટોઈલેટમાં ગયો હોવાનું અને આવે એટલે ફોન કરવાનું જણાવ્યું હતું. જો કે ઘણો સમય થવા છતાં તરંગ પરત ન આવતાં મિત્રો આગળના સ્ટેશને ઉતરી રેલવે પોલીસને જાણ કરી હતી અને તેની તપાસ શરૂ કરી હતી. બાદમાં રેલ્વે પોલીસે તપાસ કરતાં રાજસ્થાનના ખેરતાલ પાસેથી તરંગનો મૃતદેહ મળી આવતાં મિત્રો શોકમાં ગરક થઈ ગયા હતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી મિત્રોને સોંપ્યો હતો અને રાજકોટ આવવા રવાના થયા હતાં. મૃતક માતા-પિતાનો એકનો એક પુત્ર હોય આ બનાવથી પરિવારજનોમાં ભારે ગમગીની છવાઈ જવા પામી હતી.

# રાજકોટમાં પત્તા ટીંચતી ત્રણ મહિલા સહિત અડધો ડઝન પત્તાપ્રેમી ઝડપાયા

## હંસરાજનગરમાંથી ૧૩ હજારના દારૂ સાથે એક શખ્સની ધરપકડ

**સમય મિરર | રાજકોટ**



રાજકોટ શહેરના ગોંડલ રોડ પર આવેલા કોઠારીયા સોવન્ટમાં પોલીસે દરોડો પાડી જુગાર રમતી ત્રણ મહિલા સહિત છ શખ્સોને રૂા.૬,૮૬૦ની રોકડ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, આજી ડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પીયુષ ચિરોડીયા, સંજય બારોટ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન કોઠારીયા સોલવન્ટ નારાયણનગરમાં જાહેરમાં ચાલતા જુગારધામ ઉપર પોલીસે દરોડો પાડી પત્તા ટીચતાં ગીતાબેન પ્રવિણભાઈ સોલંકી, જયોતીબેન દિલીપભાઈ ભટ્ટ, ભાવનાબેન ભીમજીભાઈ ચૌહાણ, જાદવ પોચાભાઈ કરીર, સુરેશ વિનુભાઈ સંઘાણી અને મયુર બળવંતભાઈ બગથરીયાને ઝડપી લઈ પટમાંથી રૂા.૬,૮૬૦ની રોકડ રકમ કબજે કરી તમામ વિરૂધ્ધ જુગારધારા એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં હંસરાજનગર શેરી નં.૬માં રહેતાં સુમિત સિંધીએ પોતાના મકાનમાં દારૂનો જથ્થો રાખ્યો હોવાની બાતમીના આધારે પોલીસે તેને મકાનમાં દરોડો પાડી તલાસી લેતાં વિદેશી દારૂની અલગ અલગ કંપનીની બોટલ નંગ ૬૨ કિ.રૂા. ૧૩,૨૦૦ મળી આવતાં પોલીસે આરોપી સુમિત મનોજ કુમાર નારવાણીની ધરપકડ કરી દારૂનો જથ્થો કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર-કચ્છને ધમરોળતી તસ્કર ટોળકી ઝડપાઈ: ૧૦૪ દુકાનોમાં હાથફેરો કર્યાની કબુલાત

## ગીર સોમનાથમાં થયેલી ચોરીમાં સંડોવાયેલી ગેંગના ચાર સાગરીતની પુછપરછમાં ભેદ ખુલ્યા

**સમય મિરર | રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમા છેલ્લા એક વર્ષમા ૧૦૪ જેટલી ચોરી અને લુંટ ચલાવનાર ટોળકીને ગીર સોમનાથ પોલીસે ઝડપી લઈ પુછપરછ કરતા ગેંગના ૪ સભ્યોએ સૌરાષ્ટ્ર-કચ્છમા અનેક દુકાનોમાં ચોરી કર્યાનુ કબુલ્યુ હતું.



સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવેલી ૧૦૪ દુકાનોમાં ગ્રાહકના વેશમાં દુકાનદારોની નજર ચૂકવી હાથફેરો કરનારી ઉત્તરપ્રદેશની આંતરરાજ્ય ગેંગના ચાર સભ્યોને પોલીસે ઝડપી લીધા છે. આ ગેંગે ગત ૧૪મી તારીખે સોમનાથ હાઈવે પરના બાદલપરા ગામમાં આવેલી શીતલ પ્રોવિઝન સ્ટોર્સમાંથી ૭૭૦૦ રૂપિયાની લૂંટ પણ કરી હતી માસ્ક પહેરેલા બે શખ્સો ટુ-વ્હિલર પર દુકાન પર પહોંચ્યા હતા. પાછળ બેઠેલા શખ્સે સાબુની ગોટી લેવાના બહાને પૈસા આપતી વખતે દુકાનદારનું ગળું પકડી પપૈસે દે દે વરના જાન સે જાઓગેથ તેવી ધમકી આપી હતી અને દુકાનદારના હાથમાંથી ૭૭૦૦ રૂપિયા ઝૂંટવી લઈ ઈજા પહોંચાડી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાની સાથે જ સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરનાર ગીર-સોમનાથ એલસીબીની ટીમને આ મોટી સફળતા મળી છે.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ પાલીતાણામાં ૯ દુકાનો, અમરેલીમાં ૩, માધવપુરમાં ૬, સોમનાથમાં ૫, સાળંગપુરમાં ૧૯, ગોંડલમાં ૨૦, ચોટીલામાં ૨૧, જસદણમાં ૨, મોરબીમાં ૭, ગાંધીધામમાં ૩ અને માંડવીની ૯ દુકાનોમાં મળી કુલ ૧૧ શહેરોમાં ૧૦૪ દુકાનોમાં રોકડ ચોરીની કબૂલાત કરી છે. આ શખ્સોએ છેલ્લા એક વર્ષ દરમિયાન આ ચારેયે ૧૦૪ જેટલી ચોરી-ચિલઝડપ કર્યાનું કબૂલ્યું છે.

# ચેક પરત ફરવાના કેસમાં આરોપીને નિર્દોષ મુક્ત કરતી અદાલત

## મિત્રતાના દાવે લીધેલા રૂપિયાની ચૂકવણી માટે આપેલા બે ચેક પૈકી એક રિટર્ન થયો'તો

**સમય મિરર | રાજકોટ**

મીતાણા ગામના મનોજ બસિયા પાસેથી મિત્રતાના દાવે લીધેલા પાંચ લાખ પરત કરવાનો ચેક થવાના કેસમાં અદાલતે આરોપી હરીપરના જયદીપ ચૌધરીનો છુટકારો ફરમાવ્યો છે. આ કેસની હકીકત મુજબ, ટંકારા તાલુકાના હરીપર ગામના જયદીપ કુંવરજીભાઈ ચૌધરીએ મીતાણાના મનોજ જશુભાઈ બસીયા પાસેથી મિત્રતાના સંબંધના દાવે રૂા.૫ લાખ લીધા હતા. જે રકમ પરત કરવા જયદીપ ચૌધરીએ મનોજ બસીયાને બે ચેક આપ્યા હતા. જે પૈકી એક ચેક રિટર્ન થયા અંગે કાનુની નોટિસ પાઠવવા છતા ફરીયાદીનુ લેણુ અદા નહી કરતા ટંકારાની કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઇ ટંકારા કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુક્તો હુકમ કર્યો હતો.



એડવોકેટ

આ કેસમાં આરોપી વતી રાજકોટના એસ આર ફળદુ એડવોકેટ એસોસિએટ્સના પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા તથા મદદમા કેયુર સંઘાણી, યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવિન ખુંટ, આર્યન કોરાટ, કેતન પરમાર તથા જયમલ મકવાણા રોકાયા હતા.

# રાજકોટના જામગઢના યુવક અને સરધારના પૂર્વ સરપંચના હત્યારા ઝડપાયા

■આધેડની હત્યા કરી ભાગેલા મજૂરની મધ્યપ્રદેશથી ધરપકડ; હત્યા પાછળ સ્ત્રી પાત્ર કારણભૂત હોવાની આશંકા

■મિલકત મુદ્દે ચાલતી તકરાર અને દારૂના નશામાં માતા-પિતા સાથે ઝઘડો કરતા યુવકને મોટાભાઈએ જ મોતને ઘાટ ઉતાર્યો



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ પોલીસ વધતી જતી ક્રાઈમની ઘટનાને અટકાવવા કમર કસી રહી છે ત્યારે પોલીસને ચકચારી બે હત્યા કેસમાં સફળતા મળી છે. જેમાં

રાજકોટની ભાગોળે સરધાર ગામે વાડીએ સુતેલા પુર્વ સરપંચની હત્યા કરી નાસી છૂટેલા મજૂરને પોલીસે મધ્યપ્રદેશ બોર્ડર પરથી દબોચી લીધો હતો. આ હત્યામા સ્ત્રી પાત્ર કારણભુત હોવાની શંકાએ પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે. જ્યારે સાત દિવસ પૂર્વે જામગઢ ગામે યુવકની થયેલી કણપીણ હત્યાના ચકચારી બનાવમાં મિલકત અને દારૂના નશામાં માતા-પિતા સાથે ઝઘડો કરતા સગા નાના ભાઈને ફરિયાદી મોટાભાઈએ જ મોતને ઘાટ ઉતાર્યો હોવાનું સામે આવતા પોલીસે હત્યારા મોટાભાઈની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ રાજકોટનાં સરધાર ગામે રહેતા અને સરધાર ગ્રામ પંચાયતનાં પુર્વ ઉપ સરપંચ હરેશભાઈ મોહનભાઈ સાવલીયા નામનાં પર વર્ષનાં આધેડ સરધારમા આવેલી પોતાની વાડીએ સુતા હતા ત્યારે છાતીનાં ભાગે ત્રીકમનો ઘા ઝીંકી ક્રૂર હત્યા કરવામાં હતી. પ્રાથમીક તપાસમા મૃતક હરેશભાઈ સાવલીયાની વાડીએ ભાગ્યુ રાખતા મધ્યપ્રદેશના દિનેશભાઈ બથવાર દશેક દિવસ પહેલા પરિવાર સાથે વતનમાં ગયા હતા અને છેલ્લા ૧૫ દિવસથી ઉજ્જૈનનો મનોજ નામનો શખ્સ વાડીએ કામ કરવા આવ્યો હતો. ત્યારથી હરેશભાઈ વાડીનું ધ્યાન રાખવા માટે રાત્રે સુવા જતાં હતાં. ઘટનાની રાત્રે હરેશભાઈ સાવલીયા અને મજુર મનોજ બંને જ વાડીએ હતા. હરેશભાઈની હત્યા બાદ મજુર મનોજ ગાયબ થઈ જતા પોલીસે શંકાનાં આધારે મનોજને ફોન કર્યા હતાં પરંતુ તેને ફોન રિસીવ કર્યા ન હતાં અને બાદમાં તેના ફોન સ્વીચઓફ આવતો હતો. મજુર મનોજનું લોકેશન ચેક કરતા લોકેશન અમદાવાદ અને મધ્યપ્રદેશ ખાતે હોવાનુ જાણવા મળ્યા બાદ રાજકોટ પોલીસે પીછો કરી મધ્યપ્રદેશ બોર્ડરેથી ઝડપી લીધો હતો. આ હત્યામાં સ્ત્રી પાત્ર કારણભુત હોવાનુ હાલ માનવામા આવી રહ્યું છે. અને તે દીશામા આગળની તપાસ શરૂ કરાઈ છે.

બીજી ઘટનામાં રાજકોટની ભાગોળે આવેલા જામગઢ ગામે રહેતો મુકેશ વેલાભાઈ વાવડિયા નામનો ૩૩ વર્ષનો યુવાન નિત્યક્રમ મુજબ રાત્રીના ઘરે જમી વાડીનું રખોપુ કરવા માટે જતો હતો અને ગત તા.૧૮ રોજ પણ વાડીએ ગયો હતો. ત્યારે અજાણ્યા શખ્સોએ મોઢાના ભાગે તિક્ષણ હથિયાર વડે માર મારી મોત નિપજાવ્યું હતું. આ અંગે મૃતક મુકેશ વાવડીયાના મોટા ભાઈ વીનુભાઈ ઉર્ફે વીનો વેલાભાઈ વાવડિયા વાડીએ કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં ફરિયાદી વિનુભાઈ વાવડીયા પૂછપરછ દરમિયાન તેણે કબુલાત આપી હતી. મૃતક મુકેશ વાવડીયા સાથે મિલકત મુદ્દે ચાલતી તકરાર અને દારૂ પીવાની કુટેવ ધરાવતા મુકેશ વાવડીયા તેના માતા પિતા સાથે ઝઘડો કરતો હોવાનો ખાર રાખી મોટાભાઈ વિનુ વાવડીયાએ સગાભાઈની હત્યા કરી હોવાનું ખુલતા પોલીસે તેની ધરપકડ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

# હૃદયરોગના હુમલાનો ખતરો યથાવત રાજકોટમાં એકલવાયું જીવન જીવતા વૃધ્ધનું મોત

## વૃદ્ધ બે દિવસ સુધી ઘર બહાર નહિ નીકળતા પડોશીએ સંબંધીઓને જાણ કરતા મૃતદેહ હાથ લાગ્યો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે ગોંડલ હાઈ-વે પર આવેલા આગમન સિટીમાં એકલવાયુ જીવન જીવતાં વૃધ્ધનું હાર્ટએટેકથી મોત નિપજ્યું હતું. વૃધ્ધ બે દિવસથી ઘરમાંથી બહાર નીકળ્યા ન હોય પાડોશીએ જાણ કરતાં સંબંધીઓ દોડી આવ્યા હતાં અને તપાસ કરતાં ઘરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો.

જાણવા મળતી વિગત મુજબ, ગોંડલ રોડ પર પરિન ફર્નિચર પાછળ આગમન સિટી ફલેટ નં.એ-૫૦૪માં રહેતાં રમેશભાઈ નાથાભાઈ સંચાણીયા (ઉ.૬૫) નામના વૃધ્ધ બે દિવસથી પોતાના ઘરની બહાર નીકળ્યા ન હોય જેથી પાડોશીને શંકા જતાં તેમણે રમેશભાઈના અન્ય સંબંધીને ફોન કરી જાણ કરતાં તેઓ દોડી આવ્યા હતાં. ફલેટનો દરવાજો તોડી તપાસ કરતાં રમેશભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ અંગે તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતક બે દિવસથી ઘરમાં પડયા હોય અને તેમને માથાના ભાગે ઈજા હોય પડી જવાથી મોત થયાની શંકાએ પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેન્સિક પી.એમ. અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં તબીબો દ્વારા પીએમ કર્યા બાદ હાર્ટએટેક આવી જતાં પડી જવાથી તેમનું મોત થયાનું જણાવ્યું છે. પ્રાથમિક તપાસમાં મૃતક રમેશભાઈ એકના એક ભાઈ હતાં. અગાઉ તેમના લગ્ન થયા હતાં. પરંતુ ૩૫ વર્ષ પહેલા છુટાછેડા થઈ જતાં તેઓ એકલવાયું જીવન જીવતાં હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

# રાજકોટની યુવતીએ માત્ર ત્રણ માસના પ્રેમલગ્નમાં છૂટાછેડા થઈ જતા કર્યો આપઘાત

## કોલેજ ફ્રેન્ડ સાથે લવમેરેજ કર્યા બાદ પ્રેમરસ ખાટો થતા યુવતીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું

**સમય મિરર | રાજકોટ**

હાલના આધુનિક જમાનામાં યુવાનોમાં સોશિયલ મીડિયાનો ક્રેઝ વધારે જોબવા મળે છે. આવો જ ક્રેઝને કારણે ક્યારેક યુવક-યુવતિ વચ્ચે સોશિયલ મીડિયામાં જ માથાકુટ થાય છે. અને ગેર સમજણને કારણે વાત સબંધના ભંગાણ સુધી પહોંચે છે. ત્યારે રાજકોટના બરાજી હોલ પાસે રામપાર્ક શેરી નં. ૬માં રહેતી યુવતિએ છુટાછેડાના કારણે ડીપ્રેશનમાં આવી પોતાના ઘરે ગળેફાંસો આપઘાત કરી લીધો હતો. આ ઘટનાને કારણે પરિવારમાં શોક છવાયો છે.



બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, બાલાજી હોલ પાસે રામ પાર્ક શેરી નં. ૬ માં રહેતા ફેનાબેન નરોતમભાઈ વાછાણી (ઉ.વ.૨૪) નામની યુવતિએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા ૧૦૮ ઈએમટીના રોશની બેન ચાવડાએ ફેનાબેનને જોઈ તપાસી મૃતજાહેર કર્યા હતાં. આ અંગે રાજકોટ તાલુકા પોલીસ મથકના સ્ટાફે પીએસઆઈ પારગીએ તપાસ શરૂ કરી હતી.

ફેનાબેન તેમના માતા-પિતાના એકને એક સંતાનનું પોલીસમાંથી જાણવા મળ્યું છે. તેમજ તેમણે જાન્યુઆરી-૨૦૨૫માં કોલેજમાં તેમની સાથે ભણતા યુવક સાથે લગ્ન કર્યા હતાં. ત્યાર બાદ બન્ને વચ્ચે કોઈ અણબનાવ બનતા એપ્રિલ માસમાં છુટાછેડા થઈ ગયા હતા બાદમાં યુવતિ ડિપ્રેશનમાં આવી ગઈ હતી. તેમજ તેમના માતા પણ બિમાર રહેતા હતા તેમના પિતા નમકીનની ટ્રેડીંગ કંપનીમાં કામ કરે છે. ગઈકાલે મોડે સુધી યુવતિ નીચે ન આવતા તેમના માતા-પિતા ઉપરના રૂમે જોવા ગયા ત્યારે પુત્રી ફેના લટકતી હાલતમાં જોવા મળી હતી. આ અંગે રાજકોટ તાલુકા પોલીસ મથકના સ્ટાફે આગળના કાગળો કરી કાર્યવાહી કરી હતી.

# કંપનીમાંથી ૭.૨૦ લાખનો ચોરી કરનાર પૂર્વ કર્મી સહિત તમામ આરોપીની રિમાન્ડ અરજી રદ

## સીસીટીવી ફૂટેઝના આધારે પોલીસે ચોરીનો ભેદ ઉકેલી પોલીસે ત્રણ દિવસમાં રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કર્યા'તા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી ગેઈટ નંબર-૩ માં આવેલ સુમો પોલીપ્લાસ્ટ પ્રા. લી.માંથી બ્રાસ પાઈપ ફીટીંગનું રો મટીરીયલ્સની અલગ અલગ ૨૩ બેગીઓ જેમા એક બેગીમાં ૪૦ કીલો એમ કુલ ૯૨૦ કીલો બ્રાસ પાઈપ ફીટીંગના રોમટીરીયલ જેની કિંમત રૂ.૭,૪૨,૪૪૦ ની ચોરી થયાની ચીફ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા ધર્મેશભાઈ અશોકભાઈ સતારાએ મેટોડા જીઆઈડીસી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અશ્વીન ખીમજીભાઈ ઝાલા, ગોપાલ હીરાભાઈ ચૌહાણ, રામ માનસમની મીશ્રા, દેવીદાસ જીણારામ રામદેપોત્રા, ધર્મેન્દ્ર ભીખાભાઈ રાઠોડ, પૃથ્વી મહેશભાઈ ચૌહાણ,



એડવોકેટ

ઉપેન્દ્ર મહેન્દ્રભાઈ ગણાત્રા અને સુરેશ ઉકાભાઈ અકબરીને રીક્ષા સહીત રૂ.૮.૪૨ લાખના મુદામાલ સાથે ઝડપી લીધા હતા. આરોપી સુરેશ અકબરીએ આ ચોરાઉ મુદામાલ ખરીદ કરી પોતાની ગુરુકૃપા મેટલ કાસ્ટ નામની ભઠ્ઠીમાં ઓગાળી ઢાળીયા બનાવી નાખ્યા હતા અને એક શખસ કંપનીનો પુર્વ કર્મચારી હોવાનુ જાણવા મળ્યુ હતું. ઝડપાયેલા આરોપીઓને ત્રણ દિવસના રિમાન્ડની માંગ સાથે પોલીસ દ્વારા લોધિકા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જે રિમાન્ડ અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ પોલીસ દ્વારા કરવામાં આવેલી રિમાન્ડ અરજી નામંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં પૃથ્વી ચૌહાણ તથા દેવીદાસ જીણાલાલ વતી યુવા એડવોકેટ વિવેક એન. સાતા રોકાયા હતા

# જીવલેણ બનતો રોગચાળો: મોસાળમાં આંટો મારવા ગયેલા ભાણેજનું તાવ-આંચકીથી મોત

## જૂનાગઢના બાંટવા ગામની ઘટના; રાજકોટના યુવકે બેભાન હાલતમાં દમ તોડતા પરિવારમાં કલ્પાંત



**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં રહેતો યુવાન જૂનાગઢના બાટવા ગામે રહેતા મોસાળમાં આંટો ગયો હતો. જ્યાં યુવકને તાવ અને આંચકીથી મોત નિપજ્યું હતું.

બે બહેનોના એકના એક ભાઈના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં મુંજકા વિસ્તારમાં આવેલી પરિશ્રમ સોસાયટીમાં રહેતો ધાર્મિક સુભાષભાઈ ભટ્ટ નામનો ૨૦ વર્ષના યુવાન જૂનાગઢના બાટવા ગામે તેના મામાના ઘરે હતો ત્યારે બેભાન હાલતમાં ઢળી પડતાં તાત્કાલીક સારવાર માટે રાજકોટ આવ્યો હતો.

જ્યાં ફરજ પરના તબીબે યુવકનું તાવ અને આંચકી આવતાં મોત નિપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પુછપરછમાં મૃતક યુવાન બે બહેનોનો એકનો એક ભાઈ હતો અને છેલ્લા આઠ દિવસથી મોસાળમાં આંટો મારવા ગયો હતો. જ્યાં યુવકનું તાવ અને આંચકીથી મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બાટવા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# GST કૌભાંડમાં એક આરોપીનો વધુ એક ગુનામાં જામીન ઉપર છુટકારો

## બનાવટી બિલિંગ અને દસ્તાવેજોના આધારે ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી કૌભાંડ આચર્યુ'તું

**સમય મિરર | રાજકોટ**

દેશભરમાં ચકચાર જગાવનર મસમોટા જીએસટી ચોરીના કૌભાંડમાં ઋષિ બગથરિયાના વધુ એક ગુન્હામાં રાજકોટની સેશન્સ અદાલત દ્વારા જામીન મંજૂર કરવામાં આવેલ છે.

આ કેસની હકીકત મુજબ જી.એસ.ટી. વિભાગમાં ઓનલાઈન રજુ કરી ''શ્રી ક્રિષ્ના ટ્રેડિંગ''ના નામે નામની પેઢી ખોલી ખોટા ભાડા કરારનો ખરા તરીકે ઉપયોગ કરી જી.એસ. ટી નંબર મેળવી બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે કુલ-૬ પેઢીઓના સંચાલકો સાથે મળીને ગુન્હા હિત કાવતરું રચી રૂ.૭૯,૨૦,૯૩૮/- બનાવટી બિલિંગ તેમજ બનાવટી દસ્તાવેજોના આધારે ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી સરકારને મોટું આર્થિક નુકશાન પહોંચાડતા સી.જી.એસ.ટી



એડવોકેટ

સુપ્રિટેન્ડન્ટ જય પ્રકાશસિંઘ રામચંદ્રસિંઘએ ડી.સી.બી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે આરોપી ઋષિ બગથરિયાની જી. એસ. ટી ના ત્રણ ગુન્હામાં સંડોવણી ખુલેલી જેમાં અમદાવાદ ખાતે એક તથા રાજકોટ ખાતે બે ગુન્હામાં પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કરેલ હતો જે બાદ ઋષિ બગથરિયા એ પોતાના એડવોકેટ કુલદીપસિંહ જાડેજા મારફતે સેશન્સ અદાલતમાં જામીન અરજી કરી હતી. જેમાં હાલના આરોપીએ કોઈ બોગસ પેઢી ઊભી કરેલ નથી આરોપીને પેઢી સાથે કોઈ રીતે લેવા દેવા નથી. જી.એસ.ટી ની કે બનાવટી દસ્તાવેજોની કોઈ કલમ લાગુ કરી શકાય નહિ. હાલના કેસને સલગ્ન અન્ય હાઈકોર્ટ સુપ્રીમ કોર્ટના નોંધપાત્ર ચૂકાદાઓ રાજકોટ ડીસીબી પોલીસના સોગંદનામાઓ ધ્યાને લઈને હાલના આરોપીને જામીન મુક્ત કરતો હુકમ કર્યો છે. આ કેસમાં ઋષિ બગથરિયા વતી રાજકોટના વકીલ કુલદીપસિંહ બી. જાડેજા, જ્યોત્સનાબા પી. જાડેજા, રવિરાજસિંહ પરમાર, નિતાબેન સારીખડાં રોકાયેલ હતા.

# વેરાવળ-સોમનાથ-જાફરાબાદ-માંગરોળ દરિયા પર ૧ નંબરનું સિગ્નલ

## ગીર-સોમનાથ-વેરાવળમાં શુક્રવારે રાત્રે મીની વાવાઝોડું : ૧૦૦થી વધુ કાચા મકાનોને નુક્સાન થયાના અહેવાલ

### સંભવિત વાવાઝોડાનો ખતરો થોડો ટળ્યો, છતાં દરિયામાં હજુ કરંટ, પવનનું જોર અને હળવાથી ભારે વરસાદની આગાહી

**સમય મિરર | રાજકોટ**

ગુજરાતમાં વરસાદની આગાહી વચ્ચે ગીર સોમનાથમાં ગઈકાલે શુક્રવારે રાત્રે મીની વાવાઝોડાથી વ્યાપક તારાજી સર્જાઈ છે. જિલ્લામાં ૧૦૦થી વધુ કાચા મકાનોને નુકસાન થયું હોવાના સમાચાર છે સાથે જ ૪ જેટલા પાકા મકાનોને નુકસાન થયું છે. મીની વાવાઝોડાને પગલે ૫૦થી વધુ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરાયો છે. છેલ્લી સ્થિતિએ વાવાઝોડાનો ખતરો થોડો ટળ્યો છે. આમ છતાં ગુજરાતમાં તા. ૨૭ સુધી યલ્લો એલર્ટ જાહેર કરાયું છે. તો બીજી બાજુ વેરાવળ, સોમનાથ, જાફરાબાદ બંદર પર એક નંબરનું સિગ્નલ મુકી દેવામાં આવ્યું છે.

ગુજરાતમાં હવામાન નિષ્ણાંત આબાલાલ પટેલે ભારે વરસાદની સાથે ચક્રવાત વાવાઝોડાની આગાહી કરી છે. ત્યારે ગીર સોમનાથ વાવાઝોડાની અસર વધુ જોવા મળશે. ગઈકાલે રાત્રે મીની વાવાઝોડામાં જિલ્લામાં ૧૦૦થી વધુ કાચા મકાનો જ્યારે ૦૪ પાકા મકાનો ને અંશતઃ નુકસાન થયું હતું. ૧૧૬ વીજપોલ, ૧૦થી વધુ ટ્રાન્સફોર્મરને પણ નુકસાન થયું હોવાની માહિતી સામે આવી છે. મીની વાવાઝોડાની અસરના કારણે ૧૫ જેટલા મહાકાય વૃક્ષો ધરાશાહી થયા છે. વાવાઝોડાએ તારાજી સર્જતા સુત્રાપાડાના સરા ગામે એક વ્યક્તિને ઈજા થઈ હતી જ્યારે તાલાલા તાલુકાના પીખોર ગામે એક પશુ મૃત્યુ થયું હતું. ૫૦થી વધુ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો જે ફરી પૂર્વવત કરાયો છે. સાથે જ PGVCLની ૨૪ ટિમો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે.



### વેરાવળ-સોમનાથ દરિયામાં ભારે કંરટ જોવા મળ્યો

ગીર સોમનાથમાં વાવાઝોડોની અસર દેખાવાની શરૂઆત થઈ છે. તેથી વેરાવળમાં દરિયામાં ભારે કંરટ જોવા મળ્યો છે. ગીર સોમનાથમાં ગઈકાલ રાતથી વહેલી સવાર સુધી વરસાદ વરસ્યો હતો સાથે સાથે તંત્રએ માછીમારોને સૂચના આપી છે કે દરિયો ના ખેડવો, તો સૂત્રો તરફથી માહિતી મળી રહી છે કે હજી પણ ૧૦૦ જેટલી બોટ દરિયામાં છે અને તમામ બોટને સુરક્ષિત કાંઠે લાવવા તંત્રની કવાયત છે.

### ૬ જૂન સુધી વરસાદની આગાહી, છાપરાં ઊડી જાય એવો પવનો ફૂંકાશેઃ અંબાલાલ

વાવાઝોડા શક્તિ અંગે અંબાલાલ પટેલે આગાહી કરતાં જણાવ્યું હતું કે હાલમાં વાવાઝોડું નબળું પડ્યું છે. આજથી અરબી સમુદ્રમાં કોંકણ પાસે લો પ્રેશર બનવાની શરૂઆત થશે. ૨૪થી ૨૭ મે સુધી ગુજરાતના અનેક વિસ્તારોમાં આંધી-વંટોળ અને વરસાદ પણ રહેશે. ૨૮ મેથી જૂનની શરૂઆત સુધી ગુજરાતના અનેક વિસ્તારમાં આંધી સાથે વરસાદ પડશે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મધ્ય ગુજરાતમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડશે. કાચાં મકાનોનાં છાપરાં ઊડી જાય એવો પવનો ફૂંકાશે. રાજ્યમાં પવનની ગતિ વધારે રહેશે, જેના કારણે ચોમાસા પાક પર ગંભીર અસર થઈ શકે છે.

### કેરળમાં ચોમાસાનું સત્તાવાર આગમન

દક્ષિણ પશ્ચિમ ચોમાસું હવે આગળ વધ્યું છે, દક્ષિણ અરબ સાગરના બાકી રહેલા ભાગોમાં પશ્ચિમમધ્ય અને પૂર્વમધ્ય અરબ સાગરના કેટલાક ભાગોમાં આખા લક્ષદ્વીપ, કેરળ, અને મહે વિસ્તારમાં, કર્ણાટકના કેટલાક ભાગોમાં, માલદ્વીપ અને કુમોરીન વિસ્તારના બાકી ભાગોમાં, તમિલનાડુના ઘણા વિસ્તારોમાં, પશ્ચિમદક્ષિણ અને પૂર્વમધ્ય બંગાળની ખાડીના બાકી વિસ્તારોમાં, પશ્ચિમ મધ્ય અને ઉત્તર બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં, મિઝોરમના કેટલાક ભાગો સુધી પહોંચી ગયું છે. આ સાથે, દક્ષિણ પશ્ચિમ ચોમાસું આજના રોજ, એટલે કે ૨૪ મે ૨૦૨૫ના રોજ કેરળ પર સત્તાવાર રીતે પ્રવેશી ગયું છે, જે તેનું સામાન્ય આગમન દિવસ ૧ જૂન કરતાં પહેલા છે.

### આગામી ૨-૩ દિવસ માટે ચોમાસાંની આગળ વધવાની શક્યતા

અગામી ૨-૩ દિવસોમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું આગળ વધવાની અનુકૂળ પરિસ્થિતિઓ નોંધાઈ રહી છે. મધ્ય અરબ સાગરના વધુ વિસ્તારોમાં, આખા ગોવા વિસ્તારમાં, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં, કર્ણાટક અને તમિલનાડુના વધુ વિસ્તારોમાં, પશ્ચિમમધ્ય અને ઉત્તર બંગાળની ખાડીના વધુ વિસ્તારોમાં, ઉત્તરપૂર્વ ભારતના વધારાના ભાગોમાં, સબ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાક ભાગોમાં આગળ વધશે.

---

રમતાં-રમતાં ટ્રેક્ટર ચાલુ કરી દેતા બનેલો બનાવ

# ભાણવડના ઢેબર ગામમાં ટ્રેક્ટર સાથે બે બાળકો કૂવામાં ખાબક્યા, એકનું મોત

**સમય મિરર | દ્વારકા**

ભાણવડના ઢેબર ગામમાં વાડીમાં ટ્રેક્ટરમાં રમતા બાળકો ટ્રેક્ટર સાથે કૂવામાં ખાબક્યા હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનમાં ૧૩ વર્ષના એક બાળકનું મોત નિપજ્યું છે. જ્યારે એક બાળકને સામાન્ય ઈજા પહોંચી છે. ૧૩ વર્ષના ઈબ્રાહીમ હિંગોરાના મોતથી ગામમાં શોકમો માહોલ જોવા મળ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડના ઢેબર ગામમાં ખેતરમાં ટ્રેક્ટરમાં બાળકો રમતા હતાં. રમત રમતમાં બાળકોએ ટ્રેક્ટર ચાલુ કરી દીધું હતું. આ ટ્રેક્ટર સીધુ જ કૂવામાં ખાબક્યું હતું. બાળકો પણ ટ્રેક્ટર સાથે કૂવામાં ખાબક્યા હતાં. આ ઘટનામાં ૧૩ વર્ષના ઈબ્રાહીમ હિંગોરા નામના બાળકનું મોત નિપજ્યું હતું. જ્યારે એક બાળકને સામાન્ય ઈજા પહોચી હતી.



ઘટનાની જાણ થતાં જ મામલતદાર સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. ટ્રેક્ટર અને બાળકોને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતાં. મૃતક બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ભાણવડ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો. ૧૩ વર્ષના ઈબ્રાહીમ મામદ જુસબ હિંગોરા નામના બાળકનું મોત થતાં સમગ્ર ગામમાં શોક ફેલાયો હતો.

---

# મોદીના આગમન પૂર્વે બે પાકિસ્તાની જાસુસ પકડાયા, એકને ઠાર મરાયો

## બનાસકાંઠામાં ઠાર મરાયેલા અજાણ્યા પાક. ઘુસણખોર જાસુસની ઓળખ મેળવવા ચાલતી તપાસ, કચ્છમાંથી પકડાયેલો જાસુસ અદિતી ભારદ્વાજ નામની એક પાકિસ્તાની મહિલા એજન્ટના સંપર્કમાં હતો

**સમય મિરર | રાજકોટ**

'ઓપરેશન સિંદૂર' બાદ ભારત-પાકિસ્તાનની તમામ સરહદો પર લોખંડી બંદોબસ્ત અને ચાપતી નજર વચ્ચે ગઇકાલે રાત્રે બનાસકાંઠામાં એક પાકિસ્તાની જાસુસ એવા એક ઘુસણખોરને ઠાર મરાયો હતો. તો કચ્છમાંથી પણ એક પાકિસ્તાની જાસુસ ગુજરાત એટીએસએ પકડી પાડ્યો હતો. સોમવારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતનાપ્રવાસે છે તેઓ કચ્છ પણ જવાના છે. ત્યારે બે દિવસ અગાઉ જ બબ્બે પાકિસ્તાની જાસુસ પકડાતા સુરક્ષા સઘન બનાવાઈ છે.

બનાસકાંઠા પાકિસ્તાન સરહદથી અત્યંત નજીક આવેલુ છે. ઓપરેશન સિંદુર વખતે પણ પાકિસ્તાને બનાસકાંઠામાં ડ્રોન હુમલા કર્યા હતા. યુધ્ધ વિરામ છતા પણ પાકિસ્તાન તેની ના-પાક હરકત છોડતુ નથી. કોઇને કોઇ રીતે ભારતીય ક્ષેત્રમાં ઘુસણખોરી સહિતનો કાંકરીચાળો ચાલુ રાખ્યો છે. જો કે ભારતીય સૈન્યના જવાનો ભારત-પાકિસ્તાનની તમામ સરહદો પણ ચાપતી નજર રાખી રહ્યુ છે. એ દરમિયાન ગઇકાલે રાત્રે બનાસકાંઠામાં એક અજાણ્યો પાકિસ્તાની ઘુસણખોર ભારતીય ક્ષેત્રમાં ઘુસતો હતો. બીએસએફના જવાનોએ તેને રોક્યો હતો અને એ દરમિયાન મુઠભેડમાં બીએસએફ જવાનોએ આ અજાણ્યા પાકિસ્તાની ઘુસણખોરને ઠાર મારી દીધો હતો. તેની ઓળખ અને ક્યા ઈરાદાથી ભારતમાં ઘુસણખોરી કરતો હતો, જાસુસીના ક્યા ના-પાક ઈરાદાથી ભારતની સીમામાં ઘુસ્યો હતો તેની તપાસ ચાલી રહી છે.



ઠાર | પકડાયો

બીજીબાજુ પાકિસ્તાન માટે જાસૂસીના આરોપમાં હરિયાણાની યૂટ્યૂબર જ્યોતિ મલ્હોત્રાની ધરપકડ બાદ દેશભરમાં સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડમાં આવી ગઇ છે. તાજેતરમાં ગુજરાત એટીએસે નડિયાદથી બે શંકાસ્પદ સાયબર ટેરરિસ્ટની ધરપકડ કર્યા બાદ ગુજરાત એટીએસ (ATS) એ કચ્છમાંથી સહદેવસિંહ દીપુભા ગોહિલ નામના એક જાસૂસની ધરપકડ કરી છે. તે કચ્છના દયાપરમાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર તરીકે કરાર (કોન્ટ્રાક્ટ) પર કામ કરતો હતો.

પોલીસને બાતમી મળી હતી કે, આ હેલ્થ વર્કર પાકિસ્તાની એજન્ટને BSF અને ભારતીય નેવીની કેટલીક ગોપનીય માહિતી શેર કરે છે. પોલીસે વોચ ગોઠવી હતી અને તેના માટે એક ટીમ બનાવી હતી. સહદેવસિંહ પર શંકા પાકી થતાં તેને ૧ મેના રોજ પ્રાથમિક તપાસ માટે એટીએસએ બોલાવ્યો હતો.

> **BSF અને નેવીને લગતા ફોટા અન્ય ગોપનીય વિગતો પાક. મહિલા એજન્ટને વોટ્સઅપથી મોકલાતા**

સહદેવસિંહવર્ષ ૨૦૨૩ના જૂન-જુલાઈમાં સહદેવસિંહ અદિતિ ભારદ્વાજ નામની એક યુવતી સાથે વોટ્સએપથી સંપર્કમાં આવ્યો હતો, જે એક પાકિસ્તાની એજન્ટ છે. અદિતિએ સહદેવને કેટલાક ટાસ્ક આપ્યા હતા, જેમાં સહદેવના વિસ્તારમાં ભારતીય નેવી અને BSFની ઈમારતોના ચાલી રહેલા બાંધકામ અને નવા થયેલા બાંધકામના ફોટા અને વીડિયો માગ્યા હતા, જે સહદેવે અદિતિને વોટ્સએપથી મોકલ્યા હતા.

સહદેવે પોતાના આધારકાર્ડથી એક સીમ કાર્ડ લઈ, તે નંબર પર વોટ્સએપ એક્ટિવેટ કરી OTP (વન ટાઈમ પાસવર્ડ) દ્વારા અદિતિને આપ્યું હતું. તે નંબર પર બંને સંપર્કમાં હતા અને સહદેવ બધી માહિતી તે નંબર પર શેર કરતો હતો. સહદેવે ત્રણ-ચાર વીડિયો અને ફોટો શેર કર્યા હતા, કેટલાક ડિલીટ કર્યા છે જેને રિકવર કરવાની કાર્યવાહી ચાલી રહી છે. સહદેવે એકથી દોઢ વર્ષ પહેલાંથી જાસૂસીનું આ કામ શરૂ કર્યું હતું. આ કામ માટે તેને એક વખત ૪૦ હજાર રૂપિયા રોકડા મળ્યા હોવાની પણ માહિતી મળી છે. પ્રાથમિક તપાસમાં અદિતિ સહિતના બે નંબર પાકિસ્તાનમાં ઉપયોગમાં લેવાયા હોવાનો ખુલાસો થયો છે. હાલ એટીએસએ પાકિસ્તાની એજન્ટ અદિતિ અને સહદેવ સામે કેસ દાખલ કર્યો છે.

### મોદી માતાના મઢ, નલિયા એરફોર્સ નહીં જાય

પીએમ મોદીની પોતાના ૨ દિવસના કાર્યક્રમ દરમિયાન કચ્છમાં પણ વિવિધ જગ્યાએ જવાના છે. પહેલાં ૨૬મી તારીખે માતાના મઢ, ભુજ અને નલિયા એરફોર્સની મુલાકાત લેવાના હતા. તથા ૨૭મીએ ભુજના મિરઝાપુર રોડ પર જાહેરસભાને સંબોધિત કરવાના હતા. પરંતુ બાદમાં પીએમનો ઓફિશિયલ કાર્યક્રમ આવ્યો તેમાં પીએમ બપોરે ૨ વાગ્યે ભુજમાં રોડ શો અને જાહેર સભા સંબોધન કરવાના છે. તથા માતાના મઢ જશે નહીં અને માતાના મઢના ૩૩ કરોડના વિકાસ કાર્યોનું ભુજથી જ ઈ-લોકાર્પણ કરશે.

### આરોપીએ ડિલીટ મારેલા વીડિયો પરત મેળવવા પ્રયાસ

વર્ષ ૨૦૨૩ના જૂન-જુલાઈમાં આરોપી પાકિસ્તાની એજન્ટના સંપર્કમાં આવ્યો હતો. તેઓ વોટ્સએપથી કોન્ટેક્ટમાં આવ્યા હતા. પાકિસ્તાની એજન્ટ પાસે આવા સંવેદનશીલ લોકોના કોન્ટેક્ટ લિસ્ટ હોય છે, જેમાં તેઓ સંપર્ક કરે છે, કેટલાક ટ્રેપમાં આવી જાય છે. વાતચીતમાં વોટ્સએપમાં ઈન્ડિયન નંબર વાપરવામાં આવતો હતો. આરોપીએ કેટલાક વીડિયો ડિલીટ મારી દીધા છે, જેને પરત મેળવવા કાર્યવાહી ચાલુ છે.

---

# સિહોરના દેવગાણામાં શહીદ કમાન્ડો મેહુલ સોલંકીની અંતિમયાત્રામાં ગામ હિબકે ચડ્યું

## CRPF જવાનને ગાર્ડ ઓફ ઓનર અપાયું : પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ





**સમય મિરર | ભાવનગર**

ભાવનગરના સિહોર તાલુકાના સિરપફ બ્લેક કોબ્રા કમાન્ડોના જવાન મેહુલકુમાર સોલંકી છત્તીસગઢમાં નક્સલવાદી હુમલામાં શહીદ થયા હતા. ત્યારે તેમના પાર્થિવદેહને અમદાવાદથી ભાવનગર સર ટી હોસ્પિટલ લઈ જવાયો હતો. દરમિયાન અમદાવાદથી વતનની જતાં ઠેરઠેર તેમના પાર્થિવદેહને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. વાનની સાથે બાઈક રેલી નીકળી હતી. ત્યારબાદ આજે તેમના વતન એવા દેવગાણા ગામમાં અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. દરમિયાન ગાર્ડ ઓફ ઓનર આપીને અંતિમ વિદાય અપાઈ હતી.

નક્સલવાદી હુમલામાં શહીદ સિરપફ બ્લેક કોબ્રા કમાન્ડોના જવાન મેહુલકુમાર સોલંકીનો પાર્થિવ દેહને તેમના વતનમાં લાવવામાં આવ્યો હતો. દેવગાણા ગામમાં તેમની અંતિમવિધી કરવામાં આવી હતી. મેહુલકુમાર સોલંકીના પાર્થિવ દેહને ઠેરઠેર શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ગામ હિબકે ચડ્યું હતું.

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના દેવગાણા ગામના વતની મેહુલકુમાર નંદલાલભાઈ સોલંકી દેશની સેવામાં શહીદ થયા છે. ગઈકાલે (૨૩ મે ૨૦૨૫) બપોરે અમદાવાદ એરપોર્ટ પર તેમનો પાર્થિવ દેહ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ એમ્બ્યુલન્સ મારફતે રાત્રે ભાવનગર સર ટી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. આજે (૨૪ મે ૨૦૨૫) સવારે પાર્થિવ દેહને રથમાં તેમના વતન દેવગાણા ખાતે લઈ જવામાં આવ્યો હતો. રસ્તામાં લોકોએ ઠેરઠેર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

### કલેક્ટર, નેતાઓ સહિત લોકો જોડાયા

આજે શહીદ જવાનને અંતિમ વિદાય આપવામાં આવી હતી. તેમના પાર્થિવ દેહને વતનમાં લાવવામાં આવ્યો હતો. જ્યા ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ તકે સમગ્ર ગામ હિબકે ચડ્યું હતું. કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા, જિલ્લા કલેક્ટર ડો.મનીષ બંસલ, CRPFના જવાનો, ભાવનગરના SP, ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિત રાજકીય- સામાજિક આગેવાનોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અપર્ણ કરી હતી.

---

શિક્ષણનું ધામ ગણાતા વલ્લભીપુરમાં બનેલો ચકચારી બનાવ

# પિતરાઈ ભાઈની હવસના શિકારથી ગર્ભવતી બનેલી બહેનનો ઝેરી દવા ગટગટાવી આપઘાત

## મારી નાંખવાની ધમકી આપી વારંવાર શિયળ લૂંટ્યું : ફરાર આરોપી ન ઝડપાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવા ઈન્કાર

**સમય મિરર | ભાવનગર**

વર્તમાન સમયમાં સબંધોની ગરીમા હણાઈ રહી છે. દિકરો પિતા-માતાને માર મારે છે પિતા દિકરી અને ભાઈ બહેન પર ખરાબ દ્રષ્ટિ નાખી રહ્યા છે અને તેનું શિયળ લૂંટી રહ્યા હોવાના કિસ્સા છાશવારે સમાજમાં બની રહ્યા છે. આવો જ બનાવ ભાવનગર, જિલ્લાના વલ્લભીપુર તાલુકો જે શિક્ષણધામ તરીકે ઓળખાય છે. જ્યારે સામાજીક મુલ્યોનું ઘડતર થાય છે ત્યાં જ ભાઈ-બહેનના સબંધને શર્મશાર કરતો કિસ્સો બન્યો છે. જેમાં પિતરાઈ ભાઈએ બહેન પર દુષ્કર્મ આચરતા યુવતિએ દવા પી લેતા મોત થયું છે.

ગુજરાતમાં દુષ્કર્મ અને છેડતીના બનાવો ખૂબ જ વધી રહ્યા છે. હવે મહિલાઓ ક્યાંય સુરક્ષિત રહી નથી. વિકૃત માનસિકતા ધરાવતા લોકો મહિલાઓને પોતાની હવસનો શિકાર બનાવવાથી ચૂંકતા નથી. કેટલીક ઘટનામાં સાવકા પિતા દ્વારા પણ પુત્રીનું શોષણ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. ત્યારે




આવો જ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભાવનગરના વલ્લભીપુર તાલુકા પંથકની ૨૨ વર્ષની યુવતી પર પિતરાઈ ભાઈએ દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું હતું. જેથી યુવતિએ ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત થયું હતું.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ વલ્લભીપુર તાલુકામાં આરોપી પિતરાઈ ભાઈએ તેની બહેન પર દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સામે આવી હતી. યુવતીને મારી નાખવાની ધમકી આપીને આરોપી પિતરાઈ ભાઈ વારંવાર દુષ્કર્મ ગુજારતો હતો. આ બાબતે યુવતીએ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.જે દરમિયાન યુવતીની તબિયત લથડતા તેને ૫ દિવસ પહેલા ભાવનગર સર ટી હોસ્પિટલ ખસેડાઇ હતી.જ્યાં ઝેરી દવા પી લેતા તેની હાલત નાજુક હતી. તેમજ ભોગ બનનાર ૨૨ વર્ષની યુવતીને ૭ માસની ગર્ભવતી હોવાનું તબીબોએ જણાવ્યું હતું.

યુવતીના મોતને પગલે યુવતીના ભાઈએ વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં આરોપી પિતરાઈ ભાઈ વિરુદ્ધ પલીસ ફરિયાદ નોંધાવી હતી. જે દરમિયાન આરોપી ભાવેશ ત્રિકમભાઈ ચૌહાણ ઉર્ફે ભગો ફરાર થઈ ગયો છે. તેમજ પોલીસે ફરિયાદ દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. યુવતીનું મોત થતા પરિવારે આરોપી ન પકડાય ત્યાં સુધી લાશ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. સમગ્ર ઘટનાની ગંભીરતાને લઈને પોલીસે આરોપીની શોધખોળ હાથ ધરી છે. તેમજ તેને કડકમાં કડક સજા થાય તેવી યુવતીના પરિવારજનોએ પોલીસ સમક્ષ માંગણી કરી છે.